Thursday 01, October 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૨૩ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

### મનપાની સામાન્ય સભા યોજાઈ : વિકાસલક્ષી અનેક મહત્વપૂર્ણ નિર્ણયો લેવાયા

## વાપીના તમામ વોર્ડમાં નવા શાકભાજી માર્કેટ બનાવાશે



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૩૦ :** વાપી મહાનગરપાલિકાની સામાન્ય સભા આજે તા. ૩૦ સપ્ટેમ્બર, બુધવારના રોજ સવારે ૧૧:૩૦ કલાકે મેયર દક્ષાબેન પટેલના અધ્યક્ષસ્થાને મોરારજી દેસાઈ ભવનના સભાખંડ ખાતે યોજાઈ હતી. સામાન્ય સભામાં ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન સતિષભાઈ પટેલ, વિવિધ સમિતિઓના ચેરમેન, ચૂંટાયેલા કાઉન્સિલરો, વિરોધ પક્ષના નેતા પીરમહંમદ મકરાણી, મ્યુનિસિપલ કમિશનર એન.એફ. ચૌધરી, નાયબ મ્યુનિસિપલ કમિશનરો કિરણસિંહ રાણા અને વિશાલ પટેલ તેમજ વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સભા દરમિયાન વાપી શહેરના વિકાસ અને નાગરિકોને વધુ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાના હેતુથી અનેક મહત્વપૂર્ણ દરખાસ્તો અંગે ચર્ચા કરી નિર્ણયો લેવામાં આવ્યા હતા. જેમાં મનપાના દરેક વોર્ડમાં મુખ્યમંત્રી મોર્ડન સ્ટ્રીટ વેન્ડિંગ માર્કેટ યોજના હેઠળની દરખાસ્તને મંજૂરી આપવામાં આવી હતી. જેનો પાયલોટ પ્રોજેક્ટ સુલપદ થી શરૂ કરવામાં આવશે.

આ ઉપરાંત વિવિધ વિકાસકાર્યો માટે જરૂરી ખર્ચ કરવા તેમજ કરાર કરવાની સત્તાને મંજૂરી, વાપી ROB/RUB પ્રોજેક્ટ માટે જમીન સંપાદન અંગેનો નિર્ણય, તેમજ વાપી શહેરી બસ સેવા માટે SPVના રિવાઈઝ્ડ બોર્ડ ઓફ ડિરેક્ટર્સ અને શેર કેપિટલને બહાલી આપવામાં આવી હતી. સાથે જ શહેરની સફાઈ વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા માટે સફાઈ કામદારોની લાંબા ગાળાની નિમણૂકને પણ બહાલી આપવામાં આવી હતી. સભામાં લેવાયેલા આ નિર્ણયો શહેરના સુવ્યવસ્થિત વિકાસ, ટ્રાફિક અને પરિવહન વ્યવસ્થા, સ્વચ્છતા તેમજ નાગરિકલક્ષી સુવિધાઓના વિસ્તરણની દિશામાં મહત્વપૂર્ણ માનવામાં જ આવી રહ્યા છે. આગામી સમયમાં આ વિકાસકાર્યોના અમલીકરણથી વાપી શહેરના માળખાકીય વિકાસને વધુ વેગ મળવાની શક્યતા છે.

### અકસ્માત કે હત્યા ? તે અંગે રહસ્ય

## ચલાના પ્રમુખ સહજ બંગલોમાં ગળું કપાયેલી હાલતમાં મિસ્ત્રીની લાશ મળી

### ફર્નિચરનું કામ કરતા ૩૨ વર્ષીય ઈસમનું મોત કટર મશીનથી થયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૩૦ :** વાપીના ચલા મુક્તાનંદ માર્ગ પર આવેલા પ્રમુખ સહજના એક બંગલોમાં ફર્નિચરનું કામ કરતો યુવક આજે સવારે ગળું કપાયેલી હાલતમાં મૃત મળી આવતા ચકચાર મચી ગઈ છે.મળતી માહિતી મુજબ આકાશ ખીલવન નિષાદ (ઉં. ૩૨, રહે. ગીતાનગર, વાપી) બંગલોમાં ફર્નિચરનું કામ કરતો હતો. આજે સવારે ૯ વાગ્યે તે ગળું કપાયેલી હાલતમાં મૃત અવસ્થામાં મળ્યો હતો. ઘટના રાત્રિના ૧:૩૦ થી સવારે ૯ વાગ્યા સુધીમાં બની હોવાનું પોલીસનું અનુમાન છે.

પ્રાથમિક તપાસમાં તેનું મોત ફર્નિચર કટર મશીનથી થયાનું બહાર આવ્યું છે. જોકે અકસ્માતે મશીન છટકતા તેનું ગળું કપાયું કે કોઈએ તેનું ગળું કાપી હત્યા કરી તે અંગે હાલ રહસ્ય સર્જાયું છે. ઘટનાની જાણ થતા વાપી ટાઉન પોલીસ ઘટનાસ્થળે દોડી જઈ વધુ તપાસ હાથ ધરી છે.

## વાપીના રહેણાંકમાં વેપારી પ્રવૃત્તિઓ!

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૩૦ :** વાપી પંથકમાં રહેણાંક સોસાયટીઓ અને કોલોનીઓમાં મકાનોનો કોમર્શિયલ ઉપયોગ બેફામ વધ્યો છે. રહેણાંક હેતુ માટે મંજૂરી લઈ બાંધેલા મકાનોમાં દુકાનો, ગોડાઉન, ઓફિસો, ક્લિનિક, ટ્યુશન ક્લાસીસ અને નાના કારખાના ધમધમી રહ્યા છે. જેના કારણે પાર્કિંગની સમસ્યા, ટ્રાફિક જામ, ઘોંઘાટ અને ગંદકીથી કાયદેસરના રહીશો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

નિયમ મુજબ રહેણાંક મિલકતમાં વેપારી પ્રવૃત્તિ કરવા માટે હેતુ ફેરની પરવાનગી ફરજિયાત છે, પરંતુ મોટાભાગના કિસ્સામાં કોઈ મંજૂરી લેવામાં આવતી નથી. ફરિયાદો છતાં સ્થાનિક તંત્ર દ્વારા પસંદગીના ધોરણે કાર્યવાહી થતી હોવાનો આક્ષેપ પણ થઈ રહ્યો છે. ત્યારે સુપ્રીમ કોર્ટના તાજેતરના આદેશ બાદ વાપી મહાનગરપાલિકાએ સર્વે કરી ગેરકાયદે વપરાશ કરતી મિલકતોને સીલ કરવાની કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવી જોઈએ, તેવી પ્રબળ માંગ ઉઠી છે.

## ખેરગામ રેફરલ હોસ્પિટલમાં દર્દીઓ ઉભરાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ખેરગામ, તા. ૩૦ :** માંડ ચોમાસું પુરુ થયું અને સપ્ટેમ્બર માસના અંતમાં ભાદરવાના આકરા સખત તાપમાં ગ્રામજનો, ધરતી પુત્રો વિ.માં માંદગીનો વાવર ચાલી રહ્યો છે.

નવસારીના ખેરગામ ખાતે આવેલ રેફરલ હોસ્પિટલ ખાતે ઓગસ્ટ મહિનામાં ૧૫૦૦થી વધુ દર્દીઓ સારવાર માટે આવ્યા હતા જયારે સપ્ટેમ્બર શરુથતાથી સાથે જ ગત માસ કરતાં પણ વધુ આંક થવા સંભાવના છે.

ડેન્ગ્યુ ખાસ દેખાયો નથી પરંતુ ટાઈફોઈડના દર્દી વધારે થઈ રહ્યા છે. જેઓની સારવાર માટે રેફરલના તબીબો તૈયાર છે.

## પારડીસાંઢપોરની પ્રા. શાળામાં શિક્ષિકાએ ડઝનબંધ વિદ્યાર્થીઓને ફટકારતાં ચકચાર મચી





**● બેથી ત્રણ વિદ્યાર્થીઓની તબિયત લથડતાં તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવાની ફરજ પડી ● સરપંચ સહિત ગ્રામજનો શાળાએ દોડી આવ્યા : સરપંચે ઘટનાને નિંદનીય ગણાવી ● વાલીઓનો ભારે હોબાળો મચતાં શિક્ષિકાને પોલીસ મથકે લઈ જઈ પૂછપરછ કરાઈ ●ભોગ બનેલા વિદ્યાર્થીઓને શિક્ષણ વિભાગની કચેરી ખાતે લઈ જઈ તેમના નિવેદનો નોંધવાની તજવીજ**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૩૦ :** વલસાડના કૈલાશ રોડ પર આવેલી પારડીસાંઢપોર પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓ સાથે અમાનવીય કહેવાય તેવા વર્તનનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે.

શાળામાં ફરજ બજાવતી ભારતી નામની શિક્ષિકાએ ૧૫થી વધુ માસૂમ બાળકોને ઢોર માર મારતાં શિક્ષણ જગતમાં ખળભળાટ મચી ગયો છે. મારપીટ એટલી ગંભીર હતી કે બેથી ત્રણ વિદ્યાર્થીઓની તબિયત લથડતાં તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવાની ફરજ પડી હતી.

ઘટનાની જાણ વાયુવેગે ફેલાતાં વાલીઓ, સ્થાનિક સરપંચ અને ગ્રામજનો શાળા પરિસરમાં દોડી આવ્યા હતા અને ભારે સૂત્રોચ્ચાર સાથે વિરોધ નોંધાવ્યો હતો.

સ્થિતિ વણસતાં વાલીઓએ પોલીસને જાણ કરી હતી, જેના પગલે પોલીસનો કાફલો તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. રોષે ભરાયેલા વાલીઓના હોબાળા વચ્ચે પોલીસે પરિસ્થિતિ પર કાબૂ મેળવી આરોપી શિક્ષિકાને પોલીસ મથકે લઈ જઈ વધુ પૂછપરછ હાથ ધરી છે.

બીજી તરફ સમગ્ર મામલે શિક્ષણ વિભાગ પણ દોડતું થયું છે. શિક્ષણ વિભાગના અધિકારીઓ શાળાએ પહોંચ્યા હતા અને અન્ય ભોગ બનેલા વિદ્યાર્થીઓને શિક્ષણ વિભાગની કચેરી ખાતે લઈ જઈ તેમના નિવેદનો નોંધવાની તજવીજ શરૂ કરી છે.

નિર્ભયસિંઘ નામના વાલીએ જણાવ્યું કે અમારા બાળકો ભણવા જાય છે કે માર ખાવા? ૧૫ જેટલા બાળકોને કોઈ કારણ વગર નિર્દયતાથી મારવામાં આવ્યા છે. મારા બાળક સહિત બે-ત્રણ બાળકોને હોસ્પિટલ દાખલ કરવા પડ્યા છે.

આવી શિક્ષિકા સામે કડકમાં કડક કાનૂની કાર્યવાહી થવી જ જોઈએ. જયારે બીજા વાલી સીમા શર્મા એ જણાવ્યું કે શાળામાં બાળકો સુરક્ષિત નથી રહી શકતા તો અમે ક્યાં જઈએ.

શિક્ષિકાએ હદ વટાવી દીધી છે. બાળકો અત્યારે ખૂબ જ ડરેલા છે. અમે જ્યાં સુધી આ શિક્ષિકા વિરુદ્ધ કડક પગલાં નહીં લેવાય ત્યાં સુધી ચૂપ નહીં બેસીએ.

પારડી સાંઢપોર ગ્રામ પંચાયતના સરપંચ ધર્મેશ ઉર્ફે ભોલાભાઈ પટેલે જણાવ્યું કે ગામની પ્રાથમિક શાળામાં બનેલી આ ઘટના અત્યંત નિંદનીય અને શરમજનક છે.કોઈ પણ સંજોગોમાં બાળકો પર આવી ક્રૂરતા સાંખી ન શકાય. શિક્ષણ વિભાગ અને પોલીસ પ્રશાસનને આ મામલે તુરંત તપાસ કરી શિક્ષિકા સામે દાખલારૂપ પગલાં લેવા માંગ કરી છે.

## રૂમલામાં દિપડો પાંજરે પુરાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા. ૩૦ :** ચીખલી તાલુકાના રૂમલા ગામે છેલ્લા કેટલાક દિવસોથી લોકોને પરેશાન કરતો દિપડાને વન વિભાગે પકડવાની તજવીજ હાથ ધરતા રૂમલા ગામના ચીર પાડા ફળીયા ખાતે રહેતા નિલેશભાઈ ગમનભાઈ દેશમુખની વાડીમાં મૂકવામાં આવેલ પાંજરામાં એક કદાવર દીપડો આશરે ૩ વર્ષનો પાંજરે પુરાતા આ વિસ્તારના રહીશોએ રાહતનો દમ લીધો છે ચીખલી વન વિભાગે દીપડાનો કબજો મેળવી જેને વેઈટરનરી ડોક્ટર પાસે તપાસ કરાવી ફરીથી વાંસદા નેશનલ પાર્ક જંગલમાં છોડવાની તજવીજ હાથ ધરી છે.









# ખેરગામની દિકરી ૧૦ વર્ષથી દરરોજ અઢી કીલો ખીચડી બનાવી શ્વાનોને પીરસે છે




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ખેરગામ, તા.૩૦ :** ખેરગામ બાવરી ફળિયામાં પ્રકાશભાઈ પટેલ રેતીવાળાના ધર્મપત્ની સરિતાબેન એમના આંગણામાં ૩૦થી વધુ રખડતા કુતરાઓને રોજના સાંજે પાંચની આસપાસ અઢી કિલોની ખીચડી બનાવીને ભરપેટ ખવડાવે છે, આ ક્રમ છેલ્લા દસેક વર્ષથી અવિરત ચાલી રહ્યો છે. એમણે પોતાનો એક પણ શ્વાન પાળ્યો નથી પણ આજુબાજુના બે કિમીમાંથી સાંજના સમય થતાં અનેક કુતરાઓ ભેગા થઈ જાય છે. જે કોઈને -હડ- પણ કહેવું પડતું નથી એટલા શાંતિથી ભેગા થાય, સરિતાબેન થાળીઓ મૂકે એટલે ત્યાં પહોંચી જાય અને ખીચડી ગરમાગરમ તપેલામાંથી તેઓ પીરસે એટલે શાંતિથી આરોગવા મંડી પડે- તકરાર - ભસવા વિના! ધરાઈ જતા આજુબાજુના રેતીના ઢગલા પર જઈને આરામ પણ ફરમાવે. દસેક વર્ષ પહેલા પ્રકાશભાઈ પોતાનુ મકાન બનાવતી વખતે સરિતાબેન પાસે એક ત્રણ બચ્ચા વાળી કૂતરી આવતી અને તેનુ મોત થતા ત્રણેય બચ્ચાને ઉછેર્યા હતા જેમાંથી ત્રણેયને બચ્ચા થતાં મોટો કબીલો થયો જેમાંની પ્રથમ કૂતરી થોડા સમય પહેલા જ દસ વર્ષ જીવીને મૃત્યુ પામી. સરિતાબેન સ્વાન પ્રેમી બનીને સેવા ભાવે ખવડાવે છે જેની સામે પણ ઘણા બધાને વાંધા વચકા થાય છે અને કોઈક વાર દવા મૂકી તે ખાવાથી આઠ-દસ કુતરા મરી જાય છે તો તેને ખાડો ખોદી દફનાવવાની વિધિ પણ કરવી પડે છે. ગઈકાલે રેબિઝડે નિમિત્તે તબીબ સાથે વારંવાર મુલાકાત કરવી પડતી હોય ટેમ્પામાં ભરીને દસેક શ્વાનનુ રસીકરણ કરાવ્યું. જો શ્વાનની તબિયત ખરાબ જણાય તો તેની સારવાર કરવા લઈ જાય છે. ખેરગામ ખાતે પશુ દવાખાનું શરૂ થયું તે પૂર્વે ધરમપુર પ્રકૃતિ હોસ્પિટલ સુધી રખડતા કુતરાઓને સારવાર-રસીકરણ માટે અંગત ખર્ચ કરી લઈ જવું પડતું હતું.

સરિતા પ્રકાશ દંપતીને કુદરતે ત્રણ દીકરી જ આપી છે. જેમાં પ્રથમ વિભૂતિ હરિદ્વાર પાસે પંજાબ નેશનલ બેંકમાં કોઈપણ વિક્ષેપ વગર ઉચ્ચ અભ્યાસ પૂર્ણ થતા જ નોકરી કરી રહી છે, વચલી દિશા શ્રવણ બોલચાલ વંચિત છે જ્યારે ત્રીજી વૃત્તિ ૧૨માં ધોરણમાં ભણી રહી છે જે માટે દંપતી પ્રભુનો - પશુસેવાનો પાડ માને છે. ઘર બંધ કરીને કશે પણ જવાનું થાય તો સાંજના ભોજન માટે કોઈકને સોંપીને જાય છે, પણ પશુને ખવડાવવાનું ચૂકતા નથી.

## શ્રી માહ્યાવંશી શિક્ષણ પ્રચારક સંઘના રજત જયંતિ વર્ષ નિમિત્તે

# ચીખલીમાં અભિવાદન સમારોહ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા. ૩૦ :** શ્રી માહ્યાવંશી શિક્ષણ પ્રચારક સંઘ ચીખલી શાખાનો તેજસ્વી વિદ્યાર્થી સન્માન, આર્થિક સહાય તેમજ રજત જયંતિ વર્ષ નિમિત્તે વ્યક્તિ વિશેષ અભિવાદન સમારોહ સમારંભના અધ્યક્ષ હેમંતકુમાર રાઠોડ (જનરલ મેનેજર, સબમરીન ડિઝાઈન મુંબઈ)ના વરદ હસ્તે તારીખ ૨૦ સપ્ટેમ્બર ૨૦૨૬ ને રવિવારે કોળી પટેલ સમાજ વાડી ચીખલી ખાતે યોજાયો. જેમાં મુખ્ય મહેમાન કેપ્ટન પાર્થ કુમાર કિશોરભાઈ વર્મા (મધ્યપ્રદેશ ગામ વાઘરેચ), અને અતિથિ વિશેષ બિનલ પટેલ (આસિસ્ટન્ટ એન્જિનિયર, માર્ગ અને મકાન વિભાગ ગુજરાત રાજ્ય) એવોર્ડ વિનર ઉપશિક્ષિકા ડો. ફાલ્ગુની આર રાઠોડ (કુકેરી), શૈલેષભાઈ ઉકાભાઈ પટેલ સામાજિક આગેવાન ચીખલી, તેમજ સમારંભના મુખ્ય વક્તા તરીકે કૌશિકભાઈ ઝિકોદરા સુરત, આમંત્રિત મહેમાન શ્રી આબિદ એમ ભાગમેરવાલા (નેશનલ ટાયર સર્વિસ નવસારી), કેન્દ્રિય કારોબારી સભ્ય ઉમેશભાઈ આર. પટેલ - બોરિવલી, અર્જુનભાઈ રાઠોડ મજીગામ, ડૉ. મનોહરભાઈ મજીગામકર - મજીગામ તેમજ રજત જયંતિ વર્ષ નિમિત્તે શાખાના સ્થાપક સભ્ય તેમજ માજી પ્રમુખ આદરણિય ફકિરભાઈ પ્રેમાભાઈ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતાં.

કાર્યક્રમની શરૂઆતમાં સમાજની દીકરી ટિંકલ પી. મજીગામકર દ્વારા પ્રાર્થનાની રજૂઆત કરવામાં આવી ત્યારબાદ ધો.૬માં અભ્યાસ કરતી સમાજની દીકરી મેહા મુકેશભાઈ બારોટ- સોલધરા દ્વારા સ્વાગત ગીત રજૂ કરવામાં આવ્યું અને શાખા પ્રમુખ મહેંદ્રભાઈ મજિગામકર દ્વારા આમંત્રિત તમામ મહેમાનોનું સાલ - પુષ્પગુચ્છ - અને મોમેન્ટો અર્પણ કરી સ્વાગત કરી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. શાખા પ્રમુખ મહેન્દ્રભાઈ મજીગામકરે એમના સ્વાગત તેમજ શાખા પરિચય આપ્યો હતો. અંતે આર્થિક સહાય વિતરણ કાર્યક્રમમાં ૧૪૦ વિદ્યાર્થીઓને રૂા.૧,૮૪,૦૦૦ જેટલી આર્થિક સહાય કરવામાં આવી હતી અને ધોરણ સાતથી નવની અંદર ૭૦ ટકાથી વધુ માર્ક્સ મેળવનાર ૨૦ જેટલા બાળકોને ૧૦૦૦૦/-ની મેરીટ સ્કોલરશીપ આપવામાં આવી હતી. આ ઉપરાંત શાખા દ્વારા કન્યા કેળવણી પ્રોજેક્ટ હેઠળ તાલુકાની ૧૦ જેટલી કન્યાઓને રૂપિયા ૩૭૫૦૦/ - જેટલી રકમ થકી અભ્યાસ માટે જરૂરી તમામ પ્રકારની મૂળભૂત જરૂરિયાતો પૂરી પાડવામાં આવી હતી.

કાર્યક્રમને અંતે મુંબઈ કેન્દ્રના માજી પ્રમુખ નરેન્દ્રભાઈ રાઠોડ દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતા તમામ વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. કેન્દ્ર મુંબઈથી કારોબારી સભ્ય ભારતીબેન, કારોબારી સભ્ય રણજીતભાઈ પટેલ, બોરિવલી શાખા પ્રમુખ અરુણભાઈ પટેલ, કારોબારી સભ્ય ગિરીશભાઈ વાંઝવાલા, ચિરાગભાઈ પટેલ, નવસારી શાખા પ્રમુખ તેમજ કેન્દ્રના ટ્રસ્ટી નગીનભાઈ રાઠોડ તેમજ દિવ્યેશભાઈ એફ રાઠોડ, ઝંખનાબેન ડી. રાઠોડ, રાકેશભાઈ એચ રાઠોડ - કુકેરી, કિશોરભાઈ તેમજ કલ્પનાબેન વર્મા - બીલીમોરા ઉપસ્થિત રહી અમારો તેમજ વિદ્યાર્થીઓના ઉત્સાહ-ઉમંગમાં વાધાર્યો કર્યો હતો.માજી ઉપ પ્રમુખ સુરેશભાઈ રાઠોડ, શાખા સ્થાપક માજી ખજાનચી પ્રો. દિનેશભાઈ રાઠોડ તેમજ કાયમી દાતા વિનોદભાઈ એલ રાઠોડ પ્રસાદકપોર હાજર રહી પ્રોત્સાહિત કર્યા હતા. અંતે શાખાના ઉપ પ્રમુખ મહેશભાઈ પી. બારોટ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન મંત્રી અજયકુમાર એફ રાઠોડ દ્વારા કરવામાં આવ્યું હતું.

# બીલીમોરામાં એનસીસી કેડેટ્સના શ્રમદાનથી ૨ ટ્રેક્ટર કચરો સાફ કરાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૩૦ :** 'સ્વચ્છતા હી સેવા-૨૦૨૬' અભિયાન અંતર્ગત સોમવારે બીલીમોરા શહેરમાં હરિયાળી ગ્રુપ ટ્રસ્ટ અને જય જલારામ માનવ સેવા ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે ભવ્ય સફાઈ યજ્ઞ યોજાયો હતો. વહેલી સવારથી જ હાથમાં સાવરણા, પાવડા અને તગારા સાથે મેદાને ઉતરેલા સ્વયંસેવકોએ રેલવે સ્ટેશનના મુખ્ય પ્રવેશદ્વારથી શરૂ કરીને સ્વામિનારાયણ મંદિર રોડ, PHC સેન્ટર રોડ, જલારામ મંદિર પરિસર તેમજ ઐતિહાસિક તળાવની ફરતેના સમગ્ર પંથકને પ્લાસ્ટિક અને સૂકા કચરાથી મુક્ત કર્યો હતો.

સઘન અભિયાનના અંતે આશરે બે ટ્રેક્ટર જેટલો ઘન કચરો એકત્ર કરી તેનો સલામત નિકાલ કરાયો હતો. આ મહાઅભિયાનમાં હરિયાળી ગ્રુપના પ્રમુખ દીપેશભાઈ, જય જલારામ માનવ સેવા ટ્રસ્ટના પ્રમુખ મગનભાઈ પટેલ, બીલીમોરા નગરપાલિકા પ્રમુખ મનીષ પટેલ, કારોબારી ચેરમેન પ્રજ્ઞેશ પટેલ, શહેર ભાજપ પ્રમુખ નીરવ ટેલર,અરવિંદ પટેલ, ડૉ. નીલ દેસાઈ, મુકેશભાઈ તેમજ મેજર ભાવેશ દેવતા સહિતના મહાનુભાવોએ જાતે શ્રમદાન કરી પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

ખાસ કરીને વી.એસ. પટેલ કોલેજના ૫૦થી વધુ ઉત્સાહી NCC કેડેટ્સે જોડાયા હતા. સ્વચ્છતા માત્ર તંત્રનું કામ નથી પણ પ્રત્યેક નાગરિકની સંયુક્ત જવાબદારી છે તેવો સચોટ સંદેશ આપતી આ પહેલથી સમગ્ર શહેરમાં સેવાની સુવાસ પ્રસરી ગઈ હતી.

# ખૂંધ ચિલ્ડ્રન હોમમાં સમુહ ભોજન અને શૈક્ષકિટ કીટ, રમતો યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા. ૩૦ :** રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, નિયામકશ્રી સમાજ સુરક્ષા - ભાગના માર્ગદર્શન હેઠળ રાજ્યભરમાં ચાલી રહેલી 'સેવા મેરા યોગદાન' ઝુંબેશ અંતર્ગત આજરોજ ચિલ્ડ્રન હોમ બોયઝ, અને સ્પેશીયલ એડોપ્શન એજન્સી, ખૂંધ, ચીખલી ખાતે વિશેષ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય સંસ્થામાં આશ્રય મેળવી રહેલા બાળકો સાથે સામાજિક આત્મીયતા કેળવી, સેવાભાવથી જોડાઈને તેમની જરૂરિયાતોમાં સહભાગી થવાનો હતો.

સંસ્થાના તમામ બાળકો સાથે સ્વાદિષ્ટ, સ્વચ્છ અને પૌષ્ટિક સમૂહ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ સચિવ, નાયબ પોલીસ અધિક્ષક (DySP) - નવસારી પોલીસ વિભાગ, તાલુકા પંચાયત, નવસારી જિલ્લા પંચાયત અધ્યક્ષ કારોબારી સમિતિ, ચીખલી પ્રમુખ, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી હેમલતા જી. ગંજી, સભ્ય જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ, બાળ કલ્યાણ સમિતિના સભ્ય, સરપંચ, મહામંત્રી, સભ્ય - ચીખલી તાલુકા પંચાયત, ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી તથા તેમજ જિલ્લા બાળ સુરક્ષા અધિકારી અને જિલ્લા વહીવટી તંત્રના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ખેરગામની આંગણવાડીઓમાં 'આંગણ ઉત્સવ' ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ખેરગામ, તા.૩૦ :** ખેરગામના કુંભારવાડ તથા ખાખરીફળીયાની આન્ગણવાડીમાં મંગળવાર ૨૯મીએ આંગણવાડીના બાળકો વાલીઓને ખેરગામના કુંભારવાડ તથા ખાખરીફળીયાની આંગણવાડીમાં મંગળવાર ૨૯મીએ આંગણવાડીના બાળકો વાલીઓને આન્ગણ ઉત્સવમા સહભાગી બનાવી સુપોષિત બાળપણ ઉજવળ ભવિષ્ય હેઠળ પોષણ વિશેની સમજણ ભાજપ માજી પં. ઉપપ્રમુખ લીના અમદાવાદીએ આપી હતી રાષ્ટ્રીય પોષણ માંહ અંતર્ગત આન્ગણ ઉત્સવમા સહભાગી બનાવી સુપોષિત બાળપણ ઉજવળ ભવિષ્ય હેઠળ પોષણ વિશેની સમજણ ભાજપ જિલ્લા મહિલા મોરચા ઉપપ્રમુખ લીના અમદાવાદી એ આપી હતી.

# આંતલિયામાં રંગોળી સ્પર્ધા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૩૦ :** વિકસિત ભારત-૨૦૪૭ના સંકલ્પને ઉજાગર કરવાના ઉદેશ સાથે વુડ પેપર્સ પ્રાથમિક શાળા, આંતલિયાના પ્રાર્થના હોલ ખાતે મંગળવારે ભવ્ય રંગોળી સ્પર્ધાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

સ્પર્ધામાં પ્રાથમિક શાળા, હાઈસ્કૂલ, કોલેજ અને આઈ.ટી.આઈ.ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક અનાજ, કઠોળ, ફૂલ અને કુદરતી રંગોથી રાષ્ટપ્રેમ તથા વિકાસના વિવિધ વિષયોને આવરી લેતી અદભુત મનમોહક રંગોળીઓ બનાવી હતી. ત્રણ વિભાગમાં યોજાયેલી આ સ્પર્ધામાં વિભાગ-૧ (પ્રાથમિક)માં દેવસર-૧ પ્રાથમિક શાળા પ્રથમ, ધકવાડા પ્રા. શાળા દ્વિતીય અને ઉડાચ લુહાર ફળિયા શાળા તૃતીય ક્રમે રહી હતી. વિભાગ-૨ (માધ્યમિક)માં અસ્પી કન્યા વિદ્યાલય પ્રથમ, ટાટા હાઈસ્કૂલ બીલીમોરા દ્વિતીય અને એન.સી.એમ કન્યા વિદ્યાલય તૃતીય સ્થાને રહી હતી,જ્યારે વિભાગ-૩ એવી પટેલ કોમર્સ કોલેજ બીલીમોરાએ પ્રથમ સ્થાન તથા આઈ.ટી.આઈ. બીલીમોરાએ દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરી ઉત્કૃષ્ટ કલા-પ્રતિભાનું પ્રદર્શન કર્યું હતું. આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ પુષ્પાબેન, ઉપપ્રમુખ, કારોબારી સભ્ય,સરપંચ સુમિત્રાબેન પટેલ, ઉપસરપંચ જયેશ પટેલ, બીલીમોરા નગરપાલિકા પ્રમુખ મનિષ પટેલ, જિલ્લા ભાજપ મહિલા મંડળ પ્રમુખ સુમિત્રા પટેલ અને મહાનુભાવો વિશેષ ઉપસ્થિત રહ્યા હતાં.

## ગરીબીના અંધકાર વચ્ચે ડૉક્ટર બનવાનું સપનુ

# ડાંગની દીકરી સંધ્યાબેન ધૂમને રૂા. ૧૫,૦૫૧ની શિક્ષણ સહાય મળી

**વઘઈનાં આદિવાસી સંસ્કૃતિ ચેરિટેબલ ટ્રસ્ટની સેવાભાવી પહેલ, સમાજના સહકારથી MBBSના અભ્યાસ તરફ સંધ્યાબેનનું વધુ એક પગલુ**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૩૦ :** જંગલ અને વનવગડામાંથી નીકળેલી કલમ જ્યારે સ્ટેથોસ્કોપ બનશે, ત્યારે માત્ર એક પરિવાર નહીં, પરંતુ સમગ્ર આદિવાસી સમાજ ઊંચો ઊઠશે—આ વિચારને સાકાર કરતી માનવતાભરી પહેલ વઘઈ ખાતે જોવા મળી છે. ગરીબ પરિવારની તેજસ્વી દીકરી સંધ્યાબેન શૈલેષભાઈ ધુમ.રે.મલિન. તા. વઘઈ. જી.ડાંગનાઓએ પોતાની અથાગ મહેનત અને પ્રતિભાના બળે NEET પરીક્ષામાં સફળતા મેળવી ખ્ગ્લ્ના અભ્યાસમાં પ્રવેશ મેળવ્યો છે. સંધ્યાબેન ધૂમને નડિયાદ સ્થિત ડૉ. એન. ડી. દેસાઈ ફેકલ્ટી ઓફ મેડિકલ સાયન્સ એન્ડ રિસર્ચ ખાતે સરકારી ક્વોટામાં મેડિકલ સીટ પ્રાપ્ત થઈ છે. આર્થિક પરિસ્થિતિ તેમના ડૉક્ટર બનવાના સપનામાં અડચણરૂપ ન બને તે માટે આદિવાસી સંસ્કૃતિ ચેરિટેબલ ટ્રસ્ટ, વઘઈ (ડાંગ) દ્વારા સંધ્યાબેનને શિક્ષણ સહાયરૂપે ૧૫,૦૫૧ની આર્થિક મદદ અર્પણ કરવામાં આવી હતી.ટ્રસ્ટ તરફથી આપવામાં આવેલી આ સહાય માત્ર ૧૫,૦૫૧ની રકમ પૂરતી સીમિત નથી, પરંતુ સંધ્યાબેન પ્રત્યે સમાજના વિશ્વાસ, સ્નેહ અને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટેના આશીર્વાદનું પ્રતિક છે.

આર્થિક મુશ્કેલીઓ વચ્ચે મહેનત કરીને ડૉક્ટર બનવાની દિશામાં આગળ વધી રહેલી સંધ્યાબેન ધૂમ ભવિષ્યમાં સમાજના જરૂરિયાતમંદ અને ગરીબ લોકોની સેવા કરે તેવો શુભ આશય આ સેવાભાવી પહેલ પાછળ રહેલો છે. ફૂલ નહીં તો ફૂલની પાંખડીનાં ભાવ સાથે સમાજના અનેક દાતાઓ અને સેવાભાવી લોકો દ્વારા શિક્ષણ ક્ષેત્રે કરવામાં આવતો સહયોગ અનેક પ્રતિભાશાળી વિદ્યાર્થીઓના જીવનમાં નવી આશા જગાવી શકે છે. શિક્ષણ માટે મળતી આવી નાની-મોટી સહાય વિદ્યાર્થીઓના સપનાઓને સાકાર કરવામાં મહત્વપૂર્ણ બની શકે છે. સંધ્યાબેન ધૂમને સહાય પહોંચાડવા માટે ટ્રસ્ટની ટીમ તરફથી વિજયભાઈ થોરાટ, રીતેશભાઈ પટેલ, વિનયભાઈ પટેલ, જીજ્ઞેશભાઈ પટેલ, તાનાજીભાઈ પવાર, ઉમેશભાઈ ચૌધરી અને રોહિતભાઈ ચૌધરી સહિતના સહયોગીઓ મલિન ખાતે પહોંચ્યા હતા. સંધ્યાબેનની સફળતા એ સંદેશ આપે છે કે પ્રતિકૂળ પરિસ્થિતિઓ સપનાઓને રોકી શકતી નથી; જો મહેનત, દૃઢ નિશ્ચય અને સમાજનો સહયોગ મળે તો ગરીબી વચ્ચે પણ સફળતાની નવી દિશા કંડારી શકાય છે.

ગરીબીના અંધકારને ચીરીને ડૉક્ટર બનવા નીકળેલી આ આદિવાસી દીકરીની ફ્રી શિપ કાર્ડથી ફી તો ભરાઈ જશે. પરંતુ અન્ય ૨ લાખનો ખર્ચ ક્યાંથી લાવવો તે પ્રશ્ન ઉભો થયો હતો. ત્યારે ટ્રસ્ટ સહીત અન્ય સમાજનાં દાતાઓ આ દીકરીનાં પડખે આવ્યા છે.આવી સેવાભાવી પહેલો માત્ર એક વિદ્યાર્થીને મદદરૂપ થતી નથી, પરંતુ આવતી પેઢીના શિક્ષણ અને સમાજના સક્ષમ ભવિષ્યનો પાયો પણ મજબૂત બનાવે છે.

# વાંસદામાં ચિત્ર અને વકૃત્વ સ્પર્ધા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાંસદા, તા. ૩૦ :** સેવા સંકલ્પ અભિયાન-૨૦૨૬ અંતર્ગત 'વિકસિત ભારત-૨૦૪૭'ના સંકલ્પને સાકાર કરવાની દિશામાં વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા, વક્તૃત્વ કૌશલ્ય અને રાષ્ટ્રનિર્માણની ભાવના વિકસે તે હેતુથી તાલુકા કક્ષાની ચિત્ર અને વકૃત્વ સ્પર્ધાનું આયોજન શ્રી પ્રતાપ હાઈસ્કૂલ, વાંસદા ખાતે કરવામાં આવ્યું હતું. વાંસદા તાલુકાની વિવિધ શાળાઓમાંથી પ્રાથમિક વિભાગ ધોરણ ૬થી ૮, માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

સમગ્ર આયોજન શ્રી પ્રતાપ હાઈસ્કૂલ, વાંસદાના આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે તાલુકા પંચાયત પ્રમુખ કૌશિકભાઈ પટેલ તથા અતિથિ વિશેષ તરીકે જિલ્લા ભાજપ મહામંત્રી ડૉ. લોચન શાસ્ત્રી, પિયુષભાઈ પટેલ અને રાકેશભાઈ શર્મા ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ડૉ. લોચન શાસ્ત્રીએ વિદ્યાર્થીઓની ચિત્રકળા અને વક્તૃત્વ રજૂઆતો નિહાળી તેમની પ્રતિભાને બિરદાવી હતી. તેમણે વિદ્યાર્થીઓને શિક્ષણ સાથે સર્જનાત્મકતા, સંસ્કાર, રાષ્ટ્રભાવના અને સમાજ પ્રત્યેની જવાબદારી વિકસાવવા પ્રોત્સાહિત કર્યા હતા.

ઉપસ્થિત મહાનુભાવોએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમનું સમગ્ર આયોજન શિસ્તબદ્ધ અને સુવ્યવસ્થિત રીતે કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના સફળ આયોજન બદલ શ્રી પ્રતાપ હાઈસ્કૂલ પરિવાર દ્વારા ઉપસ્થિત મહાનુભાવો, અધિકારીઓ, હોદ્દેદારો, નિર્ણાયકઓ, શિક્ષકમિત્રો તથા તમામ સ્પર્ધક વિદ્યાર્થીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# સુપ્રભાતમ્

## આજનું પંચાગ

**તા.** ૦૧-૧૦-૨૦૨૬, **વાર :** ગુરુવાર **તિથિ :** ભાદરવો વદ, પાંચમ, **સૂર્યોદય :** ૦૬ : ૩૪ **સૂર્યાસ્ત** ૦૬ : ૨૪, **ચંદ્રોદય** - ૦૮:૫૮ **ચંદ્રાસ્ત** - ૧૧:૦૬ **ચંદ્ર રાશિ :** મેષ, **નક્ષત્ર** - કૃત્તિકા

## આજનું રાશિભવિષ્ય

**મેષ (અ, લ, ઈ) :** કાર્યમાં સફળતા, આવકમાં વધારો. નવા અવસર મળશે, મન પ્રસન્ન રહેશે.દિવસ આનંદદાયક રહેશે. સંબંધોમાં મધુરતા વધશે.

**વૃષભ (બ, વ, ઉ) :** અટકેલા કામ પૂર્ણ થશે. પરિવારનો સહયોગ મળશે. સ્વાસ્થ્યનું ધ્યાન રાખો. અટકેલા કામ આગળ વધશે.

**મિથુન (ક, ઘ, ચ) :** નવા સંપર્કો લાભદાયી રહેશે. ખર્ચમાં સાવધાની રાખો.અટકેલા કામ આગળ વધશે.

**કર્ક (ડ, હ) :** નાણાકીય લાભની શક્યતા. પરિવાર સાથે આનંદ રહેશે. દિવસ આનંદદાયક રહેશે. સંબંધોમાં મધુરતા વધશે.

**સિંહ (મ, ટ) :** મહેનતનું સારું પરિણામ મળશે. માન-સન્માનમાં વધારો થશે.આવકના નવા માર્ગ ખુલશે. જૂની ચિંતાઓ દૂર થશે.

**કન્યા (પ, ઠ, ણ) :** કામમાં વ્યસ્તતા રહેશે. સ્વાસ્થ્યનું ધ્યાન રાખો. અટકેલા કામ આગળ વધશે.

**તુલા (ર, ત) :** વેપારમાં લાભની શક્યતા.મહત્વપૂર્ણ નિર્ણયમાં સફળતા મળશે.સંબંધોમાં મધુરતા વધશે.

**વૃશ્ચિક (ન, ય) :** નવા અવસર મળી શકે. પરિવારનો સહયોગ મળશે.

**ધન (ભ, ધ, ફ, ઢ) :** કાર્યક્ષેત્રે પ્રગતિ થશે. પ્રવાસની શક્યતા છે.

**મકર (ખ, જ) :** આવકના નવા માર્ગ ખુલશે. જૂની ચિંતાઓ દૂર થશે. સ્વાસ્થ્યનું ધ્યાન રાખો. અટકેલા કામ આગળ વધશે.

**કુંભ (ગ, સ, શ, ષ) :** અટકેલા કામ આગળ વધશે. મિત્રોની મદદ મળશે. સ્વાસ્થ્યનું ધ્યાન રાખો. અટકેલા કામ આગળ વધશે.

**મીન (દ, ચ, થ, ઝ) :** દિવસ આનંદદાયક રહેશે. સંબંધોમાં મધુરતા વધશે.અટકેલા કામ આગળ વધશે.

# દમણ રેડિયો

**102.3 FM**

આકાશવાણી

ગુરુવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## સુડોકુ નં.૬૮૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 1 | | 8 | 6 | | | |
| | 5 | 9 | | | 7 | | | 8 |
| | | | | | | | | 7 |
| | 6 | | | 4 | | 8 | | |
| | 4 | 3 | 2 | | 8 | 5 | 9 | |
| | | 5 | | 6 | | | 3 | |
| 1 | | | | | | | | |
| 2 | | | 4 | | | 7 | 1 | |
| | | | 8 | 9 | | 2 | | |

અહીં એક ચોકઠું આપ્યું છે

જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેકબોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૬૮૫નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 6 | 9 | 3 | 8 | 4 | 2 | 5 | 7 |
| 2 | 5 | 7 | 9 | 1 | 6 | 4 | 8 | 3 |
| 8 | 3 | 4 | 2 | 5 | 7 | 6 | 9 | 1 |
| 9 | 7 | 8 | 4 | 6 | 3 | 1 | 2 | 5 |
| 5 | 4 | 6 | 7 | 2 | 1 | 8 | 3 | 9 |
| 3 | 2 | 1 | 5 | 9 | 8 | 7 | 6 | 4 |
| 4 | 8 | 5 | 1 | 3 | 2 | 9 | 7 | 6 |
| 6 | 1 | 3 | 8 | 7 | 9 | 5 | 4 | 2 |
| 7 | 9 | 2 | 6 | 4 | 5 | 3 | 1 | 8 |

દમણગંગા ટાઈમ્સ
દમણગંગા ટાઈમ્સનું ઈ-પેપર વાંચવા અને ડાઉનલોડ કરવા માટે વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com

સ્થાનિક સમાચાર
● વલસાડ ● પારડી ● ધરમપુર ● કપરાડા ●વાપી ● ઉમરગામ ●દમણ ● સેલવાસ
Thursday 01, October 2026
દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES

# ભંડારકચ્છની આંગણવાડીમાં 'આંગણ મિલન સેવા' કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**કપરાડા, તા.૩૦ :** નાનાપોંઢા તાલુકાના ભંડારકચ્છ ગામની આંગણવાડી ખાતે 'આંગણ મિલન સેવા' કાર્યક્રમ નાનાપોંઢા તાલુકા પંચાયતના ન્યાય સમિતિ અધ્યક્ષ કલાબેન ભસરાના આગેવાની હેઠળ યોજાયો હતો.

પ્રાપ્ય વિગત મુજબ ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા બાળકોનો સર્વાંગી વિકાસ થાય અને પોષણ જાગૃતિ માટે સમગ્ર રાજ્યમાં આંગણ મિલન સેવા ઉત્સવ કાર્યક્રમ યોજવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે આંગણવાડી ભંડારકચ્છ - ૧ મુશળફળિયા ખાતે અને ભંડારકચ્છ - ૨ તળાવપાડા ખાતે આંગણ મિલન સેવા ઉત્સવ કાર્યક્રમનું આયોજન કરવા માં આવ્યું છે. આ કાર્યક્રમ માં ઉપસ્થિતિ નાનાપોંઢા તાલુકા પંચાયતના ન્યાય સમિતિના અધ્યક્ષ કલાબેન ભસરા, કપરાડા આઈ.સી.ડી.એસ. વિભાગમાંથી ઉપસ્થિત અધિકારી મીરાબેન પટેલ , ગામના સરપંચ ગંગાભાઈ ગાંવિત, ભંડારકચ્છ આરોગ્ય વિભાગના સી. એચ.ઓ સંજયભાઈ ખાંડરા, આરોગ્ય વિભાગના કર્મચારી કલ્પેશભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં બાળકોની પ્રવૃતિમાં એકથી ત્રણ નંબરના ઈનામ વિતરણ કરવામાં આવ્યા હતાં. સગર્ભા બહેનોને ફળ અને સુખડીનું વિતરણ કરાયું હતું. આ ઉપરાંત આ કાર્યક્રમ માં ઉપસ્થિત ધાત્રી અને કિશોરી અને આંગણવાડી બાળકોને ઉપસ્થિત મહેમાનો દ્વારા આંગણવાડીમાં ચાલતી રાજ્ય સરકાર ની વિવિધ યોજનાઓ અંગે માર્ગદેશ પૂરું પાડ્યું હતું. આ કાર્યક્રમ માં આશા વર્કર બહેનોનું સન્માન કરવા માં આવ્યું હતું.

આ ઉપરાંત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈના સંદેશ આપતા બે પત્રોનું વાંચન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગ્રામજનો, બાળકોના વાલીઓ, કિશોરીઓ, ધાત્રી અને સગર્ભા બહેનો તથા આંગણવાડીના બાળકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતાં. આ કાર્યક્રમમાં ઉપસ્થિત સૌનો આંગણવાડી કાર્યક્રમ ગુણવંતીબેન ભોયા અને ખ્યાતિબેન ભોયા દ્વારા આભાર વ્યક્ત કર્યો હતો.

# થ્રીડીના ખેલાડીઓ પંજાબની ક્રિકેટ ટુર્ના.માં ભાગ લેશે



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૩૦ :** રમતગમત અને યુવા બાબતોના મંત્રાલય હેઠળ, દમણ અને દમણ દીવમાં ત૧૦ લેધર બોલ ક્રિકેટ ખેલાડીઓની એક ટીમ બનાવવામાં આવી હતી, જે છોકરીઓ અને છોકરાઓ બંનેને સમાન તકો પૂરી પાડે છે. તે મુજબ, ખેલો ઈન્ડિયા સેન્ટર ઓડિટોરિયમમાં, દાદરા નગર હવેલી અને દમણ દીવના રમતગમત સંયોજક અધિકારી મહેશ પટેલ દ્વારા પંજાબના અમૃતસર, બટાલામાં ત્રીજી રાષ્ટ્રીય ત૧૦ ક્રિકેટ ચેમ્પિયનશિપ માટે ત૧૦ લેધર બોલ ક્રિકેટ પ્લેયર કેપ્સ આપીને પસંદ કરાયેલા તમામ ખેલાડીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. અમૃતા સિંહને તેમના સતત અભ્યાસ માટે અને અનીસ રોકાને તેમના શિસ્ત માટે સન્માનિત કરવામાં આવ્યા હતા. સ્વાતિ મિશાલ, સોનલ સિંહ રાજપૂત, રિતિકા સિંહ, અંજલી યાદવ, કૃષ્ણા પટેલ, પ્રણવ ઘોષ, અમન રાજપૂત, શુભમ ગોસ્વામી, વિશાલ વાઘાટ, અનુરાગ મૌર્ય, પ્રિયાંશુ શર્મા, કુશ સાવંત, રૌનક યાદવ, ધ્રુવ રોહિત અને હુસૈનનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. અગન, અંકુશ આર્દોરિયા, સાગર શર્મા, તુષાર રાય, દિવ્યાંશુ રાજપૂત અને પ્રિયાંશુ બિષ્ટ હાજર રહ્યા હતાં. આ બધા T10 લેધર બોલ ક્રિકેટ ખેલાડીઓ વર્ષ દરમિયાન પાંચ રાષ્ટ્રીય અને ત્રણ આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં દાદરા નગર હવેલી અને દમણ અને દીવનું પ્રતિનિધિત્વ કરશે, જેના માટે હાજર બધા ખેલાડીઓએ દમણ અને દીવ વહીવટીતંત્ર અને રમતગમત વિભાગનો ખાસ આભાર વ્યક્ત કર્યો હતો.

# દમણની વિદ્યાર્થીનીએ કરાટેમાં ગોલ્ડ મેડલ જીત્યો



**દમણ, તા.૩૦ :** મુંબઈમાં જયા બ્રિજેશ સિંહનું નામ ગુંજી રહ્યું છે અને એશિયાડ-૨૦૨૬ માં તેણીએ કરાટે સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીત્યો અને સરકારી કોલેજ દમણ વિદ્યાર્થીને હાર્દિક અભિનંદન પાઠવે છે.

સરકારી કોલેજ દમણની આશાસ્પદ વિદ્યાર્થીની જયા બ્રિજેશ સિંહે પ્રતિષ્ઠિત એશિયા કપ ૨૦૨૬માં ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો છે. પ્રખ્યાત ખેલાડીઓની તીવ્ર સ્પર્ધા વચ્ચે, જયાએ તેના અસાધારણ રમત અને શિસ્ત દ્વારા ટોચનું સ્થાન મેળવ્યું, જેનાથી દેશ અને સંસ્થાનું ગૌરવ વધ્યું છે.

રમતગમત વિભાગ અને સમગ્ર કોલેજ કેમ્પસે કોલેજમાં પાછા ફરવા પર જયાને અભિનંદન આપ્યા અને આ ઐતિહાસિક સિદ્ધિ માટે શુભેચ્છા પાઠવી. રમતગમત વિભાગના જણાવ્યા અનુસાર, આ સુવર્ણ સફળતા જયાના વર્ષોના કઠોર અભ્યાસ, સખત મહેનત અને સંસ્થાની રમત પરંપરાને કારણે શક્ય બની છે. સમારંભ દરમિયાન, એવી પણ જાહેરાત કરવામાં આવી હતી કે જયા આવતા વર્ષે યોજાનારી પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય રમતગમત સ્પર્ધામાં કોલેજ અને દેશનું પ્રતિનિધિત્વ કરશે. સમગ્ર કોલેજ પરિવાર વતી પ્રિન્સિપાલ અને સ્પોર્ટ્સ ફેકલ્ટીએ જયા બ્રિજેશ સિંહને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છા પાઠવી હતી.

# દમણમાં 'આંગણ ઉત્સવ' કાર્યક્રમ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**દમણ, તા.૩૦ :** સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત મહિલા અને બાળ વિકાસ તથા સમાજ કલ્યાણ વિભાગ દ્વારા 'આંગણનો ઉત્સવ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ૨૫ સપ્ટેમ્બરથી ૯ ઓક્ટોબર સુધી પ્રદેશના વિવિધ નંદઘરોમાં આ કાર્યક્રમ યોજાશે. આ અંતર્ગત નાની દમણ બસ સ્ટેન્ડ નજીક આવેલા નંદઘરમાં 'આંગણનો ઉત્સવ' કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે નગરપાલિકા અધ્યક્ષ દીપિકા ટંડેલ ઉપસ્થિત રહ્યા હતાં. તેમણે વડાપ્રધાનનો સંદેશ ઉપસ્થિત લોકોને પહોંચાડ્યો હતો. આ પ્રસંગે આંગણવાડી બહેનોને શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા હતાં. કાર્યક્રમમાં ભાજપ જિલ્લા પ્રમુખ ભરત પટેલ, વોર્ડ કાઉન્સિલર રશ્મિબેન હલપતિ, તમન્ના મીઠાણી, નીલા રાણા, પ્રવીણા રાણા, ભાજપના રુક્મણી ભાનુશાળી સહિતના આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતાં.

'આંગણનો ઉત્સવ' દરમિયાન નાનાં ભૂલકાંઓ દ્વારા વિવિધ નૃત્ય અને સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. સમાજ કલ્યાણ અધિકારી નમ્રતા પરમારે આંગણવાડી કેન્દ્રો તેમજ મહિલા અને બાળકો માટે સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવતી વિવિધ યોજનાઓ અંગે માહિતી આપી હતી. આરોગ્ય કર્મચારીઓ દ્વારા બાળકોના આરોગ્ય અને પોષણ અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પોષણ માસ અંતર્ગત કાર્યક્રમમાં પોષણ પ્રદર્શન પણ યોજાયું હતું. જેમાં દાળ, વિવિધ શાકભાજી, ફળો, વિટામિનયુક્ત ખાદ્ય સામગ્રી તેમજ ઘરમાં સરળતાથી ઉપલબ્ધ થઈ શકે તેવા પૌષ્ટિક આહારની સામગ્રી પ્રદર્શિત કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે ઉપસ્થિત મહેમાનોના હસ્તે બાળકોને પેન, પેન્સિલ અને નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# તિથલની યોગ શિબિરમાં ૩૨૦૦થી વધુ લોકોએ સ્વસ્થ જીવનના સંકલ્પ લીધા






(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૩૦ :** વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પ્રજાકલ્યાણ, સર્વાંગી વિકાસ અને લોકસેવાને સમર્પિત સુશાસનના સફળ ૨૫ વર્ષ પૂર્ણ કર્યા છે. આ ગૌરવપૂર્ણ ૨૫ વર્ષની વિકાસયાત્રા, જનસેવા અને સુશાસનની ઉપલબ્ધિઓને બિરદાવવા તેમજ છેવાડાના માનવી સુધી સ્વાસ્થ્ય અને સુખાકારી પહોંચાડવાના શુભ આશય સાથે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા 'સુશાસનના ૨૫ વર્ષ અંતર્ગત સેવા-સંકલ્પ અભિયાન' અંતર્ગત વલસાડના તિથલ સ્વામિનારાયણ મંદિર રોડ પર મેદાનમાં રાજ્ય યોગ બોર્ડના ચેરમેન શીશપાલજીની ગરિમામય ઉપસ્થિતિમાં યોગ શિબિર યોજાઈ હતી. જેમાં અંદાજે ૩ હજારથી વધુ લોકોએ ઉપસ્થિત રહી રમણીય સમુદ્ર કાંઠે યોગ, ધ્યાન અને પ્રાણાયામથી સવારની શરૂઆત કરી હતી. આ પ્રસંગે ધારાસભ્ય ભરતભાઈ પટેલ અને જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોત ખાસ ઉપસ્થિત રહ્યા હતાં.

જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોતે જણાવ્યું કે, હું જયારે આઈએએસનું ઈન્ટરવ્યુ આપવા ગયો હતો ત્યારે મને યોગ અને મેડીટેશન અંગેના સવાલ પુછાયા હતા અને દેશભરમાં મારા સૌથી વધુ માર્ક આવ્યા હતાં.

વલસાડના શિવજી મહારાજે જણાવ્યું કે, યોગથી મન નિયંત્રણમાં આવે છે. મનથી મોટું કોઈ નથી. મન કે જીતે જીત હે, મન કે હારે હાર હે.... યોગ, ધ્યાન અને પ્રાણાયામ દ્વારા આપણે પોતાના મન પર નિયંત્રણ મેળવી શકીએ છીએ.

આ પ્રસંગે વાપી મનપાના મેયર દક્ષાબેન પટેલ, જિલ્લા સંગઠન મહામંત્રી કમલેશ પટેલ, તાલુકા સંગઠન પ્રમુખ તેજસ પટેલ, સ્ટેટ યોગ કો-ઓર્ડિનેટર રાજેશ પંચાલ, જિલ્લા યુવા વિકાસ અધિકારી હિમાલી જોશી તેમજ વિવિધ સંસ્થાના કાર્યકરો અને સ્કૂલના વિદ્યાર્થીઓ યોગ ટ્રેનર, યોગ કોચ, તેમજ ૨૦ બસમાં જિલ્લાભરમાંથી અંદાજે ૩૨૦૦ લોકો યોગ શિબિરમાં ઉમટ્યા હતા. સ્વાગત પ્રવચન ગુજરાત યોગ બોર્ડના ઝોન કો-ઓર્ડિનેટર પ્રીતિબેન પાંડે એ કર્યુ હતું. જયારે આભારવિધિ જિલ્લા કો-ઓર્ડિનેટર પ્રીતિબેન વૈષ્ણવે કરી હતી.

# કપરાડાના આનંદભાઈ પટેલની વલસાડ જિલ્લા રાજ્ય કો-ઓર્ડીનેટર તરીકે નિમણૂક

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૩૦ :** કપરાડા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના મહામંત્રી આનંદભાઈ પટેલની વલસાડ જિલ્લાના રાજ્ય કો-ઓર્ડીનેટર તરીકે નિમણૂક કરવામાં આવી છે. વલસાડ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા આયોજિત સ્નેહમિલન અને શિક્ષક સંવાદ કાર્યક્રમ દરમિયાન તેમને આ નવી જવાબદારી સોંપવામાં આવી હતી.

કાર્યક્રમમાં ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજા અને મહામંત્રી જાયમીન પટેલ ઉપસ્થિત રહ્યા હતાં. જિલ્લા સંઘના માજી પ્રમુખ ગોકુળભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં શિક્ષકો જોડાયા હતાં.

શિક્ષક સંવાદ દરમિયાન પ્રાથમિક શિક્ષકોના વહીવટી, શૈક્ષણિક અને સેવા સંબંધિત આશરે ૭૦ જેટલા પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવી હતી. જેમાં જૂની પેન્શન યોજના (OPS), TETમાંથી મુક્તિ, ઉચ્ચતર પગાર ધોરણ, જિલ્લા ફેરબદલી અને આંતરિક બદલી જેવા મહત્વના મુદ્દાઓ રજૂ થયા હતા.આ ઉપરાંત NPSના નવા ખાતા ખોલવા તેમજ વાપી તાલુકાના શિક્ષકોના વિવિધ પ્રશ્નો અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. સંઘના આગેવાનોએ શિક્ષકો દ્વારા રજૂ કરાયેલા પ્રશ્નોના ઉકેલ માટે જરૂરી કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી.

આનંદભાઈ પટેલને વલસાડ જિલ્લાના રાજ્ય કો-ઓર્ડીનેટર તરીકે નવી જવાબદારી મળતાં કપરાડા તાલુકાના શિક્ષકોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો.

# સાદકપોરમાં યુવાને ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

**ચીખલી, તા.૩૦ :** ચીખલી તાલુકાના સાદકપોર ગામના નવાનગર ખાતે રહેતા વિક્રમભાઈ અંબુભાઈ પટેલ ઉ.વ. ૩૮ જે આજરોજ સવારે ઘરના સભ્યોને જણાવેલ કે હું ખેતરે બાથરૂમ જઈને આવું છું એમ કહીને પોતાની હીરો સ્પેલન્ડર મોટરસાયકલ નંબર જીજે ૨૧ એલ ૪૦૮૭ લઈને નીકળેલ જે મોડે સુધી પરત ન ફરતા તેમજ મોબાઈલ ફોન ન ઉઠાવતા આજુબાજુના વિસ્તારોમાં શોધખોળ કરવા છતાં પણ વિક્રમભાઈ પટેલનો કોઈ પત્તો ન લાગતા આખરે ફળિયાના રહીશોએ આંબાવાડી વિસ્તારમાં શોધખોળ કરતા મનીષભાઈ રમણભાઈ પટેલના આંબા વાડીના ખેતરમાં આંબાના ઝાડની ડાળી સાથે સફેદ કલરની સુતરાઉની દોરી વડે ફાંસો ખાધેલ હાલતમાં વિક્રમભાઈ પટેલ જોવા મળ્યો હતો. બનાવની જાણ અંબુભાઈ ખાલપાભાઈ પટેલનાએ કરતા આગળની વધુ તપાસ ચીખલી પોલીસ મથકના પી.એસ.આઈ.એ હાથ ધરી છે.

# ડાંગમાં બાઈક ઉછળીને ડેમ પડ્યું : કિશોર ડૂબ્યો

**સાપુતારા, તા.૩૦ :** ડાંગ જિલ્લાના વઘઈ-સાપુતારા માર્ગ પર રંભાસ ગામ નજીક બુધવારે ગંભીર અકસ્માત સર્જાયો હતો.જેમાં મોટરસાયકલ ચાલકનો આબાદ બચાવ થયો હતો, જ્યારે પાછળ બેઠેલો ૧૩ વર્ષીય બાળક મોટરસાયકલ પરથી ઉછળીને નજીકના ડેમના ઊંડા પાણીમાં ખાબકતાં ડૂબી જવાથી તેનું કરુણ મોત નીપજ્યું હતું.



પ્રાપ્ત વિગતો મુજબ, વઘઈ તાલુકાના સુસરદા ગામનો એક વ્યક્તિ ૧૩ વર્ષીય બાળકને મોટરસાયકલ પર બેસાડીને વઘઈ ગયો હતો. ત્યાં પોતાનું કામકાજ પૂર્ણ કર્યા બાદ બંને મોટરસાયકલ પર બેસી પરત સુસરદા ગામ તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન વઘઈ-સાપુતારા માર્ગ પર રંભાસ ગામ નજીકના વળાંક પાસે પુરપાટ ઝડપે જઈ રહેલી મોટરસાયકલ અચાનક ડિવાઈડર સાથે અથડાઈ હતી અને ત્યારબાદ માર્ગની બાજુમાં આવેલી ઊંડી ખીણમાં ખાબકી હતી. અકસ્માતમાં મોટરસાયકલ અને ચાલક ખીણમાં વાંસના ઝુંડ પાસે અટકી ગયા હતા.જોકે, મોટરસાયકલ પર પાછળ બેઠેલો બાળક ઉછળીને ખીણ નજીક આવેલા ડેમના ઊંડા પાણીમાં જઈ પડ્યો હતો. આ બનાવમાં મોટરસાયકલ ચાલકનો ચમત્કારિક બચાવ થયો હતો, જ્યારે ૧૩ વર્ષીય અહેમ કિશનભાઈ લહરી (રહે. સુસરદા) ડેમના ઊંડા પાણીમાં ડૂબી જતાં તેનું મોત નીપજ્યું હતું. આ ઘટનાની જાણ થતાં વઘઈ પોલીસ સ્ટેશનની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસ તથા સ્થાનિક તરવૈયાઓએ ડેમના પાણીમાં ઉતરી ભારે શોધખોળ હાથ ધરી હતી. લાંબી શોધખોળ બાદ બાળકનો મૃતદેહ પાણીમાંથી બહાર કાઢવામાં આવ્યો હતો.બાદમાં વઘઈ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે વઘઈ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. સમગ્ર બનાવ અંગે વઘઈ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# રિંગણવાડા પીએમશ્રી સ્કૂલમાં 'પ્લાસ્ટિક મુક્ત શાળા' અભિયાન યોજાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**દમણ, તા. ૩૦ :** રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે સ્વચ્છતા અને પર્યાવરણીય સંરક્ષણને પ્રોત્સાહન આપવા માટે, પીએમ શ્રી રિંગણવાડા સ્કૂલમાં હેડ માસ્ટર વિરેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ એક ખાસ પ્લાસ્ટિક મુક્ત શાળા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ લાવવા, પ્લાસ્ટિક પ્રદૂષણ ઘટાડવા, તેમને સિંગલ-યુઝ પ્લાસ્ટિકની હાનિકારક અસરો વિશે શિક્ષિત કરવાનો અને પર્યાવરણીય સંરક્ષણ પ્રત્યે જવાબદારીની ભાવના કેળવવાનો હતો. અભિયાનના ભાગ રૂપે, શાળા કેમ્પસમાં એક ખાસ સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ શાળા કેમ્પસ અને આસપાસના વિસ્તારોની સફાઈમાં સક્રિયપણે ભાગ લીધો હતો. શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને તેમના ઘરો અને આસપાસના વિસ્તારોમાં સ્વચ્છતા અભિયાન ચલાવવા અને ત્યાં ઉત્પન્ન થતો પ્લાસ્ટિક કચરો એકત્રિત કરવા માટે પણ પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં. વિદ્યાર્થીઓની સામૂહિક ભાગીદારી અને જાગૃતિના પરિણામે, ઝુંબેશ દરમિયાન પ્લાસ્ટિક કચરાથી ભરેલી કુલ ૧,૫૬૬ કચરાની બોટલો એકત્રિત કરવામાં આવી હતી. એકત્રિત પ્લાસ્ટિક કચરો યોગ્ય રીતે શાળા સ્તરે તેનો નિકાલ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે, વિદ્યાર્થીઓને પર્યાવરણ, પાણીના સ્ત્રોતો, માટી, પ્રાણીઓ, પક્ષીઓ અને માનવ જીવન પર પ્લાસ્ટિક પ્રદૂષણની પ્રતિકૂળ અસરો વિશે માહિતી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓને સિંગલ-યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવા, પ્લાસ્ટિક બેગ અને અન્ય સિંગલ-યુઝ પ્લાસ્ટિક વસ્તુઓને બદલે પર્યાવરણને અનુકૂળ અન્ય વિકલ્પો અપનાવવા અને ખુલ્લામાં પ્લાસ્ટિક કચરો ફેંકવાનું ટાળવા માટે ખાસ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

શાળાના મુખ્ય શિક્ષક, શિક્ષકો, સ્ટાફ અને વિદ્યાર્થીઓએ આ ઝુંબેશમાં સક્રિયપણે ભાગ લીધો હતો અને સ્વસ્થ અને પ્લાસ્ટિક મુક્ત સમાજના નિર્માણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી આ ઝુંબેશને સફળ બનાવી હતી.

# વલસાડમાં ગણેશ મંડળોએ દેખાદેખીથી દૂર રહી ગણેશોત્સવ ઉજવ્યો



**વલસાડ, તા.૩૦ :** ગણેશ મહોત્સવ શ્રદ્ધા અને આસ્થા સાથે પરસ્પર ભાઈચારો તથા 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવના કેળવવાનો પર્વ છે. જોકે, એકબીજાની દેખાદેખીમાં થતી ઉજવણી વચ્ચે લોકમાન્ય બાલ ગંગાધર તિલકે આપેલો સાર્વજનિક ગણેશોત્સવનો મૂળ ઉદ્દેશ્ય ક્યાંક વિસરાતો જાય છે. પરંતુ વલસાડમાં એવા કેટલાક મંડળો છે કે, જેઓ અન્ય મંડળના દેખાડાથી દૂર રહી સમાજને ઉપયોગી થાય તે રીતે ગણેશ મહોત્સવ ઉજવી અન્ય મંડળોને પણ પ્રેરણા આપી રહ્યા છે. આ મંડળોને 'આરંભ યુનાઈટ ભારત' દ્વારા પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા છે. આ મંડળોએ ગણેશોત્સવને ભક્તિ અને પરંપરાની સાથે સામાજિક સેવા, પર્યાવરણ સંરક્ષણ તથા જળવાયુ પરિવર્તન અંગેની જાગૃતિ સાથે જોડવાનો પ્રસંશનીય પ્રયાસ કર્યો છે.

લોકમાન્ય બાલ ગંગાધર તિલકે સાર્વજનિક ગણેશોત્સવને સમાજને એકત્રિત કરવા અને સામૂહિક ઉદ્દેશ્ય માટે લોકોને જોડવાના માધ્યમ તરીકે આગળ વધાર્યો હતો. આજે જલવાયુ પરિવર્તન, ગ્લોબલ વૉર્મિંગ અને વિવિધ સામાજિક પડકારો વચ્ચે ગણેશોત્સવને ભક્તિ અને પરંપરા સાથે સમાજસેવા તથા પર્યાવરણ પ્રત્યેની જવાબદારી સાથે જોડવાનો પ્રયાસ સમયની જરૂરિયાત છે. પીઓપીની મૂર્તિના કારણે નદી અને સમુદ્રમાં પ્રદૂષણ વધી રહ્યુ છે સાથે જીવ સૃષ્ટિ ઉપર પણ સંકટ તોળાઈ છે. આ વર્ષે પણ મોટા કદની પીઓપીની મૂર્તિ વિસર્જન બાદ ક્ષત વિક્ષત હાલતમાં જોવા મળતા ભક્તોની લાગણી દુભાઈ રહી છે. ત્યારે વલસાડમાં એવા પણ ગણેશ મંડળ છે કે, જેઓ દેખાદેખીથી પર રહી સમાજ હિતને સર્વોપરી માની નવી પહેલ કરી છે. 'આરંભ યુનાઈટ ભારત'ના સ્થાપક મેહુલ દેશમુખે શહેરના અનેક ગણેશ મંડળોમાં જઈ લોકોને પર્યાવરણને અનુરૂપ ગણેશોત્સવ ઉજવવાની સમજ આપી અને જે લોકો ઘણા વર્ષથી સાદગીથી ખરા અર્થમાં ગણેશ મહોત્સવ ઉજવે છે તેમને બિરદાવીને સન્માન પણ કર્યુ હતું. તેમણે જણાવ્યું કે, મારો પ્રયાસ છે કે, દેશભરના ગણેશ મંડળો આ વિચાર સાથે જોડાય અને લોકમાન્ય તિલકની એકતા તથા સામૂહિક ઉદ્દેશ્યની ભાવનાને આજના સમયની જરૂરિયાતો સાથે આગળ વધારે. ધીમે ધીમે મંડળો જાગૃત થઈ રહ્યા છે ત્યારે આવતા વર્ષે મોટી સંખ્યામાં મંડળો સાત્વિક અને સાદગીસભર ગણેશોત્સવ ઉજવશે એવી આશા છે.

## ગણેશોત્સવમાં સેવા, સંરક્ષણ અને જાગૃતિનો સંદેશ

જેમાં (૧) મિલર ગ્રુપ (હાલરના દાદા) દ્વારા રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું તેમજ પર્યાવરણને અનુકૂળ માટીની ગણેશ પ્રતિમા સ્થાપિત કરવામાં આવી હતી. (૨) શ્રી બાલ યુવક મંડળ, રામવાડીના લાડલા દ્વારા DJ વગર ગણેશોત્સવની ઉજવણી સાથે લોકોમાં આત્મહત્યા નિવારણ અંગે જાગૃતિ ફેલાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. (૩) નવ યુવક મંડળ, ભગત મહોલ્લા દ્વારા DJ વગરની ઉજવણી કરવામાં આવી છે. સાથે અગાઉના વર્ષ કરતાં ગણેશ પ્રતિમાની ઊંચાઈમાં ૧૦ ફૂટનો ઘટાડો કરીને પર્યાવરણ પ્રત્યેની જવાબદારીનું સુંદર ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું હતું. (૪) એકતા યુવક મંડળ, રાજનનગર દ્વારા ટિશ્યૂ પેપરથી ગણેશ પ્રતિમા તૈયાર કરવામાં આવી અને વિસર્જન માટે કૃત્રિમ કુંડનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. (૫) શ્રી વાવડી ગણેશ મહોત્સવ અને શ્રી નાની છીપવાડ મંડળ દ્વારા આશરે ૩ ફૂટની ગણેશ પ્રતિમા સાથે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. (૬) હનુમાન ભજન અને સેવા મંડળ દ્વારા આશરે ૫ ફૂટની ગણેશ પ્રતિમા સાથે રોડ સેફટી અને ટ્રાફિક જાગૃતિ અંગે લોકોને માહિતગાર કરવામાં આવ્યા છે. (૭) કર્મભૂમિ હાઈટ્સ હાઉસિંગ સોસાયટી દ્વારા સોસાયટીમાં વોટર હાર્વેસ્ટિંગની પહેલ હાથ ધરીને પાણીનો બગાડ ઘટાડવા અને પાણીના સંરક્ષણ માટે પ્રયાસ કરવામાં આવ્યો હતો. (૮) સ્વસ્તિક યુવક કલબ, સુરત દ્વારા પર્યાવરણને અનુકૂળ ગણેશ પ્રતિમા, DJ વગરની ઉજવણી અને કૃત્રિમ કુંડમાં વિસર્જન જેવી પહેલ કરવામાં આવી હતી.

### ૧૯ વર્ષીય યુવતીનો પીછો કરી હેરાન કરતી વ્યક્તિથી

# વલસાડ અભયમ ૧૮૧ એ યુવતીને ભયમુક્ત કરાવી

**અભયમ ૧૮૧ ટીમે પરિવારને સાથે રાખી પોલીસ ફરિયાદ માટે જરૂરી માર્ગદર્શન આપ્યું : ભય અને માનસિક તણાવમાંથી બહાર આવવા હિંમત આપી આત્મવિશ્વાસ વધાર્યો**

(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા.૩૦ :** વલસાડ જિલ્લાના નજીકના વિસ્તારમાંથી ૧૯ વર્ષીય યુવતી તથા તેના પિતા દ્વારા મહિલા હેલ્પલાઈન અભયમ ૧૮૧ પર મદદ માટે સંપર્ક કરવામાં આવ્યો હતો. યુવતી કોલેજમાં અભ્યાસ કરતી હતી અને સાથે પાર્ટ-ટાઈમ નોકરી પણ કરતી હોવાનું જાણવા મળ્યું હતું.

યુવતીના જણાવ્યા મુજબ, તે જ્યારે પગપાળા કોલેજ જવા નીકળતી ત્યારે એક અજાણ્યો વ્યક્તિ હેલ્મેટ પહેરી બાઈક પર આવતો અને તેનો પીછો કરતો હતો. આ વ્યક્તિ દરરોજ નહીં પરંતુ અઠવાડિયામાં ક્યારેક-ક્યારેક આવતો હોવાથી શરૂઆતમાં યુવતીએ આ બાબત પોતાના માતા-પિતાને જણાવી ન હતી.

પરિવારને જાણ થશે તો તેનો અભ્યાસ બંધ કરાવી દેશે તેવા ભયના કારણે યુવતી આ બાબત અંગે ચૂપ રહી હતી.

આ પ્રકારની ઘટનાઓને કારણે યુવતીમાં ભય અને માનસિક તણાવ વધ્યો હતો અને તે કોલેજ જવા માટે પણ ગભરાવા લાગી હતી. બનાવના દિવસે યુવતી કોલેજ જવા નીકળેલી હતી ત્યારે રસ્તામાં બાઈક પર આવેલા અજાણ્યા વ્યક્તિએ બાઈક ઊભી રાખી યુવતીને બાઈક પર બેસી જવા જણાવ્યું હતું.

આ પરિસ્થિતિમાં યુવતી ગભરાઈ ગઈ હતી અને તેણે પોલીસને જાણ કરવાની વાત કરતાં તે વ્યક્તિ ત્યાંથી ચાલ્યો ગયો હતો. યુવતીએ સાવચેતીરૂપે બાઈકનો ફોટો લઈ લીધો હતો. બાઈકચાલકે હેલ્મેટ પહેરેલું હોવાથી યુવતી તેનો ચહેરો જોઈ શકી ન હતી અને તેની ઓળખ અથવા રહેઠાણ અંગે પણ તેને કોઈ માહિતી ન હતી. યુવતીને ભય અને માનસિક તણાવમાંથી બહાર આવવા માટે હિંમત તથા આત્મવિશ્વાસ જાળવવા અને મુશ્કેલ પરિસ્થિતિમાં યોગ્ય નિર્ણય લેવા અંગે સમજ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ત્યારબાદ અભયમ ટીમ દ્વારા યુવતીના માતા-પિતા તથા પરિવારજનો સાથે પણ જરૂરી ચર્ચા કરવામાં આવી હતી.

અભયમ ૧૮૧ ટીમ દ્વારા સમગ્ર ઘટનામાં યુવતીની સુરક્ષા અને માનસિક સ્થિતિને પ્રાથમિકતા આપી તેને જરૂરી કાઉન્સેલિંગ, સમજ અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. જે બદલ યુવતી તથા તેના પરિવારજનોએ અભયમ ૧૮૧ ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ચર્ચાનો ચોતરો

**નોંધ:** દમણગંગા ટાઈમ્સમાં દર ગુરૂવારે ચર્ચાનો ચોતરો વિભાગમાં વાચકો પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે છે. લખાણની સંપૂર્ણ જવાબદારી ચર્ચાપત્રીની છે, તંત્રી કે સંપાદક વાચકોના અભિપ્રાય કે મંતવ્યો સાથે સંમત છે તેમ માની લેવું નહિ. -**સંપાદક**

## જિંદગીનાં રસ્તામાં લપસી જવાય તો... !

**અશરફ ચુડાસમા**
**ભીલાડ**



સફળતા અને નિષ્ફળતા હાર અને જીત એક સિક્કાની બે બાજુ છે. એટલે જ નિષ્ફળતા કે હાર અથવા તો કોઈપણ સંજોગોમાં પછડાટ મળે ત્યારે પડ્યા ન રહીએ.

આ બાબતમાં અબ્રાહમ લિંકનનો દાખલો નજર સામે રાખ્યા જેવો છે. ચૂંટણીમાં અનેકવાર નિષ્ફળ ગયા પછી પણ ક્યારેય તેમણે હાર સ્વીકારી નહોતી. એકવાર સેનેટની ચૂંટણીમાં જીતવાની તેમને ઘણી જ આશા હતી. પરિણામ સાંભળવા માટે તે પોસ્ટ ઓફિસ જઈને બેઠા હતાં. પરિણામ ખરાબ આવ્યું. એક વધુ નિષ્ફળતાનો ઉમેરો થયો. એ દિવસે વરસાદને કારણે રસ્તા પર કાદવ જામ્યો હતો. પોસ્ટ ઓફિસથી પાછા ફરતી વખતે ચાલતાં ચાલતાં લિંકનનો પગ લપસી ગયો. પડતા પડતા માંડ બચ્યાં. પણ એ સાથે જ એમનાં મનમાંથી કોઈ જાણે બોલ્યું, 'This is a slipnot a fall.' હું લપસી ગયો છું- પડી ગયો નથી.

આ વાત એમણે પોતાની ચૂંટણીનાં સંદર્ભમાં વિચારી, અને થોડા વખત પછી ફરી ચૂંટણીમાં ઝુકાવ્યું. આ વખતે ચૂંટણી સેનેટના સભ્યની નહીં પણ અમેરિકાના પ્રમુખની હતી. અને એ ચૂંટણીમાં એમની જીત થઈ અને એ અમેરિકાના પ્રમુખ બન્યા!

જિંદગીનો રસ્તો જ એવો છે કે ચાલનાર ક્યારેક લપસી જાય, ક્યારેક પડી જાય, પરંતુ પડી રહેનાર પડ્યો જ રહે તો એનું ભાવિ નક્કી જ થઈ જાય. જો એ ઉભો થાય અને ચાલવાની કોશિશ કરે તો ક્યારેક પણ પોતાની મંજિલ સુધી પહોંચી શકે છે.

આપણે યાદ રાખવું જોઈએ કે જિંદગીની બાજી કોઈ ક્યારેય હારી શકતું નથી. જે જીવે છે એની સામે પોતાનાં અગણિત રહસ્યો જિંદગી ખુલી કરતી જ રહે છે. અનેક નવા નવા રસ્તાઓ બતાવતી જ રહે છે. જિંદગીની રમતને જરા જુદી ચાલથી, જુદા વિકલ્પથી, જુદા મિજાજથી, રમીને જીત મેળવવાની સફળતા પ્રાપ્ત કરવાની કોશિશ શા માટે ન કરવી ?

## નશાના કારોબાર સામે તંત્રની લાલ આંખ જરુરી

**અશોક જોષી,**
**બીલીમોરા**



શહેરો અને ગામડાઓમાં સાંજ પડતાં જ અવાવરૂ જગ્યાઓ, કેફે, પાર્ટી પ્લોટ કે ખુલ્લા મેદાનોમાં એકત્ર થતી યુવા પેઢી ધીમે ધીમે નશાના અંધકારમય રવાડે ચઢી રહી છે. ડ્રગ્સનું આ વધતું જાળું માત્ર એક વ્યક્તિ નહીં પરંતુ સમગ્ર પરિવાર અને સમાજને બરબાદ કરી રહ્યું છે. દેશનું ભવિષ્ય ગણાતું આપણું યુવાધન જો આ રીતે પતન તરફ ધકેલાશે, તો આગામી સમયમાં સમાજ, રાજ્ય અને સમગ્ર દેશ માટે અત્યંત ભયાવહ અને ચિંતાજનક સ્થિતિ સર્જાશે. સમયસર જાગૃત થઈને યોગ્ય પગલાં નહીં લેવાય તો બહુ મોડું થઈ જશે. યુવાનો સુધી માદક પદાર્થો પહોંચાડતા સ્થાનિક પેડલરો અને આંતરરાજ્ય ડ્રગ સિન્ડિકેટના મુખ્ય સૂત્રધારોને ઝડપી પાડવા હવે અનિવાર્ય બન્યું છે. માત્ર નાના નશાખોરો સામે કાર્યવાહી કરવાથી આ દૂષણ અટકવાનું નથી, પરંતુ તેના મૂળ સુધી પહોંચીને ડ્રગ ડીલરોનું નેટવર્ક તોડવું જરૂરી છે. આ ગંભીર પરિસ્થિતિને ડામવા માટે પોલીસ વિભાગ, સ્થાનિક વહીવટી તંત્ર, નાર્કોટિક્સ સેલ અને સામાજિક સંસ્થાઓએ સંયુક્ત ઉપક્રમે ઝુંબેશ ચલાવવી એ આજના સમયનો મોટો તકાજો છે.

સંવેદનશીલ વિસ્તારોમાં સઘન પેટ્રોલિંગ, નાઈટ ચેકિંગ અને બાતમીદારોનું સક્રિય નેટવર્ક ઊભું કરવું પડશે. આ સાથે શાળાઓ અને કોલેજોમાં જાગૃતિ અભિયાનો ચલાવવા તેમજ વાલીઓએ પણ સંતાનોની ગતિવિધિઓ પર નજર રાખવી એટલી જ આવશ્યક છે. વહીવટી તંત્ર અને સમાજના સંયુક્ત પ્રયાસોથી જ યુવાધનને બચાવી શકાશે.

## કેફી દ્રવ્યો અને મોબાઇલનું વ્યસન વિનાશ નોતરે છે

**-એક જાગૃત નાગરિક,**
**વાપી**

આપણે વર્ષો પૂર્વે અંગ્રેજોની ગુલામીમાંથી આઝાદ થયા. પરંતુ વ્યસનોએ આપણને ગુલામીમાં જકડી રાખ્યા છે, તેમાંથી ક્યારે આઝાદ થઈશું? વ્યસન એટલે કોઈપણ વસ્તુનું વારે વારે સેવન કરવું અને તેના વગર બિલકુલ ચાલે નહીં; જેમાં દારૂ, સિગરેટ, બીડી, પાન, તમાકુ, તપખીર, ડ્રગ્સ વગેરે માદક દ્રવ્યો આવે. આજના આધુનિક યુગમાં બીજું વ્યસન નાના મોટા દરેકમાં જોવા મળે છે અને તે છે મોબાઈલ ફોન નું વ્યસન. ચા-કૉફીની લત તો સામાન્ય છે, આપણી નજર સમક્ષ દારૂડિયો દારૂ પીને ભાન ભૂલેલો, લથડિયાં ખાતો કે રસ્તા ઉપર ગમે ત્યાં પડેલો દેખાય અથવા મોડી રાત્રે દારૂ પીને ગાડી ચલાવતા અકસ્માત કર્યો હોય એટલે પોલીસ ચોકીમાં બંધ મળે. પાન, પડીકી કે તમાકુનું પણ આવું જ છે. રસ્તામાં ખૂણે ખાંચરે, રેલવે સ્ટેશન કે કોઈપણ લિફટમાં પાનની પિચકારી ઉડાડેલી જોવા મળે છે. સિગરેટના પૅકેટ ઉપર ચેતવણી લખેલી હોય છે, ફિલ્મોમાં પણ ચેતવણી આવે છે. છતાંય તેને માણસ નજર અંદાજ કરીને સિગરેટ ફૂંકતો નજરે પડે છે. પુરુષો જ નહીં સ્ત્રીઓ પણ દારૂ અને સિગરેટનું સેવન કરતી જોવા મળે છે.

સમગ્ર દેશ ના મુખ્ય શહેર એટલે કે મેટ્રો શહેર અને હવે ગુજરાત તેમજ દક્ષિણ ગુજરાતમાં પણ ગેરકાયદે ઠેર ઠેર હુક્કા પાર્લર ખૂલી ગયાં છે તેમાં યુવા વર્ગ નજરે પડે છે. શાળા અને કૉલેજોમાં કોઈ કોઈ વિદ્યાર્થીઓ અફીણ, ચરસ-ગાંજાનું સેવન કરતાં હોય છે. આવાં બધાં માદક પદાર્થોથી નશો ચઢે છે તેની લહેજત થોડા વખત માટે રહે છે. પરંતુ લાંબા ગાળે તન,મન અને ધનનો વિનાશ થાય છે જ્યારે હવે આધુનિક જમાનામાં કોરોના કાર્ડ દરમિયાન મોબાઈલ ફોન લોકો માટે અનિવાર્ય બની ગયો છે હતો હવે તેની લત નાના બાળકોથી લઈ વૃદ્ધ સુધી પહોંચ્યો છે. હવે જો કોઈ કામના છોતરે કે ઓટલે ચાર માણસ બેસીને વાત કરતા હોય તેવું દ્રશ્ય ભાગ્ય જ જોવા મળે છે મોટાભાગના લોકો પોતાના મોબાઈલ ફોનમાં જ વ્યસ્ત હોય છે જે હવે મોબાઈલ ફોન હવે લોકો માટે એક વ્યસન બની જવા પામ્યો છે.

## વૃદ્ધાશ્રમો કેમ વધતાં જાય છે?

**હર્ષદ દેસાઈ**
**વટાર**



આજની યુવા પેઢી હવે તુંડમિજાજી, આઝાદ અને સ્વચ્છંદી બની ગઈ છે. તેઓ પોતાની જિંદગી અલગ રીતે જીવવા માંગે છે. આજની પેઢીને માવતર આંખમાં કણાની જેમ ખૂંચે છે. માવતર ઘરે હોય તો એમને એમની સ્વતંત્રતા અને આઝાદી છીનવાઈ જતી હોય એવું લાગે છે. હવેની પેઢીને સવારે મોડું ઊઠવુ ને રાતે મોડા સુધી જાગવું અને ઘરે જમવાની માથાકૂટમાં પડ્યા વગર બહારનું ફાસ્ટ ફૂડ જમી લેવું અને મોબાઈલની દુનિયામાં રચ્યાપચ્યા રહેવું ગમે છે. પોતાના માવતર ઘરે હોય તો છોકરાઓ તથા પુત્રવધૂઓ મનમાની કરી શકતાં નથી, કારણકે વડીલો દરેક બાબતમાં સંતાનોને ટોકે છે.

આ ઉપરાંત હવે પતિ પત્ની બંને નાની મોટી નોકરી કરતાં હોય છે એથી માવતરનો પૂરેપૂરો ખ્યાલ રાખી શકતાં નથી. બીજુ સંતાનોને માવતર પ્રત્યેની લાગણી પણ ધીમેધીમે ઓછી થવા લાગી છે. અગાઉના વખતમાં એક માવતર પોતાનાં છથી આઠ દીકરા દીકરીઓનો સારી રીતે ઉછેર કરતાં હતાં, જ્યારે અત્યારે ચાર દીકરાઓ પણ એક માવતરને સારી રીતે સાચવી શકતાં નથી અને માવતરને રાખવાનાં વારા નક્કી કરે છે અથવા તો વૃદ્ધાશ્રમમાં મૂકી આવે છે. એ તો ઠીક જ્યારે પોતાની માતા કે પિતા વૃદ્ધાશ્રમમાં અંતિમ શ્વાસ લે છે ત્યારે એમનો મૃતદેહ પણ લેવાં આવતાં નથી કે અંતિમ ક્રિયામાં પણ હાજરી આપતાં નથી. આ કળિયુગની વાસ્તવિકતા છે. માટે આજના બદલાયેલાં સમાજમાં ઘરડાં ઘરો

## આપણા વડવાઓને સાચવવું એજ સાચુ પિતૃતર્પણ

**ચંદ્રકાંત પ્રભાકર**
**મગોદ ડુંગરી**



ભારતીય સનાતન પરંપરામાં સંબંધોમાત્રદેહ પૂરતા સિમિત નથી પરંતુ દેહવાસન પછી પૂર્ણ આત્મા સાથે અખંડ જોડાયેલા રહે છે. ભાદરવા વદ એકમથી અમાસ સુધીનો સમયગાળો શ્રાદ્ધપક્ષ કે પિતૃપક્ષ તરીકે ઓળખાય છે. આ પર્વ કોઈ શોક કે વિષાદનું નથી પરંતુ પૂર્વજો પ્રત્યે શ્રદ્ધા, પ્રેમ અને કૃતજ્ઞતા વ્યક્ત કરવાનું પવિત્ર આધ્યાત્મિક અનુષ્ઠાન છે. પિતૃઓનું સ્મરણ અને સન્માન આપણી આધ્યાત્મિક ચેતનાને પાવન બનાવે છે.

ભાદરવા વદ એકમથી અમાસ સુધી પિતૃઓને યાદ કરીને તેમની પાછળ ધાર્મિક વિધિ અને ભોજન કરાવવાની પરંપરા સદીઓથી ચાલી આવી છે. પિતૃતર્પણ હિન્દુશાસ્ત્રની પ્રાચીન પરંપરા શાસ્ત્રોમાં દેવતાઓને પ્રસન્ન કરવા પહેલા પિતૃઓને પ્રસન્ન કરવામાં આવે છે. આ પિતૃઓ એટલે કોણ...? આપણા જ પરિવારના પૂર્વજો, વડવાઓ અને સ્વજનો જે આપણી વચ્ચે ઘણા વર્ષો રહ્યા બાદ સ્વર્ગવાસ થયા. મૃત્યુ બાદ એમના પ્રત્યેના આદરભાવ વ્યક્ત કરવો એ આપણી ભાવના છે.આ પંદર દિવસ પિતૃઓની પ્રસંશા માટે મકાનની છત પર કાગડાઓને દૂધ, દહીં, ઘી, મધ, ખીર અને પુરી પકવાન પિતૃઓને આપવા, કાગવાસ નાંખી બ્રાહ્મણઓને ભોજન કરાવવા અને કુટુંબીજનો એક સાથે ભેગા મળીને ભોજન કરવાની પ્રથા છે. આ આખી પ્રક્રિયાનો હેતુ એટલો જ હોય છે કે આપણા પૂર્વજો પ્રસન્ન રહે અને જ્યા હોય ત્યાં એમના આત્માને શાંતિ મળે. મૃત્યુ બાદ એમના પ્રત્યેના આદરભાવ વ્યક્ત કરવો અને ઉદાત ભાવના છે પરંતુ જીવતેજીવ આપણે એમને પ્રસન્ન રાખ્યા છે ખરા...? શ્રાદ્ધ પર્વમાં કરોડો લોકો પૂર્વજોની તૃપ્તિ માટે તર્પણ અને પિંનદાન કરે છે. પરંતુ કડવી વાસ્તવિકતા એ છે કે પોતાના સમગ્ર જીવનની મૂડી યુવાનીમાં સંતાનોના સુખ પાછળ ખર્ચી નાખનારા અસંખ્યમાં - બાપ આજે વૃદ્ધાશ્રમની એકલતામાં આંસુ સારે છે. કમનશીબે ઘણા પરિવારોમાં વડીલોની ઘડપણમાં હાલત દયનીય હોય છે. આખેઆખુ જીવન સંતાનોની પાછળ ખર્ચી નાંખી માઁ - બાપની પૂર્વ સંધ્યાએ સંતાનો હદધૂત કરતા હોય છે. જીવનભરનું ભાથું સંતાનો પ્રત્યે વેડફી નાખનારા પ્રત્યે સંતાનોના બદલાયેલા મિજાજ તેમના ઋણને જીવતાજીવ સમજતા નથી જેના કારણે માણસનું જીવન દર્દનાક બની જાય છે. માતા પિતા જીવંત હોય ત્યારે તેના હ્રદયને ઠેસ પહોંચાડી હોય તેમના જીવતાજીવ તડછોડાયેલા માઁ બાપ પાછળનું તર્પણ એ શ્રાદ્ધ નહી, દંભ છે. જીવતેજીવ પ્રેમ અને સન્માનનો એક ઘૂંટડો પાણી ન આપનાર સંતાન મૃત્યુ પછી ખીર કે દૂધપાકનો ભોગ ચઢાવે તે શ્રાદ્ધ નહી પણ સામાજીક દેખાડો છે.શ્રાદ્ધનો સાચો અર્થ પૂર્વજો પ્રત્યેની કૃતજ્ઞતા છે આ કૃતજ્ઞતાની ખરી શરૂઆત ઘરમાં બેઠેલા જીવંત દેવ સમાન માઁ બાપના સ્નેહપૂર્ણ આદર અને સેવાભાવથી જ થાય છે. ભારતીય સનાતન સંસ્કૃતિમા કૃતજ્ઞતા એ માત્ર લાગણી નથી પણ જીવન જીવવાની એક ઊંડી આધ્યાત્મિક શૈલી છે.માનવીને જીવનમાં સમુદ્ધિ મળે છે પરંતુ સુખશાંતિ ખરા અર્થમાં મળતી નથી આ માટે રચનાત્મક વિચારસરણી તથા ઉમદા ગુણો જીવનમાં વણવાની જરૂર છે. આપણા વડવાઓને જીવતેજીવ સ્નેહ, લાગણી અને સન્માન સાથે પ્રેમ આપજો જેથી ઘડપણ સારી રીતે સુખમય અને આનંદીત પસાર થાય એ જોશો. આપણા વડવાઓને સાચવવું એ જ સાચું પિતૃતર્પણ.

## હિંમત હોય તો હિમાલય પણ રસ્તો આપી દે ભેરુ !

**નીતા પી.જાદવ**
**રાજકોટ**



જીવનમાં મુશ્કેલીઓ તો સૌના રસ્તે આવે છે, પરંતુ મુશ્કેલી સામે ઊભા રહેવાની હિંમત બહુ ઓછા લોકોમાં હોય છે. હિંમત એ માત્ર યુદ્ધના મેદાનમાં તલવાર ઉઠાવવાનું નામ નથી; હિંમત એટલે સત્ય માટે એકલા ઊભા રહેવું, ઈમાનદારીથી જીવવું, અન્યાય સામે અવાજ ઉઠાવવો અને પોતાના સિદ્ધાંતો માટે કોઈ પણ કિંમત ચૂકવવાની તૈયારી રાખવી.

રસ્તો બંધ હોય તો ફરિયાદ શા
માટે કરવી,
હિંમત હોય તો પથ્થરમાંથી પણ
રાહ કરવી.

સત્યની રાહ ક્યારેક કાંટાથી ભરેલી હોય છે. ખોટું બોલીને, છેતરપિંડી કરીને કે શૉર્ટકટ અપનાવીને મળેલી સફળતા કદાચ ઝડપથી મળે, પરંતુ આત્મસંતોષ ક્યારેય મળતો નથી. ઈમાનદારીથી કમાવાની હિંમત એ જ સાચી સંપત્તિ છે. પરસેવાની કમાણીમાં ભલે થોડું હોય, પણ એમાં માણસનું ગૌરવ છુપાયેલું હોય છે.

સમાજની સાચી તાકાત ત્યારે દેખાય છે જ્યારે કોઈ સ્ત્રી પર અન્યાય થાય ત્યારે આપણે 'એનો પ્રશ્ન છે' કહીને ચૂપ ન રહીએ. સ્ત્રીના સન્માન અને સુરક્ષા માટે ઊભા રહેવું માત્ર ફરજ નથી, માનવતાની કસોટી છે.

જે ઘરમાં દીકરી હસે, એ ઘર ઉજાસથી ભરાય,
સ્ત્રીને માન આપનાર સમાજ જ સાચો કહેવાય.

માત્ર સ્ત્રીઓ માટે જ નહિ, પણ મૂંગા અબોલ જીવોની રક્ષા કરવી ક્ષત્રિય ધર્મ છે એવું આપણા શાસ્ત્રોમાં લખ્યું છે. પહેલાના સમયમાં ગાયોના ધણ લૂંટવા આવતાં લૂંટારા સામે માથું કપાઈ જતું ને ધડ લડતું એના જીવતા જાગતા પુરાવા છે. આજના આધુનિક સમયમાં કાયદો, પોલીસ, શિક્ષણ અને જાણકારી હોવા છતાં લાખો કતલખાના ધમધમી રહ્યા છે ને અબોલ જીવો કપાઈને તરફડીને મરી રહ્યા છે.

મૂંગા જીવો માટે અવાજ ઉઠાવવો પણ માનવતાની ઓળખ છે. જે જીવો પોતાની પીડા શબ્દોમાં કહી શકતા નથી, તેમની આંખોમાં રહેલી વેદના સમજવાની હિંમત જોઈએ. કતલખાનાં બંધ કરવાની વાત માત્ર પ્રાણીઓની દયા પૂરતી નથી; તે આપણા અંતરમાં રહેલી કરુણાને જીવંત રાખવાની વાત છે.

આજના એકવીસમી સદીના ભારતમાં જ્યારે શિક્ષિત લોકોની ભરમાર છે, ત્યાં આજે પણ દરરોજ હજારો બળાત્કાર થાય છે અને સમાજ એને અવગણી રહ્યો છે.

બીજી તરફ જાતિવાદ જેવા દૂષણોને સહીસલામત રાખવા પોતાના જ કુટુંબના દીકરા અને દીકરીને Emotional Blackmail કરીને અથવા અમે તમને મોટા કર્યા અને અમારી આબરૂનું શું? સમાજ તમારો બહિષ્કાર કરશે... એવા અગણિત ધાક અને ધમકી આપીને તો ક્યારેક લાગણીઓને manipulate કરીને મનગમતા પાત્રને છોડી દેવા દબાણ કરે છે અથવા બીજે એનકેન પ્રકારે પરણાવી દે છે. પછી એ ખોટી આબરૂના ઢોલ વગાડી ખુશ થતા હોય છે.

સમાજમાં કોના ઘરે કેન્સર કે બીજી જીવલેણ બીમારી છે, કોના બાળકોને ભણાવવા પૈસાની તંગી છે, કોના ઘરમાં ખાવા ધાન નથી ને કોના માથે દેવું ચડેલું છે આ બધી જાણ હોવા છતાંય સમાજ ખાલી સલાહ આપે અને અમુક વળી, પ્રખ્યાત થવા થોડી મદદ કરીને પોતાની આપબડાઈ કરે...

રૂઢિઓની દીવાલ સામે જે અવાજ ઉઠાવે છે,
એ જ આવતી પેઢીઓ માટે નવો રસ્તો બનાવે છે !

પણ સમાજની કુરીતિઓને બંધ કરવાની હિંમત નથી કરતાં. સભ્ય સમાજમાં શિષ્ટ લોકોનું સ્વાગત હોય, પ્રેમભર્યું વાતાવરણ હોય અને સાથ સહકાર અને સુરક્ષા - સન્માન હોય, પણ ઉલટું આજે પણ સમાજમાં બળાત્કારીઓ, લગ્ન બહાર સંબંધ રાખતા લોકો, નાતજાત, ઊંચનીચ અને ગરીબ- ફકીરના ભેદ કરતાં લોકો આગેવાન બની બેઠા છે. એ લોકો સામે બોલવાની કે સત્યને સાથ આપવાની હિંમત કરો અને કુરીતીઓ મુક્ત નવા સભ્ય સમાજની રચનાનો પાયો નાખવો સાચી હિંમત અને મર્દાનગી છે.

સમાજમાં કેટલીક રૂઢિઓ વર્ષોથી ચાલતી આવી હોય એટલે તે સાચી જ હોય એવું નથી. નવી વિચારધારા પ્રસ્થાપિત કરવા માટે પ્રશ્ન પૂછવાની હિંમત જોઈએ. પરિવર્તન હંમેશા વિરોધ વચ્ચે જ જન્મે છે. જે માણસ સમયથી આગળ વિચારે છે, શરૂઆતમાં કદાચ એકલો પડે, પરંતુ આવતી પેઢી માટે રસ્તો બનાવી જાય છે.

અને ગરીબોના હક્કની વાત? ગરીબની બાજુએ ઊભા રહેવું સૌથી મોટી સામાજિક હિંમત છે. જેના હાથમાં સત્તા નથી, જેના અવાજને ઘણી વાર કોઈ સાંભળતું નથી, તેના માટે બોલવું એ સાચી માનવતા છે.

'હકની વાતે જો હોઠ સીલાઈ જાય,
તો જીવતા હોવા છતાં માણસ મરી જાય.'

અંતે વાત એક જ છે—હિંમતવાળો માણસ પરિસ્થિતિને દોષ આપતો નથી, તે પરિસ્થિતિ બદલવાનો પ્રયાસ કરે છે.

પગમાં છાલા હોય તો પણ સફર અટકતી નથી,
હિંમત જીવતી હોય ત્યાં હાર ટકતી નથી.

આથી જ જીવનનો સંદેશ સ્પષ્ટ છે—સત્યની રાહે ચાલવાની હિંમત રાખો, ઈમાનદારીથી કમાવાની હિંમત રાખો, સ્ત્રી અને નબળાના હક્ક માટે લડવાની હિંમત રાખો, મૂંગા જીવો માટે કરુણા રાખો અને ખોટી રૂઢિઓ સામે નવી વિચારધારા ઊભી કરવાની હિંમત રાખો.

કારણકે, હિંમત મર્દને શોભા આપે... જીવતા મડદાંને નહિ !

## શિક્ષકોની માનસિક વેદના

**ડૉ. જે. એમ. નાયક**
**નવસારી**



જી.સી.ઈ.આર.ટી.ના પૂર્વ શિક્ષણ નિયામક દ્વારા ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણનું સ્તર નબળું પડવા પાછળના જવાબદાર કારણો જાણવા માટે એક સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. એમણે રાજ્યના ૫૦,૦૦૦ શિક્ષકો પર સર્વે કર્યો હતો. એ માટે એમણે ૨૭ પ્રશ્નો તૈયાર કર્યા હતાં. આ પ્રશ્નાવલી ગૂગલ ફોર્મમાં પ્રાથમિક શિક્ષકોને મોકલવામાં આવી હતી. આ સર્વેના એક ખૂબ જ મહત્વના તારણમાં ૯૫ ટકા શિક્ષકોએ જણાવ્યું હતું કે શિક્ષણ સિવાયની અન્ય કામગીરીના સતત ભારણથી એઓ માનસિક તાણ અનુભવે છે. આ અંગે શિક્ષકોમાં ભયંકર આક્રોશ જોવા મળે છે. વિદ્યાર્થીઓને ભણાવવા સિવાયના અન્ય અનેક કામોની સીધી અસર શિક્ષણ કાર્ય પર પડે છે. એક અહેવાલ મુજબ શિક્ષકો પાસે શિક્ષણ સિવાય ૫૦ કરતાં પણ વધારે અન્ય કાર્યો કરાવવામાં આવે છે. સરકાર દ્વારા બિન શૈક્ષણિક કામગીરીમાંથી મુક્તિ આપવાનો પરિપત્ર કરવામાં આવ્યો હોવા છતાં ગ્રાઉન્ડ લેવલે તો શિક્ષકોને અન્ય કામગીરી સોંપવામાં આવે જ છે. જ્યારે પ્રાથમિક શાળાના શિક્ષકો વર્ગખંડ છોડીને અન્ય કામગીરી માટે બહાર નીકળે છે ત્યારે વિદ્યાર્થીઓનું શિક્ષણ કથળે છે એ હકીકત છે. આપણે સૌ જાણીએ છીએ કે પ્રાથમિક શિક્ષણ એ વિદ્યાર્થીના ભવિષ્ય માટે પાયાનું શિક્ષણ છે. પ્રાથમિક શિક્ષણની બાળકના ભવિષ્ય પર ખૂબ જ ગંભીર અસર પડે છે. શિક્ષકો પર ભણાવવાને બદલે અન્ય કામગીરીના વધતા જતા બોજ માટે સરકારને અનેક વખત રજૂઆત કરવામાં આવે છે પરંતુ પરિણામ શૂન્ય છે. થોડા સમય પહેલા તો શિક્ષકોને કુતરા ગણવાનો પણ આદેશ થયો હતો. શિક્ષકોને વર્ગખંડમાં શૈક્ષણિક કાર્ય માટે સમય જ નથી મળતો જેની નકારાત્મક અસર શિક્ષણ પર પડી રહી છે. શિક્ષકોને વારંવાર શિક્ષણ સિવાયની અન્ય કામગીરી કરવી પડે તેથી તેઓને ભારોભાર માનસિક અસંતોષ રહે છે. જેને પરિણામે એઓ માનસિક તાણ અનુભવે છે. શિક્ષકો દ્વારા શિક્ષણ સિવાયની કામગીરીમાંથી મુક્તિ મેળવવા માટે આંદોલન કરવામાં આવે છે. પરંતુ એમાં એમને સફળતા મળતી નથી પરિણામે તેઓને હતાશા ઘેરી વળે છે. શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય પર થતી ગંભીર અસરને પરિણામે એની સીધી અસર વિદ્યાર્થીઓના શિક્ષણ પર પડતી હોય છે. કોઈ પણ સરકારે શિક્ષણને સૌથી વધુ પ્રાથમિકતા આપવી જોઈએ એને બદલે શિક્ષણ એ સરકારની પ્રાયોરિટીમાં આવતું જ નથી. ગુજરાતનું શિક્ષણ ખાડે ગયું છે એવા સમાચાર વાંચીને દુઃખ થાય છે. શિક્ષકો વર્ગખંડ થી દૂર થઈને અન્ય કામગીરીના ચક્રવ્યુહમાં ફસાયા છે એ વાતનો સ્વીકાર કરવો જ રહ્યો.

## સ્નેહના તાંતણે બંધાયેલા આપણે સહુ

**રાયસીંગ ડી. વળવી**
**ધરમપુર**



માનવ સંબંધો એક વ્યકિત સાથે બીજી વ્યકિત સાથેનાં ગાઢ વહેવારમાં અભિવ્યકત કરેલા સ્વભાવના વિવિધ રંગો કડવાં, મીઠાં, હાસ્યથી ભરેલા તો કયારેક વિષદ અને નિરાશાથી ભરેલા સમય સંજોગની આ બધી બલીહારી છે. મારા ભાઈ-બહેન સુખની છાયામાં આપણે વિહરવા મળતું હોય છે. તો કયારેક અચાનક આવી પડેલા અણધાર્યા દુખમાં પણ પ્રતિકાર કરી સહન કરવાનો વારો આવતો હોય છે. જો કે સમય સંજોગોની પરિસ્થિતિ એકધારી રહેતી નથી. સમય વર્તે સાવધાન થઈને જીવન જીવવવાનું હોય છે. સ્થિતિ પ્રવાહી હોય છે. જેમ નદીનું પાણી સરળતાથી નીચેના ભાગ તરફ વહેતુ હો છે. નીચાણવાળી જમીન પરથી ઊંચાણ તરફ પાણી કયારેય વહેતુ નથી. જો કે વૈજ્ઞાનિક શોધ હવે તો અવનવી થઈ ચુકી છે. નીચેથી ઉપર પાણી પહોચાડવા માટે પાઈપલાઈન મોટરથી જેવા સાધનોનો ઉપયોગ કરવો પડે છે. જેથી પાણી ઉપર ઠેઠ ટોચ શિખર સુધી પહોચાડી શકાય. જીવન માનવ જિંદગીમાં આ રીતેનો જ મહત્વનો ભાગ ભજવે છે. નમે તે સૌને ગમે. આપણ માનવીએ ગમે તેટલી શિક્ષણ દ્વારા ઉપાધિ ડીગ્રી સર્ટી મેળવ્યા હોય પરંતુ અભિમાન કે કોઈપણ મોટપ (ગર્વ) સિવાય નમ્રતા સફળતા અને એક બીજા વ્યકિત તરફ પ્રેમ સ્નેહોદર રાખીને જિંદગી જવવું જરુરી છે. બે હાથ જોડી અમે મળેલી વ્યકિતને આપણે વંદન કરી બે હાથ જોડી નમસ્કાર કરીએ. ત્યારે સામેની વ્યકિતે પણ ખુબ જ આનંદ થતો હોય છે. સ્નેહના તાપણે બંધાયેલા સહુ આનંદ સુખમંદની અનુભુતિ કરતાં જઈએ સૈતોષ એક પરમ સ્નેહની ભીના લાગણીનો અનુભવ કરી શકીએ છીએ. ઉદ્વેગ નહી, પરંતુ અનુરાગથી એક માણસે બીજા માણસને ચાવો જોઈએ અંતરની સાચી લાગણીથી એક વ્યકિતએ અન્ય વ્યકિતને ચાહવી જોઈએ. પ્રેમની અમી નજરથી મસાન રીતે બધાને જોવા જોઈએ. તો જ સાચુ સહજ નિર્દોષ જીવન જીવ્યાનો અહેસાસ થઈ શકે. કયારેક આપણે આપણુ જીવનમાં આવી પડેલા ખાલીપાને દુર કરવા સ્નેહના તાતણે જોડવા પછી આનંદની હેલી કુદરત તરફથી વગર ખર્ચે મળશેને મળશે જ. એમાં બે મત નથી. માનવ દેહ અને જિંદગી મળી છે. એ જ મોટી વળ છે.

## કેવો ભયાનક સંસાર

**હર્ષદ દેસાઈ**
**વટાર**



માનવ જીવન પામીને કેટલાય જીવોની અત્યંત ભૂંડી હાલત થાય છે. ભારે ઊંચા અરમાનો સાથે સાસરે જતી કન્યા ઉપર કેટલી બધી આફતો ઝીંકાઈ જવાની શકયતાઓ હોય છે. ટુંક સમયમાં જ તે વિધવા થઈ શકે. પતિનો મારપીટનો ભોગ બની શકે. આરોગ્યથી સાવ ખતમ થઈ શકે. સંતાનો કજાત પાડી શકે. સાચુ સસરા અત્યંત પ્રતિકુળ બની શકે અને અંતે બિચારીના બધા જ અરમાનો ભાંગીને ભુકો થઈ જાય છે.

અરે, સાસરે વિદાય પછીના દુખમય સંસારની કયાં વાત કરુ. જન્મથી જ જીવની દુઃખમયતા કેટલીક વાટ શરુ થઈ જતી હોય છે. અપયશ બસીમારી, ગરીબી, અપમાન, ધિક્કાર વગેરે ઘણી બધી બાબતોથી કેટલાંય જીવો પોતાના આરંભના જીવનકાળથી જ સુખનાં મીઠો સ્વપ્નોના સપાટાબંધ વિસર્જનો જોતાં હોય છે. પરણેલો પુરુષ પણ સંસારમાં ઘણા બધા પ્રકારના દુખોનો મુકાબલો કરતો હોય છે. ધંધામાં બરકત ન આવવી, તબિયતથી ખલાસ થઈ જવુ, દુશ્મનોથી ઘેરાઈ જવું, સ્વજનોની અદેખાઈથી હિંમત હારી જવી, તેમની પ્રતિકુળતાઓથી વાજ આવી જવુ. બાળકોના વિકાસની ચિંતથામાં શેકાઈ જવુ. પત્નીના વિલક્ષણ જીવ નથી કે વિચરોથી ત્રાસી જવું. વેગેરે કેટલીય બાબતો પુરુષના જીવનને અકાળે અંધકારમય બનાવી દેતી હોય છે.

આથી જ જ્ઞાની પુરુષોએ આ સંસારને અસાર કહ્યો છે. સંસાર સુખમય તો છે જહી. કામ ચલાઉ સુખનો કોઈ ચમકારો જીવનમા આવી જાય તેટલા માત્રથી પોતાના સમગ્ર જીવનકાળમાં કે આખા સંસારમાં સુખમયતાની કલ્પના કરી શકાય નહી. પુણ્યનો આ ચમકારો જ ભલભલાની બુદ્ધિને ઉલ્લુ બનાવી દેતો હોય છે. સંસારથી વિરાગ પામવાની વાતને અટકાવી દેતો હોય છે. પણ સબુર જે જ્ઞાની આત્મા છે તે આમા ફસાતો નથી. આ સંસારના ધન, સ્તરી, સંતાનો, આરોગ્ય, ધંધો, રાજકારણ વગેરે તમામ પ્બકકારના સખોને આપણે બધુ મળીને દસ સુખ તરીકે ગણીએ તો સંસારમાં એકપણ જીવ એવો નહી મળે કે જેની પાસે દસેક પ્રકારના સુખ હશે. અરે કોઈ જીવ પાસે હજી કદાચ નવ સુખ હશે તોય એકાદ સુખની ખામી તેના નવેય સુખના સ્વર્ગીય જીવનને આગ લગાડી દેશે. એકાદ પણ સુખનો અભાવ, જીવનાં બાકીના બધા સુખોનું મુલ્ય ખતમ કરી દેતો હોય છે. એ સુખોની કોડીની પણ કિંમત ગણાવી દેતો હોય છે. પતિ આદિના બધા સુખોથી સંપન્ન સ્ત્રને જો એકાદ જ સંતાન સુખ નહી હોય તો તે બાકીના બધા સુખોને નકામા ગણી કાઢશે. અરે બીજા બધા દુખો સહિતની તે માતા થવાનું પસંદ કરશે. ભલે પછી ભિખારણ તેને બનવુ પડશે.

બીજી સ્ત્રી સંતાન વગેરેના બધા સુખોથી સંપન્ન હોય પણ તેનો પતિ જો દારુડિયો હશે તો તેનુ સ્વર્ગ સીધુ નરકના જીવનમા હોમાઈ જશે. આ ઉપરથી સમજાશે કે માણસને સુખના સદ્ભાવ કરતાં દુખનો અભાવ વધુ ઈષ્ટ છે. તેને બધા પ્રકારના દુખોનો અભાવ જોઈએ છે. એકાદ પણ દુખ તેના બધા સુખોને સળગાવી મારતુ હોય છે.

સંસારનું સુખ એટલે કેટલાક દુખોના ભેળવવા છુ જ હોય, વિનાશી જ હોય, આવા પ્રકારશના સુખોથી જ સંસાર સંપન્ન થાય છે. સંસાર આવા જ સ્વરૂપનો હોય આનાથી બીજા પ્રકાશના સુખમય સંસારની કલ્પના કરીને જેવો સંસારમાં પડે છે તેઓને નાસીપાસ થતા આઘાત લાગી જાય છે. આપઘાત કરવા માટે ધસી જાય છે આ બરોબર નથી.

ચોરીની હસ્તમિલાપ કરાવતાં ગોર મહરાજ સાવધાન શબ્દ બોલ્યા અને રામદાસ પાટલેથી ઉઠી ગયા ભાગી છુટયો. અને એ શબ્દોમાં ઘણુઅબધુ ઊડાણ દેખાયુ. સંસારની ભયાનકતાઓ સામે ગોરમહરાજ તેને સાવધાન રહેજે એવુ કહીને ચતવ્યાનો આભાસ થયો.

પરણીત જીવનના વૈભવ - વિલાસોને ભોગવતાં છતાં જનક વિદેહી અને ભરત ચક્રી એકાદમ સાવધાન ન હતા. કેમ કે તેઓ પુણ્યે મળેલા સંસારને પણ ગમે ત્યારે ઊથલી પડનારા પુણ્ય હોવાથી અસાર માનતા હતાં. સાચે જ સંસાર અસર છે એથી એમા ડાહ્યા અને સમજુ માણસો પડતા નથી. છતાં જો તેમને તેમાં પડવુ પડયુ હોય તો તેઓ તે સંસારના સુખીપણામાં

સ્થાનિક સમાચારો
● વલસાડ ● પારડી ● ધરમપુર ● કપરાડા ●વાપી ● ઉમરગામ ●દમણ ● સેલવાસ

Thursday 01, October 2026

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

# વલસાડ હોસ્ટેલમાં ભોજન-સુરક્ષા મુદ્દે ABVPનું સરપ્રાઈઝ ચેકિંગ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૩૦ :** ગુજરાતમાં છેલ્લા કેટલાય સમયથી હોસ્ટેલના ભોજનથી ફૂડ પોઈઝનિંગ, વિધાર્થીઓની સુરક્ષાને લઈને કેટલા કિસ્સા બનેલ છે. જેના માટે અખિલ ભારતીય વિધાર્થી પરિષદ દ્વારા ગુજરાત ભરમાં STUDENT'S રાઈડ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.જે STUDENT'S RAID's અંતર્ગત અખિલ ભારતીય વિધાર્થી પરિષદ વલસાડ નગર દ્વારા નૂતન કેળવણી મંડળ દ્વારા સંચાલિત કોલેજ હોસ્ટેલ માં વિધાર્થીઓ સાથે જઈ તપાસ કરવામાં આવી હતી. જેમાં હોસ્ટેલની અંદર કોઈ પણ સુરક્ષા કર્મી હાજરના હોવા, હોસ્ટેલની અંદર ચાલી રહેલ મેસમાં સડી ગયેલા તથા તદ્દન નીચી ગુણવત્તાના શાકભાજી જોવા મળ્યા, એક્સપાયર થયી ગયેલા પાપડ, સોસ જેવી અખાદ્ય સામગ્રી જોવા મળી, ખુલ્લા રાખેલા મસાલા, ખાંડ જેમાં કીડીઓ ફરી રહેલ હતી, કિચનની અંદર ખુલા ખોરાક પાસે ઉંદર તથા ગરોળી ફરતા જોવા મળ્યા, કિચનની અંદર બારી તૂટેલી હોવાથી તમામ જીવ જંતુ અંદર આવાની સમસ્યા કિચન ની બહાર જ મરેલુ ઉંદર મળી આવ્યું તથા સંપૂર્ણ કોલેજ હોસ્ટેલ કેમ્પસની અંદર વિધાર્થીઓને પીવાના પાણીની સુવિધા જ નથી અને વિધાર્થી/વિધાર્થિનીઓને પાણી ભરવા માટે દૂર અંધારામાં કોલેજની અંદર પાણી ભરવા જવું પડે છે. આવી તમામ સમસ્યાઓ જોવા મળેલ છે. અને આ સમસ્યાઓનું સમાધાન લાવવા તથા સુધારો કરવા વોર્ડન અને રેકટરને રજૂઆત કરવામાં આવી. જો આ અખાદ્ય ખોરાક થી કોઈ વિધાર્થીને ફૂડ પોઈઝનિંગ થાય અથવા સુરક્ષા કર્મીના હોતા કોઈ વિધાર્થીને સાથે અણબનાવ બને તો તેનું જવાબદાર કોણ?

# વલસાડ-પારડીના વકીલોમાં ગુજરાત ભાડા વિધેયક ૨૦૨૬' સામે ઉગ્ર રોષ



**૩ ઓક્ટોબર ૨૦૨૬ સુધી કોર્ટની તમામ અદાલતી કામગીરીથી અડગા રહેવાનો નિર્ણય લીધો**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, વલસાડ તા. ૩૦ :** રાજ્ય સરકાર દ્વારા લાવવામાં આવેલા નવા 'ગુજરાત ભાડા વિધેયક ૨૦૨૬' સામે વલસાડના વકીલ આલમમાં ભારે રોષ ફેલાયો છે. આ કાયદાની વિસંગતતાઓ અને અસમંજસભરી જોગવાઈ ઓના વિરોધમાં વલસાડ અને પારડી કોર્ટના વકીલોએ આજરોજ તા. ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬થી તા. ૩ ઓક્ટોબર ૨૦૨૬ સુધી કોર્ટની તમામ અદાલતી કામગીરીથી અડગા રહેવાનો નિર્ણય લીધો છે. વકીલોની હડતાળના પગલે ન્યાયિક કામગીરી ઠપ થઈ ગઈ છે. આંદોલનકારી વકીલોના જણાવ્યા અનુસાર, નવા વિધેયકમાં ન્યાયિક પ્રક્રિયાને બદલે જિલ્લા કલેક્ટર અને પ્રાંત અધિકારીની કચેરીને વ્યાપક સત્તાઓ સોંપવામાં આવી છે. આ જોગવાઈને કારણે પક્ષકારો અને વકીલો બન્ને માટે મોટી મુશ્કેલીઓ ઊભી થશે.

વકીલ મંડળનું સ્પષ્ટ માનવું છે કે નવા ભાડા વિધેયકમાં અનેક બાબતો અસ્પષ્ટ છે, જેનાથી ભવિષ્યમાં મકાનમાલિકો અને ભાડૂતો વચ્ચેના વિવાદો વધુ ગૂંચવાશે. વકીલોએ એકસૂરે માંગ ઉઠાવી છે કે તેમની માંગણીઓ પ્રત્યે યોગ્ય ધ્યાન આપવામાં નહીં આવે, ત્યાં સુધી તા. ૩ ઓક્ટોબર સુધી વકીલો અદાલતી કામગીરીથી દૂર રહી પોતાનો શાંતિપૂર્ણ વિરોધ ચાલુ રાખશે.

પારડીથી પ્રાપ્ત માહિતી મુજબ આજરોજ પારડી વકીલ મિત્રો હડતાળ પર ઉતર્યા હતા. વકીલ મંડળના સેક્રેટરી એડવોકેટ હિતેશ પટેલે જણાવ્યું હતું કે, આ બિલ જેથી સામાન્ય અને ગરીબ માણસને ન્યાય મેળવવો મુશ્કેલ બનશે. પારડી વકીલ મંડળના પ્રમુખ ભરતભાઈ પટેલ માર્ગદર્શન આપી રહ્યા છે. આ પ્રસંગે સિનિયર વકીલ મહેશભાઈ ભટ્ટ, અજીતભાઈ પટેલ, અશ્વિનભાઈ દેસાઈ, નીલભાઈ શેઠ, રોનકભાઈ રાણા, નિરવભાઈ દેસાઈ, રીંકલભાઈ, રશ્મિકાંતભાઈ, કલ્પેશભાઈ પટેલ, અક્ષયભાઈ યાદવ, જીગ્નેશભાઈ મપારા સાથે તમામ વકીલમિત્રો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

# સોમનાથ તળાવ ફરતે બ્યુટીફિકેશનની લાઇટો શોભાના ગાંઠિયા સમાન

**પાલિકાના ઠાલાં આશ્વાસન બાદ પણ કામગીરી ન થતાં રોષ, ૨જી ઓક્ટોબરે વિપક્ષનો મોરચા**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૩૦ :** બીલીમોરા નગરપાલિકા વિસ્તારમાં આવેલા ઐતિહાસિક સોમનાથ તળાવના બ્યુટીફિકેશન અંતર્ગત લાખો રૂપિયાના ખર્ચે મૂકવામાં આવેલી આકર્ષક લાઇટો છેલ્લા ઘણા સમયથી બંધ હાલતમાં હોવાથી સ્થાનિક રહીશોમાં ઉગ્ર રોષ ભભૂકી ઊઠ્યો છે. રાજ્ય સરકારની સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની અંદાજે રૂ. ૮૦ લાખની ગ્રાન્ટ હેઠળ તળાવ ફરતે લાઈટિંગ સહિતનું બ્યુટીફિકેશન સુરતની શ્રી સોમનાથ ડેવલપર્સ એજન્સી દ્વારા કરવામાં આવ્યું હતું.

જોકે, કામગીરી પૂર્ણ થયા બાદ તળાવ ફરતેની મોટાભાગની લાઇટો બંધ થઈ જતાં દેસરા વિસ્તાર તેમજ આસપાસની સોસાયટીના રહીશોને અંધારાનો સામનો કરવો પડી રહ્યો છે. આ મામલે પાલિકાના વિપક્ષી સભ્ય મલંગ કોલિયા દ્વારા લેખિત રજૂઆત કરવામાં આવી હતી, જેના પ્રત્યુત્તરમાં પાલિકા ચીફ ઓફિસરે ૧ સપ્ટેમ્બર ૨૦૨૬ના પત્ર દ્વારા ઈજારદાર મારફતે વાયરિંગનું સમારકામ શરૂ કરી દેવાયું હોવાની ખાતરી આપી હતી.

બીલીમોરા નગરપાલિકાની લેખિત ખાતરી છતાં આજદિન સુધી એક મહિના જેટલો સમય વીતી જવા છતાં તળાવ ફરતે લાઇટો ચાલુ કરવામાં આવી નથી, જેના કારણે પાલિકા તંત્ર અને ઈજારદારની મીલીભગત સામે ગંભીર સવાલો ઊભા થયા છે. ખુદ નગરપાલિકાની કચેરી પાછળ જ આવેલું આ તળાવ અંધારપટમાં ગરકાવ હોવા છતાં અધિકારીઓ આંખ આડા કાન કરી માત્ર કાગળ પર નોટિસો ફટકારીને સંતોષ માની રહ્યા હોવાનો વિપક્ષે આક્ષેપ કર્યો છે.

શું પાલિકામાં અધિકારીઓનું નહીં પણ ઈજારદારનું રાજ ચાલે છે? તેવા આકરા સવાલો સાથે વિપક્ષી સભ્ય મલંગ કોલિયાએ ચીમકી ઉચ્ચારી છે કે જો તંત્ર તાત્કાલિક પ્રજાના હિતમાં લાઈટો શરૂ નહીં કરાવે તો આગામી ૨જી ઓક્ટોબર,ગાંધી જયંતિના રોજ સાંજે ૮ કલાકે તળાવ કિનારે વિરોધ પ્રદર્શનનો જલદ કાર્યક્રમ યોજવામાં આવશે, જેની તમામ જવાબદારી પાલિકા વહીવટીતંત્રની રહેશે.

# અજરાઈગામનો વૃદ્ધ ગુમ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા,તા.૩૦ :** ગણદેવી તાલુકાના અજરાઈ ગામે હાથીયાવાડી, પટેલ ફળીયા ખાતે રહેતા ૮૨ વર્ષીય નિવૃત્ત ભગવાનભાઈ વિઠ્ઠલદાસ પટેલ ગત તા. ૨૨/૦૯/૨૦૨૬ના રોજ સવારે ૮ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી ગણદેવી જાઉં છું તેમ કહીને નીકળ્યા બાદ પરત ન ફરતા ગણદેવી પોલીસ મથકે ગુમ જાણવા જોગ રજી. નં. ૨૧/૨૦૨૬ અન્વયે નોંધ થઈ છે. તેઓ મધ્યમ બાંધાના, ઘઉંવર્ણ, આશરે ૫ ફૂટ ઊંચાઈ અને સફેદ વાળ ધરાવે છે તથા માથા પર ગ્રે કલરની ટોપી, વાદળી લાઈનિંગવાળો શર્ટ, કાળું પેન્ટ અને પ્લાસ્ટિકના ચંપલ પહેરેલા છે. ગુજરાતી, હિન્દી અને મરાઠી ભાષા જાણતા આ વૃદ્ધ અંગે કોઈને પણ જાણકારી મળે તો ગણદેવી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

# મોરાઈ હાઈવે પર અજાણ્યા વાહન અડફેટે વૃદ્ધનું મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૩૦ :** નેશનલ હાઈવે નં. ૪૮ પર મોરાઈ એચ.પી. પેટ્રોલ પંપ સામે અજાણ્યા વાહનની ટક્કરે આશરે ૭૦ વર્ષીય અજાણ્યા વૃદ્ધનું મોત નિપજતા વાપી ટ્રાફિક પોલીસ મથકે હિટ એન્ડ રનનો ગુનો નોંધાયો છે. ફરિયાદી સુરેશભાઈ સતીષભાઈ ધો. પટેલ (ઉં. ૩૭, રહે. ફૂલવાડી, ધરમપુર) એ જણાવ્યું કે તેઓ બગવાડા ને.હા.નં. ૪૮ હાઈવે પેટ્રોલિંગ મોબાઈલમાં નોકરી કરે છે. તા. ૨૮/૦૯/૨૦૨૬ ના સવારે ૮ થી તા. ૩૦/૦૯/૨૦૨૬ ના સવારે ૮ સુધી તેમની ફરજ પારડીથી નંદીગામ હાઈવે સુધી હતી. દરમિયાન તા. ૨૯/૦૯/૨૦૨૬ ના સવારે ૧૧:૪૦ વાગ્યે તેઓ સ્ટાફ ભૂમિત રસીકભાઈ પટેલ અને ડ્રાઈવર ઉદય નારણભાઈ પટેલ સાથે પેટ્રોલિંગમાં હતા. મોરાઈ એચ.પી. પેટ્રોલ પંપ સામે સુરતથી મુંબઈ જતા રોડ પર ટ્રાફિક જામ ક્લીયર કરતા હતા ત્યારે કોઈ અજાણ્યા વાહન ચાલકે અજાણ્યા વૃદ્ધને ટક્કર મારી નાસી ગયો હતો.

વૃદ્ધને માથા, જમણા હાથ અને મોઢા પર ગંભીર ઈજા થતા હાઈવે એમ્બ્યુલન્સ મારફતે પારડી સીએચસી લઈ જતા ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. પોલીસે અજાણ્યા ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# ખડકીની ક્વોરીના ઊંડા પાણીમાં યુવાનનું ડુબી જતાં મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૩૦ :** પારડી તાલુકાના ખડકીગામમાં આવેલ એક ક્વોરીના ઊંડા પાણીમાં એક યુવાનનું ડૂબી જવાથી મોત થયું છે. મળતી માહિતી મુજબ પારડી તાલુકાના ઓરવાડગામમાં આનંદ નગર ખાતે રહેતા નરેશ બાબુભાઈ રાઠોડ ઉં.વ. આશરે ૫૦ બપોરે ૨ વાગ્યાના સુમારે ખડકી ગામમાં આવેલી ક્વારીના ઊંડા પાણીમાં ડૂબી ગયો હતો. ઘટનાની જાણ થતાં જ સરપંચ શંકરભાઈ પટેલ તેમજ ગ્રામજનો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયા હતા ઘટના અંગે પારડી ચંદ્રપુર માગેલા લાઈફ સેવર ટીમને જાણ કરવામાં આવતા જીગ્નેશભાઈ માંગેલા, મંગેશભાઈ માંગેલા, સુખદેવભાઈ માંગેલાની ટીમ તુરંત સ્થળ પર દોડી આવી હતી અને ભારે જહેમત બાદ મૃતદેહને બહાર કાઢ્યો હતો.

આ બનાવ અંગેની જાણ થતાં જ પારડી પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. પરડી પોલીસે મૃતદેહને કબ્જે કરી પોસ્ટમોર્ટમ માટે ખસેડી આગળની કાયદેસરની વધુ તપાસ હાથ ધરી છે.

# ખેરગામની દિકરીએ ગોવામાં દોડમાં કાંસ્યચંદ્રક મેળવ્યો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ખેરગામ, તા. ૩૦ :** ખેરગામ તાલુકાના બહેજ પ્રા. શાળામાં અભ્યાસ કરી દોડવીર શિક્ષક ગુરુ પ્રવીણભાઈ પટેલના માર્ગદર્શનમાં રમતગમતમાં પ્રતિભાવંત બની પ્રેઝી (હાલ વ્યારામાં કદમ શાળામાં ધો. ૧૧ ભણતી)એ ગુજરાતનું નામ રોશન કર્યું છે. ખેરગામના મિશન ફળિયાની વતની પ્રેઝી ધનસુખભાઈ આહિરે ગોવાના બામ્બોલિમ અટલ સ્ટેડિયમ ખાતે યોજાયેલ ૩૭મી વેસ્ટ ઝોન જુનિયર એથ્લેટિક્ ચેમ્પિયનશિપ-૨૦૨૬માં શાનદાર પ્રદર્શન કરી કાંસ્ય ચંદ્રક હાંસલ કર્યો હતો.

તા. ૨૭ થી ૨૯ સપ્ટેમ્બર દરમિયાન બામ્બોલિમના અટલ એથ્લેટિક્સ સ્ટેડિયમ ખાતે યોજાયેલ સ્પર્ધામાં ૧૬ વય નીચેની કન્યા ના-૬૦૦ મીટર દોડમાં (ઈવેન્ટ-૧૨૮)માં પ્રેઝી ધ. આહિરે કુલ ૩,૦૬૪ પોઈન્ટ મેળવી તૃતીય સ્થાને વિજેતા થઈને કાંસ્ય ચંદ્રક મેળવ્યો હતો. ગોવાની આર્ચી કટકરે ૩,૫૩૯ પોઈન્ટ સાથે પ્રથમ સુવર્ણચંદ્રક, જ્યારે શાયલા નાઈકે ૩,૨૫૬ પોઈન્ટ સાથે દ્વિતીય સ્થાન- રજત ચંદ્રક મેળવ્યા હતા. ગુજરાતની અન્ય દોડવીર ગવળી સ્નેહલ અનિલભાઈએ છઠ્ઠું સ્થાન મેળવ્યું હતું. નાની વયે વેસ્ટ ઝોન કક્ષાની પ્રતિષ્ઠિત સ્પર્ધામાં પ્રેઝી આહિરે કાંસ્ય ચંદ્રક જીતી મેળવેલ સિદ્ધિથી ખેરગામ તાલુકા સહિત સમગ્ર ગુજરાતના રમતગમત ક્ષેત્રમાં ગૌરવની લાગણી પ્રસરી છે. પ્રેઝીની આ સિદ્ધિ બદલ નવસારી જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ તથા હાલ સભ્ય ભીખુભાઈ આહિર, બહેજ પ્રાથમિક શાળાના શિક્ષક પ્રવીણભાઈ પટેલ, પરિવારજનો, આહિર સમાજ, શાળા પરિવાર, શિક્ષણજગત તથા રમતપ્રેમીઓએ અભિનંદન પાઠવ્યા હતા. આગામી સ્પર્ધાઓમાં પણ -પ્રેઝી વધુ ઉચ્ચ શિખર હાંસલ કરી ખેરગામ અને ગુજરાતનું નામ રોશન કરે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# ગણદેવીમાં રખડતાં ઢોરના ત્રાસ સામે 'આપ' દ્વારા મામલતદારને આવેદન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા.૩૦:** ગણદેવી તાલુકા અને શહેર વિસ્તારમાં બેફામ રખડતાં ઢોરના વધતા ઉપદ્રવથી વાહનચાલકો અને રાહદારીઓ ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે. મુખ્ય માર્ગો, બજારો તેમજ રહેણાંક વિસ્તારોમાં અડીંગો જમાવી બેસતા પશુઓ અને અંદરોઅંદર બાખડતા આખલાઓને કારણે અકસ્માત તેમ જ ટ્રાફિક જામની ગંભીર સમસ્યા



સર્જાઈ રહી છે. ખાસ કરીને રાત્રિના સમયે માર્ગો પર અંધારામાં ઢોર ન દેખાતાં દ્વિચક્રી વાહનચાલકો માટે જીવનું જોખમ ઊભું થયું છે. આ વિકટ પરિસ્થિતિના કાયમી નિરાકરણની માંગ સાથે સોમવારે આમ આદમી પાર્ટી (આપ) ગણદેવી તાલુકા સંગઠન દ્વારા સોમવારે મામલતદારને લેખિત આવેદનપત્ર પાઠવી તાકીદે કાર્યવાહી કરવા રજૂઆત કરવામાં આવી હતી. આવેદનપત્રમાં પક્ષના આગેવાનોએ સ્પષ્ટ માંગ કરી હતી કે વહીવટી તંત્ર દ્વારા તાલુકાભરમાં તાત્કાલિક અસરથી ઢોર પકડવાની વિશેષ ઝુંબેશ શરૂ કરવામાં આવે અને પકડાયેલાં પશુઓને પાંજરાપોળ કે ઢોર ડબ્બે ખસેડવાની વ્યવસ્થા કરવામાં આવે. કોઈ નિર્દોષ નાગરિક અકસ્માતનો ભોગ બને તે પહેલાં તંત્ર નહીં જાગે તો આગામી દિવસોમાં ઉગ્ર વિરોધ પ્રદર્શન અને ધરણાં આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારાઈ હતી. આ રજૂઆત વેળાએ ગણદેવી તાલુકા પ્રમુખ રૂપેશ પટેલ, જલાલપોર વિધાનસભા પ્રમુખ બી. બી. પટેલ,સંગઠન મંત્રી વત્સલ પટેલ, નિખિલ તલાવિયા, ગિરીશ રાઠોડ, પ્રકાશ પટેલ અને અંકુર પટેલ સહિતના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# દમણ પોલીસે કચીગામનો ખૂન કેસ ઉકેલ્યો, બે ની ધરપકડ : ૩ ઓગસ્ટ સુધી રિમાન્ડ

**આરોપીઓની અગાઉ પણ ગંભીર ગુનામાં સંડોવણી : હજુ ફરાર એકની તપાસ : સીસીટીવી અને ટેકનિકલ સર્વેલન્સનો ઉપયોગ કરીને, પોલીસ સુરત આરોપીઓ સુધી પહોંચી**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**દમણ, તા. ૩૦ :** દમણ પોલીસે ૧૪ સપ્ટેમ્બરના રોજ કચીગામ વિસ્તારમાં થયેલા એક યુવકની હત્યાનો કેસ ઉકેલી નાખ્યો છે, જેમાં બે શંકાસ્પદોની ધરપકડ કરવામાં આવી છે. પોલીસના જણાવ્યા અનુસાર, બે શંકાસ્પદોની ઓળખ શૈલેષ રાકેશ સોની (૨૩) અને શનિ રામ સજીવન (૨૪) તરીકે થઈ છે. અન્ય એક શંકાસ્પદ આનંદ પાંડે ફરાર છે અને તેની શોધ ચાલુ છે.

દમણના પોલીસ અધિક્ષક કેતન બંસલે જણાવ્યું હતું કે, પોલીસના જણાવ્યા અનુસાર, ૧૪ સપ્ટેમ્બરના રોજ સાંજે લગભગ પૅંજ૫ વાગ્યે, દમણ પોલીસ કંટ્રોલ રૂમને કાચીગામમાં એક બાંધકામ હેઠળની ઇમારતની અંદર એક મૃતદેહ મળી આવ્યો હોવાની માહિતી મળી હતી. માહિતી મળતાં, કાચીગામ પોલીસ સ્ટેશન અને FSL ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. મૃતદેહ ઓળખી શકાયો ન હતો, અને મૃતકના માથા અને ચહેરા પર ગંભીર ઈજાઓ હતી. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મારવાડની સરકારી હોસ્પિટલ મોકલવામાં આવ્યો હતો. પોલીસે આ સંદર્ભમાં અજાણ્યા આરોપીઓ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૦૩ હેઠળ એફઆઈઆર નંબર ૪૮/૨૦૨૬, ગુનો નોંધીને તપાસ શરૂ કરી હતી.

સ્થાનિક તપાસ અને ચકાસણી બાદ પોલીસે મૃતકની ઓળખ સૈયદ અકરમ અલી (૩૭) તરીકે કરી હતી, જે સુરતના રૂસ્તમપુરાનો રહેવાસી હતો. તે વાપીમાં દૈનિક મજૂર તરીકે કામ કરતો હતો.

પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં મૃત્યુનું કારણ જીવલેણ ઈજાઓ હોવાનું બહાર આવ્યું હતું. તપાસ દરમિયાન એક હજારથી વધુ સીસીટીવી ફૂટેજ ચકાસવામાં આવ્યા હતાં જે દરમ્યાન જાણવા મળ્યું હતુ કે મૃતક દિનેશ ત્રણ અજાણ્યા વ્યક્તિઓ સાથે બાર અને રેસ્ટોરન્ટમાંથી બહાર નીકળતો જોવા મળ્યો હતો. પોલીસે વિવિધ સ્થળોએ એના આધારે ચુસ્ત તપાસ હાથ ધરતાં એક શંકાસ્પદ વ્યક્તિનું સ્પષ્ટ વર્ણન મળતાં એની ઓળખ શક્ય બની હતી. અને સુરતમાં બંને આરોપીઓની ધરપકડ કરાઈ હતી.

પોલીસના જણાવ્યા અનુસાર, શૈલેષ રાકેશ સોની વિરુદ્ધ સુરતમાં હત્યાના પ્રયાસનો અગાઉનો કેસ નોંધાયેલ છે. જ્યારે બીજા આરોપી આનંદ પાંડે વિરુદ્ધ ઉત્તર -દેશના સંત કબીર નગર જિલ્લાના મહદાવલ પોલીસ સ્ટેશનમાં હત્યાના પ્રયાસનો કેસ નોંધાયેલ હોવાનું જાણવા મળે છે. ધરપકડ કરાયેલા બંને આરોપીઓને દમણ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમને ૩ ઓક્ટોબર, ૨૦૨૬ સુધી પોલીસ કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા. પોલીસ ફરાર આરોપી આનંદ પાંડેની શોધ કરી રહી છે.

# વડોદરાની યુવતીને મુંબઈની હોટલમાં દારૂ-ડ્રગ્સ સેવન કરાવી દુષ્કર્મ આચર્યું હતું!

**ડુંગરા પોલીસે ભોગ બનનાર વડોદરાની એક ખ્યાતનામ કોલેજમાં અભ્યાસ કરતી યુવતીનું મેડિકલ ચેકઅપ કર્યા બાદ બળાત્કાર નો ગુનો દાખલ કર્યો**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૩૦ :** વડોદરાની યુવતીને મુંબઈની હોટલમાં બોલાવી દારૂ અને ડ્રગ્સનું સેવન કરાવી આબરૂ લૂંટવાનો પ્રયાસ કરવા મામલે ડુંગરા પોલીસે સુરતના ચાર સહિત પાંચ શખ્સો સામે બળાત્કાર સહિતની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધ્યો છે. પોલીસે બે આરોપીની ધરપકડ કરી પાંચ દિવસના રિમાન્ડ મેળવ્યા છે, જ્યારે ત્રણ શખ્સો હોસ્પિટલથી ભાગી ગયા હતા.

સુરતના ફૈઝાન મુલતાની, ફરીદ વાહીદ કોઠીયાવાલા, સલમાન, વસીમ અને વડોદરાનો શકફાન ઝફર શેખ કારમાં મુંબઈ ગયા હતા. પાંચેય હોટલમાં રોકાયા બાદ વડોદરાની ૨૦ વર્ષીય પરિચિત યુવતીને હોટલમાં બોલાવી હતી. યુવતીને દારૂ અને ડ્રગ્સનું સેવન કરાવી કામાવાસનામાં ચકચૂર બની શારીરિક અડપલા કરી હોઠ પર બચકું ભર્યું હતું. ટ્રેનમાં મુંબઈ ગયેલી યુવતી નશાની હાલતમાં લઈને પાંચેય યુવક કારમાં પરત ફરતી વેળા વધુ નશાને કારણે યુવતીની તબિયત લથડતા પાંચેય ગભરાઈ છરવાડાની હોસ્પિટલમાં લઈ ગયા હતા. ડોક્ટરને શંકા જતા પોલીસને જાણ કરતા ભાંડો ફૂટ્યો હતો. યુવતીનું મેડિકલ ચેકઅપ કરતાં તેની સાથે બળાત્કાર થયાનું બહાર આવતા પોલીસે આજે પાંચેય આરોપી સામે બળાત્કારનો કલમ નો ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે ભોગ બનનાર યુવતીને તેના વાલીઓને સુરત કરી હતી.

**જાયન્ટ ગૃપ ઓફ વાપી દ્વારા બૌદ્ધિક દિવ્યાંગ બાળકો માટે**

# દેગામની મુક-બધિર શાળામાં ડેન્ટલ ચેકઅપ કેમ્પ યોજાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૩૦ :** જાયન્ટસ ગૃપ ઓફ વાપી દ્વારા પ્રમુખ રિતેશભાઈ રાવલ અને ખ્યાતિ રાવલ ની આગેવાનીમાં વાપી નજીક દેગામ ખાતે આવેલી મૂક-બધિર તથા બૌદ્ધિક દિવ્યાંગ બાળકોની શાળામાં સેવાભાવી પ્રોજેક્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં આશરે ૧૩૦ વિદ્યાર્થીઓ તથા ૨૦ શિક્ષકો જોડાયા હતા.

આ પ્રસંગે વિદ્યાર્થીઓ માટે મફત ડેન્ટલ ચેકઅપ કેમ્પ યોજાયો હતો.

દંતચિકિત્સક ડો. અમ્બ્રિશ મણિયારે વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોના દાંતની તપાસ કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. જાયન્ટસ ગૃપ ઓફ વાપી દ્વારા વિદ્યાર્થીઓ માટે નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી, જ્યારે જા. ખ્યાતિ રાવલ દ્વારા બાળકોને બિસ્કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સેવાભાવી પ્રોજેક્ટમાં જાયન્ટસ ગ્પ ઓફ વાપી અને સિનિયર જા. હિતેન ભટ્ટ, જા. ચારુશીલાબેન અને જા. ખલીલ નુરાની સહિતના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

ડો. અમ્બ્રિશ મણિયાર દ્વારા કરવામાં આવેલી સેવાભાવી કામગીરી બદલ જાયન્ટસ ગૃપ ઓફ વાપી દ્વારા તેમને શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા હતા.

તેમજ ઉપસ્થિત શિક્ષકોનું ગુલાબ તથા રોઝ બુકે આપી સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન જા. હિતેન ભટ્ટ દ્વારા સુંદર ગીતોની રજૂઆત કરવામાં આવતા દિવ્યાંગ બાળકોમાં આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

ગીતોની રજૂઆત દ્વારા બાળકોનું મનોરંજન પણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સહજ યોગ, કુંડલિની જાગરણ અને ધ્યાન અંગે પણ બાળકોને સરળ રીતે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

સહયોગી ધર્મેશ પટેલે બાળકોને ધ્યાન અને યોગ અંગે ઉપયોગી માહિતી આપી હતી.

સમગ્ર સેવાભાવી પ્રોજેક્ટ જા. રિતેશ રાવલ - પ્રેસિડેન્ટ, જા. ખ્યાતિ રાવલ- ડી.એ.ના માર્ગદર્શન હેઠળ જાયન્ટસ ગૃપ ઓફ વાપી દ્વારા યોજાયો હતો.

# અન્ય સમાચારો

Thursday 01, October 2026
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Thursday 01, October 2026

## દુનિયા માટે મોટો દાખલો

ફેસબુક-ઈન્સ્ટાગ્રામની પિતૃકંપની મેટાએ અમેરિકાના રાજ્યોને જંગી રકમ ચૂકવવી પડશે તે બાબત સોશિયલ મીડિયા ઉપર નિયંત્રણોની દિશામાં નક્કર-મક્કમ પગલું છે. સોશિયલ સાઈટ્સ કે એપ્સ આજે અગત્યના જ નહીં, એક હદે અનિવાર્ય છે. તેના ફાયદા કે જરૂર છે તેટલી વિપરિત અસરો પણ છે અને આ અસરો જ્યારે એક હદ વળોટે ત્યારે તેને નિયંત્રિત કરવાની જરૂર ઊભી થાય. વિશ્વના અનેક દેશ હવે આ દિશામાં આગળ વધી રહ્યા છે. કારણ કે, સોશિયલ કહેવાતા આ મીડિયાની સોશિયલ રિસ્પોન્સિબિલિટી-સામાજિક ઉત્તરદાયિત્વ અંગે સવાલો ઊભા થયા છે. બાળકોના માનસિક-શૈક્ષણિક વિકાસ સહિતની બાબતોની ચર્ચા હવે આ સંદર્ભે વૈશ્વિક છે. મેટા કંપની ઉપર અમેરિકાના ૪૮ રાજ્યે ખટલો માંડયો હતો કે ઈન્સ્ટાગ્રામ અને ફેસબુકની આદત પાડીને તેમણે બાળકોના માનસિક સ્વાસ્થ્યને ભારે નુકસાન કર્યું છે. આ અંગેની ટ્રાયલ લાંબી ચાલે તે પહેલાં પોતાની કોઇ ભૂલ કે કાનૂની ગુનો સ્વીકારવો પડે તે પહેલાં વિવાદનો અંત લાવવા, ભાવિ જોખમથી બચવા મેટા ૧૮ બિલિયન યુએસ ડોલર એટલે ભારતીય ચલણ અનુસાર દોઢ લાખ કરોડ રૂપિયા ચૂકવવા તૈયાર થઇ ગઇ છે. મેટા અને અમેરિકાના રાજ્યો વચ્ચે કાનૂની સમજૂતી એવી થઈ છે કે, જેમની ઉંમર ૧૮ વર્ષથી ઓછી હશે તેવા ઉપભોક્તા એટલે કે કિશોર કે બાળકો દિવસમાં બે કલાક જ આ એપ્સનો ઉપયોગ કરી શકશે, તેનાથી વધારે સમયના ઉપયોગ માટે વાલીની મંજૂરી જોઈશે. રાત્રે ૧૨ વાગ્યાથી સવારે છ વાગ્યા સુધી એપ બંધ થઈ જશે. ઓસ્ટ્રેલિયામાં ૧૬ વર્ષથી ઓછી વયના બાળકો સોશિયલ મીડિયાનો ઉપયોગ નહીં કરી શકે તેવો નિર્ણય થતાં મેટાએ ૭,૫૬,૦૦૦ એકાઉન્ટ ડિલિટ કરી નાખ્યા હતા. આ પ્રકારનો પ્રતિબંધ મૂકનાર ઓસ્ટ્રેલિયા પ્રથમ દેશ છે. યુનાઈટેડ કિંગડમે પણ બાળકો માટે સોશિયલ મીડિયાની સાઈટ્સ ઉપર પ્રતિબંધ મૂક્યો છે. ઓનલાઈન સેફ્ટી એક્ટ અંતર્ગત મલેશિયાએ પણ આ રસ્તો અપનાવ્યો છે. ભારત હજી આ બાબતે વિવિધતા ધરાવે છે, એકતા નહીં. કર્ણાટક રાજ્યે ૧૬ વર્ષથી નીચેની વયના બાળકો સોશિયલ મીડિયાનો ઉપયોગ વર્જિત કરી દીધો છે. આ અને અન્ય આવી એપ્સ માહિતી અને મનોરંજન આપે છે, વિવિધ સર્ચ એન્જિન્સ ઘણી માહિતી-વિગતો પણ પૂરી પાડે છે તેની સામે આ જ એપ્સ અનેક દેશમાં વિરોધ કે આંદોલનની આગને પણ ફેલાવે છે. આર્થિક ગુના કે અન્ય રીતે થતા અપરાધોમાં નિમિત્ત બને છે. બાળકોના શિક્ષણ, મનોવલણ, તેમનામાં -વેશતી હિંસકતા સહિતના પ્રશ્નો તો ભારતમાં પણ છે. કિશોરોમાં નકારાત્મકતા અને ડિપ્રેશન જેવી સ્થિતિ ઊભી ન થાય તે માટે આપણી કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોએ પણ વિચારણા કરવી જોઈએ. આધુનિક પ્રત્યાયન, ટેક્નોલોજીનો વિરોધ ન હોય, પરંતુ તેનાં માઠાં પરિણામથી તો ચેતવું પડે.

## યુએસ આર્મીએ ૨૩ વર્ષ બાદ ઈરાક છોડ્યું !

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી તા.૩૦ :** ઈરાકમાં છેલ્લા બે દાયકાથી ચાલી રહેલો અમેરિકન સૈન્ય દખલ હવે સત્તાવાર રીતે પૂર્ણ થઈ ગયો છે. અમેરિકન સેનાએ ઈરાકમાં પોતાના આખરી બચેલા સૈન્ય મથકો પણ સંપૂર્ણપણે ખાલી કરી દીધા છે. આ સાથે જ વર્ષ ૨૦૦૩ના અમેરિકન આક્રમણથી શરૂ થયેલી સૈન્ય ઉપસ્થિતિનો આ લાંબો અધ્યાય હંમેશા માટે બંધ થઈ ગયો છે.

ઈરાન અને તેના સમર્થકોએ આ પગલાંને એક મોટી જીત તરીકે જોયું છે, જ્યારે સુરક્ષા નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે આ સુરક્ષાના ખાલીપાથી ઈરાનનો પ્રભાવ અને 'ઇસ્લામિક સ્ટેટ' (ISIS)ના ફરીથી ઉભરવાનું જોખમ વધી શકે છે.

આ ઐતિહાસિક નિર્ણય વર્ષ ૨૦૨૪માં તત્કાલીન અમેરિકન પ્રમુખ જો બાઇડનના કાર્યકાળ દરમિયાન લેવાયો હતો, જેને હવે ડોનાલ્ડ ટ્રમ્પના પ્રશાસન દ્વારા અમલમાં મૂકવામાં આવી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે આ બે દાયકા લાંબા સંઘર્ષમાં આશરે ૪૫૦૦ અમેરિકન સૈનિકોએ પોતાના પ્રાણ ગુમાવ્યા હતા.

અમેરિકાએ સદ્દામ હુસેનને સત્તા પરથી હટાવવા માટે વર્ષ ૨૦૦૩માં ઈરાક પર આક્રમણ કર્યું હતું અને ત્યાં શિયા-નેતૃત્વવાળી સરકાર સ્થાપિત કરી હતી. વર્ષ ૨૦૧૧ના અંતમાં અમેરિકન સેના ત્યાંથી ખસી ગઈ હતી, પરંતુ ઈસ્લામિક સ્ટેટ (ISIS)ના વધતા જોખમને કારણે ૨૦૧૪થી ૨૦૧૭ વચ્ચે તેમને ફરીથી ઈરાક પરત ફરવું પડ્યું હતું. આ ઉપરાંત, અફઘાનિસ્તાનની સરખામણીમાં આ ઈરાક યુદ્ધ દરમિયાન અમેરિકાના લગભગ બમણા સૈનિકો માર્યા ગયા હતા.

ઈરાકમાંથી અમેરિકન સૈનિકોના પરત જવા પર મિશ્ર પ્રતિક્રિયાઓ સામે આવી રહી છે. ઈરાન સમર્થિત 'ઇસ્લામિક રેઝિસ્ટન્સ ઇન ઈરાક'ના કમાન્ડર અબુ મુજતબા અલ-યાસિરીએ તેને ઈરાકી પ્રતિરોધ સમૂહોની ઐતિહાસિક જીત અને અમેરિકન પ્રોજેક્ટની હાર ગણાવી છે. કારણ કે, ઈરાન લાંબા સમયથી પશ્ચિમ એશિયામાંથી અમેરિકન સેનાને બહાર જોવા માંગતો હતો.

### I.N.D.I.A. બ્લોકની બેઠક બાદ ખડગેની જાહેરાત

## ચૂંટણી પંચ વિરુદ્ધ ૨૦ રાજકીય પક્ષો એકસાથે રસ્તા પર ઉતરશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી તા.૩૦ :** દિલ્હીના કોન્સ્ટીટ્યુશન ક્લબ ઓફ ઈન્ડિયામાં બુધવારે મળેલી I.N.D.I.A. બ્લોકની મહત્ત્વપૂર્ણ બેઠક લગભગ ત્રણ કલાક સુધી ચાલી હતી. આ બેઠકમાં ૨૦ જેટલા વિપક્ષી દળો સામેલ થયા હતા. બેઠક પૂરી થયા બાદ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પ્રેસ કોન્ફરન્સ યોજીને કેન્દ્ર સરકાર અને ચૂંટણી પંચ પર આકરા પ્રહાર કર્યા હતા.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ગંભીર આરોપ લગાવતા કહ્યું કે, 'ચૂંટણી પંચ (ECI) સરકારના હાથની કઠપૂતળી બનીને કામ કરી રહ્યું છે. આજે દેશભરમાં ચૂંટણી પંચના કામકાજને લઈને ગંભીર ચિંતાઓ વ્યક્ત થઈ રહી છે. મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમાર અને તેમના સાથી સભ્યોની ભૂમિકા સામે પણ સવાલો ઉભા થયા છે.' તેમણે માંગ કરી હતી કે જ્ઞાનેશ કુમારને તેમના પદ પરથી હટાવવામાં આવે અને ભવિષ્યની ચૂંટણીઓ માટે એસઆઈઆર (SIR - સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન) પ્રક્રિયા પહેલાની જ વોટર લિસ્ટનો ઉપયોગ કરવામાં આવે. વળી, વોટર લિસ્ટમાં થતા દરેક ફેરફારમાં સંપૂર્ણ પારદર્શિતા હોવી જોઈએ.

સરકાર અને ચૂંટણી પંચની નીતિઓ વિરુદ્ધ વિપક્ષી ગઠબંધને આગામી દિવસોમાં દેશભરમાં આંદોલન અને વિરોધ પ્રદર્શન કરવાની જાહેરાત કરી છે. આ વિરોધમાં આમ જનતા, યુવાનો, I.N.D.I.A. ગઠબંધનના સભ્યો, એનજીઓ તેમજ લોકશાહી અને એકતા માટે કામ કરતી સંસ્થાઓ જોડાશે.

૨થી ૮ ઓક્ટોબર: દેશના દરેક જિલ્લા સ્તરે 'લોકશાહી બચાવો માર્ચ' કાઢવામાં આવશે અને ડીએમ (DM) ઓફિસ બહાર જોરદાર દેખાવો કરવામાં આવશે.

૬ ઓક્ટોબર: વિપક્ષી ગઠબંધનના તમામ લોકસભા અને રાજ્યસભાના સાંસદો દિલ્હીમાં ચૂંટણી પંચ (ECI) સુધી માર્ચ કરશે.

ઓક્ટોબરના બીજા અઠવાડિયે: વિપક્ષી નેતાઓનું એક પ્રતિનિધિ મંડળ દેશના રાષ્ટ્રપતિને મળીને આ સમગ્ર મામલે આવેદનપત્ર આપશે અને સમય માંગશે.

મોટી રેલીઓ: વિપક્ષ દ્વારા આગામી સમયમાં દેશભરમાં પાંચ મોટી જનરેલીઓનું આયોજન કરવામાં આવશે.

આ બેઠકમાં શિવસેના (UBT) પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ ઝૂમ કોલ દ્વારા જોડાઈને કોંગ્રેસની 'એકલા ચાલો નીતિ' પર નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે, જો સરકાર અને ચૂંટણી પંચ સામે મોટી અને અસરકારક જંગ લડવી હોય તો વિપક્ષે અલગ-અલગ કાર્યક્રમો કરવાને બદલે I.N.D.I.A. ગઠબંધનના સમાન બેનર હેઠળ એકજુટ થઈને મેદાનમાં ઉતરવું પડશે.'

## ફટાકડા પર સંપૂર્ણ પ્રતિબંધ નહીં : સુપ્રીમ કોર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)



**નવી દિલ્હી, તા.૩૦ :** દિવાળીના તહેવાર પહેલાં ફટાકડાના ઉપયોગને લઈને સુપ્રીમ કોર્ટે મહત્વપૂર્ણ ટિપ્પણી કરી છે. ન્યાયાલયે સ્પષ્ટ કર્યું છે કે દેશમાં ફટાકડા પર સંપૂર્ણ પ્રતિબંધ લાદવામાં આવશે નહીં, પરંતુ તેનો અર્થ એવો પણ નથી કે લોકો ૨૪ કલાક ફટાકડા ફોડી શકે. સુપ્રીમ કોર્ટે ધાર્મિક પરંપરા, લોકોના સ્વાસ્થ્ય અને પર્યાવરણ વચ્ચે સંતુલન જાળવવા માટે વ્યવહારુ માર્ગ શોધવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે.

સુનાવણી દરમિયાન જસ્ટિસ એમ.એમ. સુંદરેશે જણાવ્યું હતું કે દેશભરમાં ફટાકડા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાથી લોકોની ધાર્મિક લાગણીઓ પર અસર થઈ શકે છે. બીજી તરફ, ફટાકડાના સતત અને અનિયંત્રિત ઉપયોગથી વાયુ અને ધ્વનિ પ્રદૂષણ વધવાની સાથે બીમાર વ્યક્તિઓ, વૃદ્ધો અને નાના બાળકોના સ્વાસ્થ્ય પર પણ અસર થઈ શકે છે.

કોર્ટે જણાવ્યું કે એવો ઉકેલ શોધવાની જરૂર છે જે તહેવારની પરંપરાને જાળવી રાખે અને જાહેર આરોગ્ય સાથે પણ સમાધાન ન કરે. આ માટે ફટાકડા ફોડવા માટે ચોક્કસ સમયમર્યાદા નક્કી કરવામાં આવી શકે છે.

સુપ્રીમ કોર્ટે સંકેત આપ્યો છે કે આગામી તબક્કામાં ફટાકડા ફોડવા માટે નિર્ધારિત સમય નક્કી કરવામાં આવી શકે છે. એટલે કે દિવાળીના દિવસે કોઈપણ સમયે અથવા આખી રાત ફટાકડા ફોડવાની મંજૂરી આપવાને બદલે નિયંત્રિત સમયગાળો નક્કી થઈ શકે છે.

આ ઉપરાંત કયા પ્રકારના ફટાકડાનો ઉપયોગ કરી શકાશે અને કયા પ્રકારના ફટાકડાઓ પર પ્રતિબંધ અથવા નિયંત્રણ રહેશે તેની પણ સ્પષ્ટતા કરવામાં આવી શકે છે. તેનો મુખ્ય હેતુ ફટાકડાથી થતા પ્રદૂષણને મર્યાદિત કરવાનો છે. કોર્ટે સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (CPCB) અને કેન્દ્ર સરકારને ફટાકડાના વધુ પરીક્ષણો કરવા માટે સમય આપ્યો છે. ખાસ કરીને ફટાકડામાં બેરિયમની હાજરી અને તેની માત્રા અંગે તપાસ કરવામાં આવશે.

## ભારતે તીરંદાજીમાં ચીનને હરાવી સાતમો ગોલ્ડ મેળવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૩૦ ઃ** એશિયન ગેમ્સ ૨૦૨૬ ના ૧૧મા દિવસે ભારતીય મહિલા કમ્પાઉન્ડ તીરંદાજી ટીમે અદ્ભુત પ્રદર્શન કરીને સમગ્ર દેશનું માથું ગર્વથી ઊંચું કરી દીધું છે. ફાઈનલના રોમાંચક જંગમાં ચીનની ટીમને હાર આપીને ભારતે ગોલ્ડ મેડલ પર કબ્જો જમાવ્યો છે. આ સાથે જ ચાલુ એશિયન ગેમ્સમાં ભારતની ઝોળીમાં સાતમો સુવર્ણચંદ્રક આવી ગયો છે.

ખિતાબી મુકાબલાની શરૂઆતથી જ ભારતીય મહિલા ખેલાડીઓએ ચીન પર દબાણ બનાવી દીધું હતું. પહેલા જ રાઉન્ડમાં ભારતની ત્રણેય તીરંદાજોએ અચૂક નિશાન સાધીને ૧૦-૧૦ના પરફેક્ટ શૉટ્સ ફટકાર્યા હતા.

ચીને ફાઈનલ રાઉન્ડમાં ૧૦ ના સ્કોરથી શરૂઆત કરી હતી, પરંતુ ત્યારબાદ બે વાર ૯ નો સ્કોર થતાં તેઓ પાછળ ફેંકાઈ ગયા હતા. ભારતીય ટીમે સતત ત્રણ વાર પરફેક્ટ ૧૦ નો સ્કોર કરીને જીત નક્કી કરી હતી. અંતિમ ક્ષણોમાં પણ સતત ત્રણ વાર પરફેક્ટ ૧૦ નો સ્કોર સાધીને ભારતીય મહિલા ટીમે વર્લ્ડ રેકોર્ડની બરાબરી કરી હતી અને ગોલ્ડ મેડલ પોતાના નામે કરી લીધો હતો. ફાઈનલ પહેલાં સેમીફાઈનલમાં ભારત અને દક્ષિણ કોરિયા વચ્ચે શ્વાસ થંભાવી દેનારી ટક્કર જોવા મળી હતી. અત્યંત કટોકટીના સમયે ભારતીય મહિલા ખેલાડીઓ ચિખિથા તનીપ્રથી, પ્રિતિકા પ્રદીપ અને જ્યોતિ સુરેખા વેન્નમ ની ત્રિપુટીએ અદ્ભુત સંયમ અને કૌશલ્ય દાખવ્યું હતું. દક્ષિણ કોરિયાની મજબૂત ટીમે આકરી નિશાનેબાજી કરી હતી, પરંતુ ચિખિથાની શાનદાર વાપસી, પ્રિતિકાના અચૂક નિશાના અને અનુભવી જ્યોતિ સુરેખાના આખરી ઓપના દમ પર ભારતે ૨૩૪-૨૩૩ ના રોમાંચક માર્જિનથી કોરિયાને હરાવીને ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. ચીન અને કોરિયા જેવા તીરંદાજીના મહારાથી દેશોને ધૂળ ચાટતી કરનાર ચિખિથા, પ્રિતિકા અને જ્યોતિ સુરેખાની આ સુવર્ણ ત્રિપુટીએ સાબિત કરી દીધું છે કે ભારતીય તીરંદાજી હવે વિશ્વની સર્વોચ્ચ શક્તિઓમાં સામેલ થઈ ચૂકી છે. આ ઐતિહાસિક ગોલ્ડ મેડલથી દેશભરના રમતપ્રેમીઓમાં જશ્નનો માહોલ છવાઈ ગયો છે.

## દમણગંગા ટાઇમ્સ CORPORATE NEWS

### કિઆન-એમ એક્સપોર્ટ લિમિટેડે સેબીમાં ડીઆરએચપી ફાઈલ કર્યું

**સુરત, તા. ૩૦ :** કિઆન-એમ એક્સપોર્ટ લિમિટેડે (કિઆન) સેબીમાં તેનું ડીઆરએચપી ફાઈલ કર્યું છે. કિઆન રાજકોટ સ્થિત ટેક્સટાઇલ ઉત્પાદન અને નિકાસ કરતી કંપની છે. કંપની ઉચ્ચ ગુણવત્તાવાળા, નવીન અને પર્યાવરણને અનુકૂળ કાપડનું ઉત્પાદન કરે છે. કિઆન આઈપીઓ મારફતે ભંડોળ ઊભું કરવાની દરખાસ્ત ધરાવે છે. આ આઈપીઓમાં રૂ. ૫,૦૦૦ મિલિયન (રૂ. ૫૦૦ કરોડ) સુધીનો ફ્રેશ ઇશ્યૂ અને ૧૫,૦૦,૦૦૦ સુધીના ઈક્વિટી શેરની ઓફર ફોર સેલ સામેલ છે. દરેક ઈક્વિટી શેરની ફેસ વેલ્યુ રૂ. ૧૦ છે. ૩૧ માર્ચ, ૨૦૨૬ના રોજ પૂરા થયેલા નાણાંકીય વર્ષ માટે કંપનીએ રૂ. ૩૮૩.૦૧ કરોડની આવક અને રૂ. ૪૨.૧૯ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. કુલ આવકમાં નિકાસનો હિસ્સો ૫૨.૪૩ ટકા રહ્યો હતો, જ્યારે બાકીની ૪૭.૫૭ ટકા આવક સ્થાનિક વેચાણમાંથી આવી હતી.

### ડિઓન એનર્જીએ IPO માટે DRHP ફાઈલ કર્યું

**સુરત, તા. ૩૦ :** અમદાવાદ સ્થિતિ સોલર EPC કંપની ડિઓન એનર્જી લિમિટેડે પ્રસ્તાવિત IPO માટે SEBIમાં એનું DRHP ફાઈલ કર્યું છે. આ સૂચિત ઓફરમાં ૭૨ લાખ ઈક્વિટી શેરનો ફ્રેશ ઇશ્યૂ અને પ્રમોટર શેરધારકો દ્વારા મહત્તમ ૨૦ લાખ ઈક્વિટી શેરના વેચાણની ઓફર સામેલ છે. ડિઓન એનર્જીના ઈક્વિટી શેરનું લિસ્ટિંગ BSE અને NSE પર થશે. ઓફરના બુક રનિંગ લીડ મેનેજર વાલ્મિકી લીલા કેપિટલ પ્રાઈવેટ લિમિટેડ છે. કંપની મુખ્યત્વે ઔદ્યોગિક ગ્રાહકો માટે ગ્રાઉન્ડ માઉન્ટેડ અને રુફટોપ સોલર એન્જિનિયરિંગ, પ્રોક્યુરમેન્ટ એન્ડ કન્સ્ટ્રક્શન (EPC) પ્રોજેક્ટનો અમલ કરે છે. તે ઓપરેશન એન્ડ મેઈનટેનન્સ (O&M) સેવાઓ તથા વિકસતા IPP વ્યવસાય મારફતે વીજળી પેદા કરવાની સેવા પણ પ્રદાન કરે છે. ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬ સુધી કંપનીના ૨૮ ગ્રાહકો માટે ૩૪ EPC પ્રોજેક્ટની કામગીરી ચાલુ છે.

## જમ્મૂ-કાશ્મીરના બડગામમાં એન્કાઉન્ટર, પાકિસ્તાની લશ્કર કમાંડર મૂસા ઠાર

(સંપૂર્ણ સમાચાર સેવા)

**શ્રીનગર, તા.૩૦ :** જમ્મુ-કાશ્મીરના બડગામમાં સુરક્ષાદળો સાથેની અથડામણમાં એક આતંકી માર્યો ગયો છે. ઠાર મરાયેલા આતંકીની ઓળખ પાકિસ્તાની લશ્કર કમાન્ડર મૂસા તરીકે થઈ છે. સુરક્ષાદળોને આ વિસ્તારમાં આતંકીઓની હાજરીની ગુપ્ત માહિતી મળી હતી, જેના પછી સેના, જમ્મુ-કાશ્મીર પોલીસ અને ઝઈહ્લએ સંયુક્ત શોધખોળ અભિયાન શરૂ કર્યુ. અથડામણમાં એક આતંકીના માર્યા ગયા પછી પણ ઓપરેશન ચાલુ છે. આ અથડામણ મધ્ય કાશ્મીરના બડગામ જિલ્લાના યુસમર્ગ વિસ્તારમાં થઈ હતી. સુરક્ષાદળોને કોરાગ વિસ્તારમાં આતંકીઓની ગતિવિધિની માહિતી મળી હતી. સુરક્ષાદળોને યુસમર્ગના કોરાગ વિસ્તારમાં આતંકીઓની હાજરી હોવાની ગુપ્ત માહિતી મળી હતી. ત્યારબાદ ભારતીય સેના, જમ્મુ-કાશ્મીર પોલીસ અને ઝઈહ્લએ સંયુક્ત શોધખોળ અભિયાન શરૂ કર્યુ. આ દરમિયાન જવાનોને કેટલીક શંકાસ્પદ ગતિવિધિઓ જોવા મળી. જ્યારે તેમણે આતંકીઓને પડકાર્યા, ત્યારે સામેથી ગોળીબાર શરૂ થઈ ગયો. જવાબી કાર્યવાહીમાં એક આતંકી માર્યો ગયો. વળી, ગુરવેતકલાં ગામમાં પણ આતંકીઓની હાજરીની પુષ્ટિ થયા પછી સુરક્ષાદળોએ વિસ્તારની ઘેરાબંધી કરીને શોધખોળ અભિયાન ચાલુ રાખ્યું. અધિકારીઓએ જણાવ્યું કે મૂસા બડગામના દૂધપથરીના જંગલોમાં થયેલા એન્કાઉન્ટરમાં ઠાર મરાયો હતો. આ વિસ્તાર મધ્ય કાશ્મીરના ઉંચાઇવાળા વિસ્તારમાં આવે છે. સેનાના જણાવ્યા અનુસાર સુરક્ષાદળોએ સંદિગ્ધ ગતિવિધિઓ જોયા બાદ આતંકવાદીઓને પડકાર્યા હતા.

## સગીરો સોશિયલ મીડિયાનો ઉપયોગ નહીં કરી શકે : કેન્દ્ર નિયમો ઘડશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૩૦ :** ૧૮ વર્ષથી ઓછી વયના સગીરો માટે સોશિયલ મીડિયાના ઉપયોગ પર પ્રતિબંધ મુકવામાં આવી શકે છે. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને આ પ્રતિબંધોની શક્યતાઓ અંગે વિચારણા કરવા કહ્યું છે. સુપ્રીમે કહ્યું છે કે સગીરો સોશિયલ મીડિયાનો ઉપયોગ ના કરી શકે તે માટે કાયદાકીય માળખુ બનાવવામાં આવે. કેન્દ્ર સરકારે પણ સુપ્રીમની આ ભલામણનું સમર્થન કર્યું છે. સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, જોયમાલ્યા બાગચી, વી મોહનાની બેંચે કેન્દ્ર સરકારને કહ્યું છે કે તે ૧૮ વર્ષથી ઓછી વયનાના સોશિયલ મીડિયા ઉપયોગ પર પ્રતિબંધ અંગે વિચારે, શક્ય હોય તો આ દિશામાં નિયમો પણ ઘડવામાં આવે. કેન્દ્ર સરકાર તરફથી હાજર સોલિસિટર જનરલ તુષાર મહેતાએ સુપ્રીમની આ ભલામણ સાથે સહમતિ વ્યક્ત કરી છે. બાળકો પર કામ કરતી એક સંસ્થા દ્વારા સુપ્રીમ કોર્ટમાં અરજી કરાઇ હતી. અરજીમાં માગ કરાઇ હતી કે સોશિયલ મીડિયા એકાઉન્ટ બનાવવા માટે માતા પિતાની સહમતિ ફરજિયાત કરવામાં આવે. એકાઉન્ટ બનાવનારાની ઓળખ માટે કેવાઇસી ફરજિયાત કરવામાં આવે. બાદમાં સુપ્રીમની બેંચે કેન્દ્ર સરકારને કહ્યું હતું કે શું સોશિયલ મીડિયા સોફ્ટવેર ભારતીય કાયદાઓનું પાલન કરે તે નિયમો ઘડી શકાય? જવાબમાં સોલિસિટર જનરલે કહ્યું હતું કે આ દિશામાં પગલા ભરી શકાય, સોશિયલ મીડિયા કંપનીઓએ ભારતીય કાયદાઓનું પાલન કરવું જ પડશે. અરજીમાં દાવો કરાયો છે કે કેટલાક સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ૧૩ વર્ષ કે તેથી વધુ વયનાને એકાઉન્ટ બનાવવાની છૂટ આપે છે. જ્યારે ભારતીય કાયદા મુજબ ૧૮ વર્ષથી ઓછી વયના સગીર માનવામાં આવે છે.

## અમેરિકા-ઈરાન વચ્ચે કતારની મધ્યસ્થતા પણ નિષ્ફળ ગઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**વોશિંગ્ટન , તા.૩૦ :** અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલતા તણાવને હળવો કરવા માટે કતાર દ્વારા કરવામાં આવી રહેલી મધ્યસ્થતા ફરી એકવાર નિષ્ફળ નીવડી છે. આ અઠવાડિયે યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠકોમાં બંને દેશો વચ્ચે કોઈ જ નક્કર સહમતિ સાધી શકાઈ નથી. બેઠક સાથે જોડાયેલા સુત્રો અનુસાર, બંને પક્ષો પોતાની જિદ્દ પર અડીખમ રહ્યા છે અને કોઈ પણ એક ડગલું પણ પાછળ હટવા તૈયાર નથી. અમેરિકા અને ઈરાનના વલણથી સ્થિતિ વધુ વણસી રહી છે, જેના કારણે મધ્યપૂર્વમાં ફરી એકવાર ભયાનક યુદ્ધ ફાટી નીકળવાનો ભય મંડરાઈ રહ્યો છે. અમેરિકાના અધિકારીઓના જણાવ્યા મુજબ, પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ મિડ-ટર્મ ચૂંટણીઓ બાદ મોટા પાયે સૈન્ય અભિયાન શરૂ કરવાનો આદેશ આપી શકે છે. સોમવારે કતારના મુખ્ય મધ્યસ્થ અલી અલ-થવાડીએ ન્યૂયોર્કમાં ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી અને તેમની ટીમ સાથે કલાકો સુધી મેરાથોન બેઠક યોજી હતી. આ દરમિયાન ઈરાન પરથી યુએસ નેવીની નાકાબંધી હટાવવા અને અમેરિકાની માંગ મુજબ ઈરાનના પરમાણુ કાર્યક્રમોને સીમિત કરવા માટે ૨ પાનાના કરારના પ્રસ્તાવ પર ચર્ચા કરવામાં આવી હતી. ત્યારબાદ અલી અલ-થવાડી વોશિંગ્ટન પહોંચ્યા હતા, જ્યાં તેમણે ટ્રમ્પના દૂત જેરેડ કુશ્નર અને અન્ય અમેરિકન અધિકારીઓ સાથે વાટાઘાટો કરી હતી. આ બેઠકમાં ઉપપ્રમુખ જે.ડી. વેન્સ પણ થોડા સમય માટે હાજર રહ્યા હતા.

## UNની શક્તિશાળી ખુરશી માટે ભારતને ટક્કર આપવા તાજિકિસ્તાન આવ્યું મેદાને

(સંપૂર્ણ સમાચાર સેવા)

**તાજિકિસ્તાન, તા.૩૦ :** તાજિકિસ્તાને વર્ષ ૨૦૨૮-૨૯ના કાર્યકાળ માટે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ માં અસ્થાયી બેઠક માટે સત્તાવાર રીતે પોતાની દાવેદારી રજૂ કરી દીધી છે. ન્યુયોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના ૮૧મા સત્ર દરમિયાન તાજિકિસ્તાનના વિદેશ મંત્રી સિરોજિદ્દીન મુહરિદ્દીને આની જાહેરાત કરી હતી. ઈતિહાસમાં પહેલી વાર તાજિકિસ્તાન આ પરિષદની ચૂંટણીમાં સામેલ થવા જઈ રહ્યું છે, જ્યાં સીધો મુકાબલો ભારત સાથે થશે જેને અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડનું સમર્થન પ્રાપ્ત છે.

UNSC માટે આ ચૂંટણી જૂન ૨૦૨૭માં યુએન જનરલ એસેમ્બલીમાં ગુપ્ત મતદાન દ્વારા યોજાશે. આ બેઠક મેળવવા માટે ઉમેદવાર દેશે હાજર રહીને મત આપનાર સભ્ય દેશોનું બે-તૃતીયાંશ (૨/૩) બહુમતી મેળવવી પડશે.

તાજિકિસ્તાન પહેલી વાર મેદાનમાં ઉતર્યું છે અને શાંતિ સ્થાપવાના પોતાના ઈતિહાસ તેમજ ક્ષેત્રીય સુરક્ષામાં પોતાના યોગદાન પર ભાર મૂકી રહ્યું છે. તેને ૫૭ સભ્યોવાળા 'ઓર્ગેનાઇઝેશન ઓફ ઈસ્લામિક કોઓપરેશન' (OIC)નું સમર્થન પણ મળેલું છે. બીજી તરફ, ભારતે જુલાઈ ૨૦૨૬માં 'શાંતિ' થીમ હેઠળ પોતાનું અભિયાન શરૂ કર્યું છે અને ભારત પરિષદમાં પોતાનો નવમો કાર્યકાળ મેળવવાનો પ્રયાસ કરી રહ્યું છે.

## સૌરાષ્ટ્રમાં મેઘરાજાનું ધમાકેદાર પુનઃ આગમન

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ગીર સોમનાથ, તા.૩૦ :** સૌરાષ્ટ્રમાં લાંબા સમયના વિરામ બાદ બપોર પછી વાતાવરણમાં એકાએક પલટો આવ્યો હતો અને મેઘરાજાએ પુનઃ આગમન કર્યું હતું.

ગીર સોમનાથ જિલ્લાના તાલાલા પંથકના ધાવા, રમરેચી, ચિત્રોડ સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદી ઝાપટાં પડ્યા હતા. લાંબા સમય પછી પડેલા આ વરસાદથી સુકાઈ રહેલા ચોમાસુ પાકોને નવજીવન મળતાં સ્થાનિક ખેડૂતોમાં ભારે આનંદની લહેર ફરી વળી છે.

બીજી તરફ જૂનાગઢ જિલ્લાના માળીયા હાટીના તાલુકામાં ગાજવીજ અને ચક્રવાતી પવન સાથે વરસાદ તૂટી પડ્યો હતો. બપોર પછીના સમયગાળામાં તરસીંગડા, અમરાપુર, વિરડી અને માતવાણીયા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં ૧ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. ભારે પવનના લીધે કેટલાક સ્થળોએ વૃક્ષો ધરાશાયી થવાની ઘટનાઓ પણ સામે આવી છે, જેનાથી થોડો સમય વાહનવ્યવહાર ખોરવાયો હતો.

અમરેલી જિલ્લાના ધારી, ખાંભા અને બગસરા પંથકમાં પણ બપોર બાદ મેઘરાજાએ તોફાની એન્ટ્રી કરી હતી.

ધારી ગીરકાંઠાના સરસિયા, ગોવિંદપુર, વીરપુર, ગઢિયા, જીરા અને હીરાવા ગામોમાં ધોધમાર વરસાદ પડતાં ધારીના સરસિયા ગામની સ્થાનિક નદીમાં નવા નીર આવ્યા હતા. આ ઉપરાંત ખાંભાના નાની ધારી તથા બગસરાના સમઢીયાળા, લુઘિયા, જાંજરીયા જેવા ગામોમાં અસહ્ય ગરમી અને બફારા બાદ વરસાદ પડતાં સમગ્ર પંથકમાં ઠંડક પ્રસરી ગઈ છે.

## રામ મંદિરમાંથી અનુકલ્પ મિશ્રાએ એક કરોડની દાન ચોરી કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**લખનૌ, તા.૩૦ :** અયોધ્યા રામ મંદિરમાં દાન ચોરી મામલે મોટો ખુલાસો થયો છે. આરોપી અનુકલ્પ મિશ્રાએ એકલા હાથે જ એક કરોડ રૂપિયાથી વધુની દાન ચોરી કરી હોવાનો ખુલાસો થયો છે. પોલીસની ચાર્જશીટમાં આ વિગતો નોંધવામાં આવી છે. તે અગાઉ ૨૦૨૪માં રામ મંદિર ટ્રસ્ટના કાર્યકર્તા તરીકે ગણતરીના કામમાં જોડાયેલો હતો. પછી ૨૦૨૫માં રામ મંદિર ટ્રસ્ટ અને SBI વચ્ચે ગણતરી ખંડની વ્યવસ્થા સાથે ગણતરીની રકમને બેંકમાં જમા કરાવવા માટે થયેલા કરાર બાદ, બેંક દ્વારા નિમાયેલી એજન્સી સેનિક સિક્યોરિટી સર્વિસના એજન્ટ તરીકે પણ કાર્યરત રહ્યો હતો. આ તકે તેણે કુલ કેટલી રકમ પર હાથ સાફ કર્યો હશે, તેનો માત્ર અંદાજ જ લગાવી શકાય છે,

## ટ્રમ્પે AIનું નામ બદલીને 'સુપર ઈન્ટેલિજન્સ' રાખ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૩૦ :** અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (છૈં)ને લઈને એક મોટો નિર્ણય લીધો છે. ટ્રમ્પે છૈંનું નામ બદલીને 'સુપર ઈન્ટેલિજન્સ' અને જીૈં કરવાનો આદેશ આપ્યો છે, જેથી સરકારી દસ્તાવેજો અને પત્રવ્યવહારમાં આ નવા નામનો ઉપયોગ થઈ શકે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક એક્ઝિક્યુટિવ ઓર્ડર પર સહી કરી છે, જેનું શીર્ષક 'સૂપર ઈન્ટેલિજન્સના યુગની શરૂઆત' છે. આ આદેશ હેઠળ સરકારી વિભાગો અને એજન્સીઓને સત્તાવાર પત્રવ્યવહાર, વેબસાઈટ્સ, રિપોર્ટ્સ અને નીતિગત દસ્તાવેજોમાં 'આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ' અને 'છૈં'ની જગ્યાએ 'સૂપર ઈન્ટેલિજન્સ' અને 'જીૈં' શબ્દોનો ઉપયોગ કરવાનો રહેશે. જોકે, આ ફેરફાર અગાઉના રેકોર્ડ, જૂના નિયમો કે સરકારી કરાર પર લાગુ થશે નહીં. ટ્રમ્પ વહીવટી તંત્રનું માનવું છે કે આજના આધુનિક છૈં સિસ્ટમની ક્ષમતાઓ માત્ર માનવ બુદ્ધિમત્તાની નકલ કરવા સુધી સીમિત નથી. આ ટેક્નોલોજી હવે વિજ્ઞાન, તબીબી ક્ષેત્ર અને માનવ પ્રયાસોના દરેક ક્ષેત્રમાં અશક્ય લાગતા કામોને સંભવ બનાવી રહી છે. આથી, સરકારની શબ્દાવલિ પણ ટેક્નોલોજીની આ વ્યાપક ક્ષમતાઓને દર્શાવતી હોવી જોઈએ. હાલમાં આ માટે કાયદામાં છૈંની જૂની વ્યાખ્યા જ લાગુ રહેશે, પરંતુ વૈજ્ઞાનિક સહાયકને આગામી ૬૦ દિવસમાં સંસદ સમક્ષ નવો પ્રસ્તાવ રજૂ કરવા સૂચના આપવામાં આવી છે. વ્હાઇટ હાઉસમાં ટેક્નોલોજી ક્ષેત્રના દિગ્ગજો- જેમાં ઈલોન મસ્ક, માર્ક ઝુકરબર્ગ, સુંદર પિચાઈ અને જેસન હુઆંગ જેવા અગ્રણીઓ સામેલ હતા. સાથેની બેઠક બાદ આ આદેશ આવ્યો છે. પ્રમુખ ટ્રમ્પે આ તકનીકી બદલાવને અમેરિકા માટે અભૂતપૂર્વ અવસર ગણાવતા કહ્યું કે આ ઈન્ટરનેટથી પણ મોટો બદલાવ સાબિત થઈ શકે છે.

# અન્ય સમાચારો

Thursday 01, October 2026
દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

# સરદાર સરોવર નર્મદા નીરના મુખ્યમંત્રીએ વધામણા કર્યા

અમારા પ્રતિનિધિ તરફથી, અમદાવાદ, તા.૩૦ : ગુજરાતમાં જળક્રાંતિ અને કૃષિક્રાંતિની જીવાદોરી સમાન નર્મદા યોજનાના સરદાર સરોવર ડેમની જળ સપાટી તેની મહત્તમ ૧૩૮.૬૮ મીટર એટલે કે, ૪૫૫ ફુટ પહોંચી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે લોકમાતા નર્મદાના પાવન જળની આરાધના આજરોજ સરદાર સરોવર ડેમ સાઈટ એકતા નગર પહોંચીને જળ પૂજન અને વધામણાંથી કર્યા હતાં.

મુખ્યમંત્રીએ ૧૦,૪૫૩ ગામો, ૧૯૧ શહેરો તથા ૦૭ મહાનગર પાલિકાઓને એમ કુલ મળીને ગુજરાતની આશરે ૪ કરોડથી વધુ પ્રજાને પીવાનું પાણી પુરું પાડતા આ સરદાર સરોવર નર્મદા ડેમ પ્રોજેક્ટનું જળાશય પૂર્ણ સપાટીએ છલકાતાં જળ રાશિનું ઉમંગ અને ઉલ્લાસમય વાતાવરણમાં વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે પૂજન કર્યુ હતું.સરદાર સરોવર નર્મદા ડેમના પૂર્ણ સપાટીએ પહોંચેલા જળરાશિના પૂજન-અર્ચનથી જળ શક્તિની વદંના કરવાની પરંપરા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સતત ત્રીજા વર્ષે પણ જળ પૂજન કરીને આગળ ધપાવી છે.

No.MAM/SIL/RTS/RBD-DNH/224/Death/2026/4621Dated: 01/09/2026.
**APPLICANT- Rajeshbhai Maljibhai Faroliya,**
**Presently residing at- Kumbharvadi, School Faliya, Naroli, DNH. Mo 7359093220**
**V/S**
**OPPONENTS- The Registrar of Births & Deaths, Naroli.**
**NOTICE**

The public to take note that the above, named applicant Rajeshbhai Maljibhai Faroliya's Grand mother namely Kashiben Ramjibhai Faroliya died on 07/11/1994 at Home, Kumbharvadi, School Faliya, Naroli, DNH. But due to inadvertence the above said death was not registered in the records of Registrar of Births & Deaths, Naroli. Hence, the applicant has moved on application to pass an order to register death of Kashiben Ramjibhai Faroliya. In case of any objection or complain in this regard a written objection shall be made in the office of the Executive Magistrate, Silvassa, within 30 days of the publication of this notice and if no such objection is received, the Executive Magistrate, Silvassa will pass necessary order accordingly.

Sd/-
RTS-I

**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

**PWD CIVIL DIVISION NO.III (DP)**
**NOTICE INVITING TENDER**
**Maintenance and Repair of Vaives for Water Supply Scheme in DNH (South Zone) (4th Call)**

| | |
|---|---|
| Tender No. | 19 OF 2026-2027 |
| Tender ID No. | 2026_UTDNH_8284_1 |
| On line downloading start of tender documents | 29/09/2026 18:30 Hrs |
| Last date & Time for Receipt of Bid/Upload Bid | 07/10/202 14.30 Hrs. |
| Online Opening of Technical Bid | 07/10/2026 16.00 Hrs. |
| Online Opening of Price Bid | 07/10/2026 16.30 Hrs. (If Possible) |
| Any Other Details - | |

For details please scan dnhtenders.gov.in eeirridnh@gmail.com 0260-2642949

**EXECUTIVE ENGINEER, PWD CIVIL DIV NO.III (DP), DNH, SILVASSA**
No.5-2(1)/DNH/DP/2026/592 Dt.29/09/2026
**NO.: IP/DMN/2/5/2026-27/542 DATED : 30/09/2026**

**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

**PWD CIVIL DIVISION NO.III (DP)**
**NOTICE INVITING TENDER**
**Procurement of New Non Return Valve (NRV) for North and South Zone Water Supply Scheme in DNH area (4th Call)**

| | |
|---|---|
| Tender No. | 19 OF 2026-2027 |
| Tender ID No. | 2026_UTDNH_8282_1 |
| On line downloading start of tender documents | 29/09/2026 18:30 Hrs |
| Last date & Time for Receipt of Bid/Upload Bid | 07/10/202 14.30 Hrs. |
| Online Opening of Technical Bid | 07/10/2026 16.00 Hrs. |
| Online Opening of Price Bid | 07/10/2026 16.30 Hrs. (If Possible) |
| Any Other Details - | |

For details please scan dnhtenders.gov.in eeirridnh@gmail.com 0260-2642949

**EXECUTIVE ENGINEER, PWD CIVIL DIV NO.III (DP), DNH, SILVASSA**
No.5-2(1)/DNH/DP/2026/592 Dt.29/09/2026
**NO.: IP/DMN/2/5/2026-27/541 DATED : 30/09/2026**

## PUBLIC NOTICE

NOTICE is hereby given to the public at large that my client, Smt. RITA DIPIN JADAV, R/o. Amardeep Bungalow, Vrundavan Society, Silvassa, Dadra & Nagar Haveli, had agreed to purchase from Shri PRABHATSINH MOHANSINH PARMAR and his son Shri DILIPSINH PRABHATSINH PARMAR ("the said parties") the Non-Agricultural land bearing Survey No. 1095/01, admeasuring 0.0812 Hect., situated at Village Naroli, Dadra & Nagar Haveli, described in the Schedule below ("the said Property"), vide Agreement for Sale dated 30.06.2023 registered before the Office of the Sub-Registrar, Silvassa, D&NH at Sr. No. 3614/2023. The said parties have failed to execute the sale deed in favour of my client and have concealed material defects in their title to the said Property.

F.I.R. No. 118/2025 dated 13.09.2025 stands registered against the said parties under Sections 406, 34 of the Indian Penal Code at Silvassa Police Station, and Charge-sheet has been filed. The matter is presently pending as R.C.C. No. 202/2026 before the Court of the Ld. Civil Judge (J.D.) and Judicial Magistrate, First Class, Silvassa.

PLEASE TAKE NOTICE that the said parties are attempting to sell, transfer or otherwise deal with the said Property despite the pendency of the aforesaid criminal case. The public is hereby cautioned NOT to purchase, accept transfer of, or deal with the said Property with the said parties or anyone claiming through them. Any such transaction shall be at the purchaser's own risk and shall not bind my client, whose rights and claims stand expressly reserved.

**THE SCHEDULE OF THE PROPERTY ABOVE REFERRED TO**

ALL THAT piece and parcel of Non-Agricultural land situated at Village - Naroli, Dadra & Nagar Haveli, U.T. of Dadra & Nagar Haveli bearing Survey No. 1095/01 admeasuring 0-08-12 H-Are-Sq. Mtrs., more particularly described as under:

| Sr. No. | Village | Survey No. | Area (H-Are-Sq. Mtrs.) | Owner's Name |
|---|---|---|---|---|
| 1 | Naroli | 1095/01 | 0-08-12 | Prabhatsinh Mohansinh Parmar |

**Date : 01-10-2026**
**Place : Silvassa**

Sd/-
**MEGHA P. PARMAR**
**Advocate for Smt. Rita Dipin Jadav**
Office At: 1st Floor, Pioneer Hotel Tokarkhada, Silvassa
UT OF DNH & DD396230
Mo.No. : +91-7201040273 : Email : advocatemeghaparmar@gmail.com

**મહે. વાપીના એડીશનલ સીવીલ જજ અને જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, વાપી**

અરજદારના વિ.વ.શ્રી.એન.એમ. શાહ
ફો.પ.અ.નં.૭૩૯/૨૦૨૬

**અરજદાર : પ્રજાપતિ ઉજેશભાઈ કિકુભાઈ**
**રહે.** કુંભાર વાડ, કોપરલી, વાપી, વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી,**
**કોપરલી ગ્રામ પંચાયત કચેરી, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) મુજબ જાહેર નોટીસ**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતાં પક્ષકારોને જણાવવામાં આવે છે કે આ કામનાં અરજદારે અત્રેની કોર્ટમાં દાખલ કરેલ ફો.પ.અ.નં.૭૩૯/૨૦૨૬માં જણાવ્યા મુજબ અરજદારના માતાના નામે રમિલાબેન કિકુભાઈ પ્રજાપતિ તા.૦૨/૧૦/૨૦૧૬ના રોજ મોજે. કુંભારવાડ, કોપરલી તા.વાપી, જી.વલસાડ મુકામે અવસાન થયેલ છે. જે તે સમયે તેમની મરણની નોંધણી સરકારી કે અર્ધસરકારી દફતરે શરતચૂકથી તેમજ કાયદાની અજ્ઞાનતાને કારણે કરાવેલ ન હતી. જેથી અરજદારના પિતાની મરણની નોંધ ૧૯૬૯નાં નોંધણી ધારા અન્વયે જન્મ-મરણની નોંધણી ફરજીયાત હોઈ તથા સરકારી કામ માટે મરણના દાખલાની જરૂર હોઈ અરજદારના પિતાનો મરણનો દાખલો મેળવવા માંગતા હોઈ તે અંગે કોઈને વાંધો કે તકરાર હોય તો તેઓએ આ નોટીશ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫માં અત્રેની કોર્ટમાં આવી લેખિતમાં વાંધાઓ રજુ કરવા. જો તેમ કરવામાં કસુર થશે તો તે બદલ નામદાર કોર્ટથી યોગ્ય ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની નોંધ તમામ લાગતાં વળગતાં વ્યક્તિઓએ નોંધ લેવી.

આજ તા.૨૯મી માહે સપ્ટેમ્બર સને-૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યો.

**તૈયાર કરનાર**
**સહી/-**
**(એમ.બી. મણવર)**
**આસીસ્ટન્ટ**

કોર્ટનો સિક્કો

**મુકાબલ કરનાર અને હુકમથી**
**સહી/-**
**(પી.પી. વૈષ્ણવ)**
**સુપ્રિન્ટેન્ડન્ટ**




**CHANGE OF NAME**

I HAVE CHANGED MY OLD NAME FROM MOHD AFZAL MEMON/ AFZAL A MEMON/AFZAL MEMON TO NEW NAME AFZAL ANWAR MEMON AS PER DOCUMENTS

**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

**ROGI KALYAN SAMITI, KHANVEL**
No. MS/RKS/KSDH/Appointment/2026/01/567 Date: 25/09/2026
**ADVERTISEMENT**
Rogi Kalyan Samiti, Khanvel, DNH invites applications for Various Posts to be filled on Short term contract basis at Sub District Hospital, Khanvel.

Last date for receiving application: 09/10/2026

For details please scan QR code
dnh.gov.in
sdhkhanvel@gmail.com
Mob. No.9714746006

**O/o Member Secretary (RKS Khanvel), Sub District Hospital, Khanvel, DNH.**
**NO.: IP/DMN/2/5/2026-27/540 DATED : 30/09/2026**

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

**(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૮૩/૨૦૨૬**

**અરજદાર : ધુયેકર રમીલાબેન મહેશચંદ, ઉ.વ. આ.૭૦, ધંધો - ઘરકામ**
**રહે.** સરીગામ, ભંડારવાડ, ૩૯૬૧૫૫
તા.ઉમરગામ, જી.વલસાડ,**(વ.શ્રી. કે.ડી. દુબળા)**
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, ભાઠીકરમબેલી**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **ધુયેકર રમીલાબેન મહેશચંદ,** રહે. સરીગામ ભંડારવાડ, ૩૯૬૧૫૫, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના નાની **સ્વ. દેવકીબેન નાનાભાઈ ભંડારીનું** મરણ તા.૦૯-૧૦-૧૯૮૧ના રોજ મોજે - ભાઠીકરમબેલી, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૮/૦૯/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/જન્મ-મરણ/ર.જી.નં.૮૭/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

**મહે. વાપીના એડીશનલ સીવીલ જજ અને જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, વાપી**

અરજદારના વિ.વ.શ્રી.વી.એમ. ગુપ્તા
ફો.પ.અ.નં.૭૫૪/૨૦૨૬

**અરજદાર : પ્રજાપતિ ઉજેશભાઈ કિકુભાઈ**
**રહે.** કુંભાર વાડ, કોપરલી, વાપી, વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી,**
**કોપરલી ગ્રામ પંચાયત કચેરી, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) મુજબ જાહેર નોટીસ**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતાં પક્ષકારોને જણાવવામાં આવે છે કે આ કામનાં અરજદારે અત્રેની કોર્ટમાં દાખલ કરેલ ફો.પ.અ.નં.૭૫૪/૨૦૨૬માં જણાવ્યા મુજબ અરજદારના પિતાના નામે કિકુભાઈ જગનભાઈ પ્રજાપતિ તા.૨૨/૦૯/૨૦૦૩ના રોજ મોજે. કુંભારવાડ, કોપરલી તા.વાપી, જી.વલસાડ મુકામે અવસાન થયેલ છે. જે તે સમયે તેમની મરણની નોંધણી સરકારી કે અર્ધસરકારી દફતરે શરતચૂકથી તેમજ કાયદાની અજ્ઞાનતાને કારણે કરાવેલ ન હતી. જેથી અરજદારના પિતાની મરણની નોંધ ૧૯૬૯નાં નોંધણી ધારા અન્વયે જન્મ-મરણની નોંધણી ફરજીયાત હોઈ તથા સરકારી કામ માટે મરણના દાખલાની જરૂર હોઈ અરજદારના પિતાનો મરણનો દાખલો મેળવવા માંગતા હોઈ તે અંગે કોઈને વાંધો કે તકરાર હોય તો તેઓએ આ નોટીશ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫માં અત્રેની કોર્ટમાં આવી લેખિતમાં વાંધાઓ રજુ કરવા. જો તેમ કરવામાં કસુર થશે તો તે બદલ નામદાર કોર્ટથી યોગ્ય ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની નોંધ તમામ લાગતાં વળગતાં વ્યક્તિઓએ નોંધ લેવી.

આજ તા.૨૯મી માહે સપ્ટેમ્બર સને-૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યો.

**તૈયાર કરનાર**
**સહી/-**
**(એમ.બી. મણવર)**
**આસીસ્ટન્ટ**

કોર્ટનો સિક્કો

**મુકાબલ કરનાર અને હુકમથી**
**સહી/-**
**(પી.પી. વૈષ્ણવ)**
**સુપ્રિન્ટેન્ડન્ટ**




## અરબ સમુદ્રમાં ડ્રગ માફીયાઓ પર ગુજરાત ATS અને કોસ્ટ ગાર્ડની સર્જીકલ સ્ટ્રાઈક

# લક્ષદ્વીપમાં ઈરાની બોટમાંથી રૂ.૩,૦૦૦ કરોડના ૫૨૬ કિલો હેરોઈન-મેથામ્ફેટામાઈનના જથ્થા સાથે પાંચ પાકિસ્તાની ઝડપાયા

### લક્ષદ્વીપથી તામીલનાડુની બોટમાં ડ્રગનો જથ્થો ઉતારીને રોડ માર્ગે મુંબઈ-પંજાબ રવાના કરવાનો ઈરાદો નિષ્ફળ બનાવ્યો





**અમારા પ્રતિનિધિ તરફથી**
**અમદાવાદ, તા.૩૦ :** ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ (એટીએસ) અને ભારતીય કોસ્ટ ગાર્ડે અરબ સમુદ્રમાં સંયુક્ત રીતે પાકિસ્તાની ડ્રગ માફિયાઓ પર સર્જીકલ સ્ટ્રાઈક કરીને રૂ. ૩,૦૦૦ કરોડની કિંમતના ૫૨૬ કિલો હેરોઈન તથા મેથામ્ફેટામાઈનનો જથ્થો ઝડપી પાડવામાં સફળતા પ્રાપ્ત કરી છે. આ બોટમાં પાંચ પાકિસ્તાની નાગરિકોને પણ ઝડલી લેવામાં આવ્યા છે. ચોક્કસ બાતમીને આધારે લક્ષદ્વીપ ખાતે હાથ ધરાયેલા આ અત્યંત ગુપ્ત ઓપરેશનમાં ડ્રગની હેરાફેરી માટે ઈરાની બોટનો ઉપયોગ કરાયો હતો. બોટ સાથે ભારતીય જળસીમામાં ઘૂસેલા પાંચ પાકિસ્તાની ડ્રગ પેડલરોને ઝડપી લઈને આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ હેરાફેરીના ગુનાહિત કાવતરાને એજન્સીઓએ ઊંધુ વાળી દીધું હતું. પાકિસ્તાનના ગ્વાદર પોર્ટ ખાતે એક નાની બોટ મારફતે આ ઈરાની બોટમાં ડ્રગનો જથ્થો લોડ કરાયા બાદ તેને ભારતમાં તામીલનાડુ ખાતે ઉતારવાનું નક્કી થયું હતું. ગુજરાત એટીએસેને મળેલી આ માહિતીને આધારે ભારતીય કોસ્ટ ગાર્ડના દિલ્હી સ્થિત મુખ્યાલયનો સંપર્ક કરાયો હતો અને સંયુક્ત ઓપરેશન હાથ ધરીને ભારતીય ધરતી પર નોંધપાત્ર ડ્રગના જથ્થાને ઉતારવાના મનસુબાને નિષ્ફળ બનાવ્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ અમદાવાદમાં ૧૦ સપ્ટેમ્બરના રોજ એટીએસના અધિકારીને બાતમી મળી હતી કે એક નાઈજીરિયન શખસે કોઈ વ્યક્તિની મધ્યસ્થીથી ડ્રગ્સની લેવડદેવડ માટે મીટિંગ કરી છે. જે મીટિંગમાં આઝાદ નામની ઈરાની ધો (લાકડાની બોટ)માં ડ્રગ્સનુ ૫૦૦ કિલોથી વધુનું મોટું કન્સાઈન્મેન્ટ જેમાં હેરોઈન તથા મેથામ્ફેટામાઈન જેવા માદક પદાર્થો સામેલ છે તેનો જથ્થો મંગાવવામાં આવ્યો છે. આ જથ્થાની ડીલિવરી મુંબઈ-કોચીન-લક્ષદ્વીપ નજીક ભારતીય જળસીમામાં એક તામીલનાડુની બોટમાં કરવાના છે. આનું એડવાન્સ પેમેન્ટ થયું છે અને બાકીના નાણાં માલ પહોંચ્યા બાદ હવાલા મારફતે મોકલવાના હોવાનું જણાયું હતું.

આ બાબતની જાણ કોસ્ટ ગાર્ડના દિલ્હી સ્થિત મુખ્યાલાયમાં ઉચ્ચ અધિકારીઓને કરાઈ હતી. ગુજરાત એટીએસના પોલીસ અધીક્ષક કે. સિદ્ધાર્થના માર્ગદર્શન હેઠળ ગુજરાતની એજન્સીના પીએસઆઈ બે. એચ. કોરોટ અને પી.એ.આઈ. વી. એન. વાઘેલા સહિતના અધિકારીઓની એક ટીમ કોચી ખાતે રવાના કરાઈ હતી. ૧૬ સપ્ટેમ્બરથી લઈને ૨૫ સપ્ટેમ્બર સુધી ગુજરાત એટીએસ અને કોસ્ટગાર્ડના જવાનોએ દરિયામાં રહીને શંકાસ્પદ બોટની ઓળખ કરવાની કામગીરી કરી હતી. ૨૫ સપ્ટેમ્બરના રોજ બાતમી મુજબની ઈરાનની આઝાદ નામની બોટ લક્ષદ્વીપથી ૧૬૦ નોટિકલ માઈલ ઉત્તરપશ્ચિમ તરફ અને મુંબઈથી ૪૯૦ નોટિકલ માઈલ દક્ષિણપશ્ચિમ તરફ મળી આવી હતી, જેને કોસ્ટગાર્ડની શીપ મારફતે આ બોટને રોકવામાં આવી હતી અને તેમાં હોટ પર્સ્યુટ બાદ તેની અંદર સુરક્ષા જવાનોએ ટેક્ટિકલ બોંડિંગ કરીને સર્ચ કરતા પાંચ પાકિસ્તાની મૂળના શખસો મળી આવ્યા હતા. બોટમાં તેમના કબજામાં રહેલો ૫૨૬ કિલોગ્રામ હેરોઈન તથા મેથામ્ફેટામાઈનના જથ્થો મળી આવ્યો હતો. આંતરરાષ્ટ્રીય બજારમાં આ ડ્રગ્સની કિંમત રૂ.૩,૦૦૦ કરોડ થાય છે. ભારતના ગુપ્તચર એજન્સીઓની સતર્કતા અને એટીએસ તથા કોસ્ટગાર્ડની સક્રિયતાથી માદક દ્રવ્યોના દુષણને નાથવામાં મોટી સફળતા મળી છે.

ઝડપાયેલી બોટને મુંબઈ તરફ લઈ જવાઈ હતી અને તેમાં રહેલો ડ્રગ્સનો જથ્થો પણ જપ્ત કરી પાંચેય પાકિસ્તાની શખસોની વિવિધ એજન્સીઓ દ્વારા પૂછપરછ હાથ ધરવામાં આવી છે. પાકિસ્તાનીઓને મુંબઈથી અમદાવાદ લાવવાની કામગીરી એટીએસ દ્વારા હાથધરાઈ રહી છે. ગુજરાત એટીએસએ આ સમગ્ર મામલે ઝડપાયેલા પાંચેય પાકિસ્તાની ઈસમો તથા ફરાર આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી છે. આ ઉપરાંત આંતરરાષ્ટ્રીય ડ્રગ સિન્ડિકેટમાં વધુ કોણ કોણ સામેલ છે અને નાણાંની હેરફેર સહિતની તમામ વિગતો મેળવવાની કવાયત હાલ ચાલુ છે.

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

**(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૨૪૮/૨૦૨૬**

**અરજદાર : રમીલાબેન મહેચંદ ધુયેકર, ઉ.વ. આ.૬૯, ધંધો - ઘરકામ**
**રહે.** સરીગામ, ભંડારવાડ,
તા.ઉમરગામ, જી.વલસાડ,**(વ.શ્રી.બી.આર. ટંડેલ)**
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, ભાઠીકરમબેલી- હુમરણ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **રમીલાબેન મહેચંદ ધુયેકર,** રહે. સરીગામ ભંડારવાડ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના નાના **નાનાભાઈ ઉક્કડભાઈ ભંડારીનું** મરણ તા.૨૨-૧૧-૧૯૮૩ના રોજ મોજે - ભાઠીકરમબેલી-હુમરણ તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૮/૦૯/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/જન્મ-મરણ/ર.જી.નં.૨૪૮/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**




## જાહેર નોટિસ

નોટિસ દ્વારા સામાન્ય જનતાને જાણ કરવામાં આવે છે કે મારા અસીલ શ્રીમતી રીટા દિપીન જાદવ, રહે. અમરદીપ બંગલો, વૃંદાવન સોસાયટી, સિલવાસા, દાદરા અને નગર હવેલી, એ શ્રી પ્રભાતસિંહ મોહનસિંહ પરમાર અને તેમના પુત્ર શ્રી દિલીપસિંહ પ્રભાતસિંહ પરમાર (જેને હવે પછી ''ઉક્ત પક્ષકારો'' તરીકે ઓળખવામાં આવશે) પાસેથી સર્વે નં.૧૦૯૫/૦૧, ક્ષેત્રફળ ૦.૦૮૧૨ હેક્ટર, મોજે નરોલી, દાદરા અને નગર હવેલી કાતે આવેલ, નીચે અનુસૂચિમાં વર્ણવેલ બિન-ખેતીલાયક જમીન (જેને હવે પછી ''ઉક્ત મિલકત'' તરીકે ઓળખવામાં આવશે) ખરીદવાનો કરાર, તા.૩૦-૦૬-૨૦૨૩ના રોજના વેચાણ કરાર મારફતે કરેલ હતો, જે સબ-રજીસ્ટ્રાર કચેરી, સિલવાસા, દા.ન.હ. ખાતે ક્રમાંક ૩૬૧૪/૨૦૨૩ પર નોંધાયેલ છે. તેમ છતાં ઉક્ત પક્ષકારોએ મારા અસીલની તરફેણમાં વેચાણ દસ્તાવેજ કરી આપેલ નથી અને ઉક્ત મિલકતના શીર્ષકમાં રહેલ ક્ષતિઓ છુપાવેલ છે.

એફ.આઈ.આર. નં.૧૧૮/૨૦૨૫ તા.૧૩-૦૯-૨૦૨૫ના રોજ ભારતીય દંડ સંહિતાની કલમ ૪૦૬, ૩૪ હેઠળ સિલવાસા પોલીસ સ્ટેશન ખાતે ઉક્ત પક્ષકારો વિરુદ્ધ નોંધવામાં આવેલ છે અને ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે. ઉક્ત મામલો હાલમાં આર.સી.સી. નં ૨૦૨/૨૦૨૬ તરીકે માનનીય સિવિલ જજ (જે.ડી.) અને જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ, ફર્સ્ટ ક્લાસ, સિલવાસાની કોર્ટ સમક્ષ પડતર છે.

ખાસ નોંધ લેવા વિનંતી કે ઉક્ત પક્ષકારો, ઉપરોક્ત ફોજદારી કેસ પડતર હોવા છતાં, ઉક્ત મિલકતનું વેચાણ, હસ્તાંતરણ અથવા અન્ય રીતે વ્યવહાર કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. સામાન્ય જનતાને આથી સાવચેત કરવામાં આવે છે કે ઉક્ત પક્ષકારો અથવા તેમના મારફતે દાવો કરનાર કોઈપણ વ્યક્તિ સાથે, ઉક્ત મિલકતની ખરીદી, હસ્તાંતરણ અથવા અન્ય કોઈ વ્યવહાર ન કરવો. જે કોઈ આમ કરશે તે પોતાના જોખમે કરશે, અને આવો વ્યવહાર મારા અસીલ પર બંધનકર્તા રહેશે નહીં, જેના હક્કો અને દાવાઓ આથી અનામત રાખવામાં આવે છે.

**ઉપરોક્ત ઉલ્લેખિત મિલકતની અનુસૂચિ**

ઉપરોક્ત તમામ મોજે નરોલી, દાદરા અને નગર હવેલી ખાતે આવેલ, સર્વે નં.૧૦૯૫/૦૧, ક્ષેત્રફળ ૦-૦૮-૧૨ (હેક્ટર-આરે-ચો.મી.) ધરાવતી બિન-ખેતીલાયક જમીન, જે નીચે મુજબ વધુ વિગતવાર વર્ણવેલ છે.

| ક્રમ નં. | ગામ | સર્વે નં. | ક્ષેત્રફળ (હેક્ટર - આરે-ચો.મી.) | માલિકનું નામ |
|---|---|---|---|---|
| ૧ | નરોલી | ૧૦૯૫/૦૧ | ૦-૦૮-૧૨ | પ્રભાતસિંહ મોહનસિંહ પરમાર |

**Date : 01-10-2026**
**Place : Silvassa**

Sd/-
**MEGHA P. PARMAR**
**Advocate for Smt. Rita Dipin Jadav**
Office At: 1st Floor, Pioneer Hotel Tokarkhada, Silvassa
UT OF DNH & DD396230
Mo.No. : +91-7201040273 : Email : advocatemeghaparmar@gmail.com






# વાપી મહાનગર વિશેષ

સમસ્યા - સમાધાન, વેપાર-ધંધો, સમાજ, સંસ્થા, શિક્ષણ, સિદ્ધિ, સંસ્કૃતિ

● સલવાવ ● બલીઠા ● છરવાડા ● છીરી ●મોરાઈ ●કુંતા ● વટાર ● નામધા ● ચંડોર, ● કરવડ ● ચણોદ

### ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડની સુચના અને પહેલ સાથે

# વાપીની અનેક કંપનીઓના કર્મચારીઓ સ્વચ્છતા અભિયાનમાં જોડાયા

**વાપી જીપીસીબીની કચેરી વિસ્તારમાં આવતાં વાપી, મોરાઈ, ચલા તેમજ પારડી, વલસાડ, ગુંદલાવ તેમજ સાપુતારા અને અન્ય વિસ્તારોમાં પણ જીપીસીબીના ડે. એન્જિનિયરોની ટીમ સફાઈ અભિયાન કામગીરી કરાવી રહી છે**







(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૩૦ :** વાપીમાં સ્વચ્છતા અભિયાનને વેગ આપવા માટે છેલ્લા બે દિવસથી ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ અને વાપી જીઆઈડીસીમાં આવેલી જાણીતી કંપનીઓ દ્વારા સંયુક્ત રીતે સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ કંપનીઓના મુખ્ય અધિકારીઓ તેમજ કર્મચારીઓ દ્વારા 'સેવા, મેરા યોગદાન' અંતર્ગત સવારે ૯:૩૦ કલાકથી શરૂ કરી અને બપોરે ૧ કલાક સુધી કરવામાં આવી હતી. આ કામગીરીમાં કંપનીઓના કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને જીઆઈડીસી જેટાઈપ તેમજ મુકિતધામથી યુપીએલ કંપની સુધી અને એપીએમસી માર્કેટ સુધીનો માર્ગ ચોખ્ખો કરાયો હતો. તેવી જ રીતે આજે સતત બીજા દિવસે જીઆઈડીસી ચાર રસ્તાથી પેપીલોન હોટલ ગુંજન સુધી અને પેપીલોન હોટલથી બલીઠા બ્રિજ સુધીનો નેશનલ હાઈવેની બંને બાજુએ સફાઈ અભિયાન હાથ ધરાયું હતું. અભિયાન અંર્તત નેશનલ હાઈવે-૪૮ પર યુપીએલ કંપની નેશનલ હાઈવે ઓવરબ્રિજ ચાર રસ્તાથી જીઆઈડીસી ચાર રસ્તા સુધીના વિસ્તારમાં કંપનીઓ દ્વારા સફાઈ કરવામાં આવી હતી. જ્યારે દમણગંગા નદીના મુક્તિધામથી યુપીએલ કંપની હાઈવે ઓવરબ્રિજ ચાર રસ્તા થઈ એપીએમસી માર્કેટ સુધીના હાઈવે સર્વિસ રોડની સફાઈમાં ૧૮ જેટલી કંપનીઓ જોડાઈ હતી અને કંપનીની બહાર તેમજ રસ્તાની આજુબાજુમાં રહેલા કચરાને સાફ કરી મોટી માત્રામાં આ ધન કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો. તેવી જ રીતે આજે વાપી જીઆઈડીસી ચાર રસ્તાથી બલીઠા બ્રિજ સુધીના નેશનલ હાઈવે નં. ૪૮ના બંને તરફનો માર્ગ પરથી સફાઈ અભિયાન હાથ ધરાયુ હતું. જેમાં મોટી માત્રામાં કચરો ઉપાડી લેવાયો હતો અને હાઈવેની આજુબાજુમાં આવેલા રહેણાંક વિસ્તાર તેમજ શોપીંગ સેન્ટરના દુકાનદારોને સ્વચ્છતા રાખવા માટેની જાણકારી આપી હતી. તેમજ પ્લાસ્ટીક ભીનો અને સુકો કચરો પણ અલગથી રાખી કચરો ઉપાડનાર આવનારી ગાડીને આપવા જણાવ્યું હતું. આ અંગે સ્થાનિક લોકો તેમજ દુકાનદારોએ પણ સરકારની આ કામગીરીમાં સહયોગ આપવાની બાહેધરી આપી હતી. સફાઈ અભિયાન દરમિયાન ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના મુખ્ય અધિકારી એ.જી. પટેલ, ડેપ્યુટી મુખ્ય અધિકારી ઈન્દ્રવદન પટેલ સહિત જુનિયર અધિકારીઓ અને સ્ટાફના કર્મચારીઓ પણ ઉપસ્થિત રહી સફાઈ કામગીરીમાં જોડાયા હતાં.

સંયુક્ત સફાઈ અભિયાન થકી ઔદ્યોગિક વિસ્તાર તેમજ હાઈવે આસપાસનો વિસ્તાર સ્વચ્છ રાખવા અને સ્વચ્છતા અંગે જાગૃતિ ફેલાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.



વાપી મહાનગરપાલિકાના ચલા ખાતે આવેલા અટલ ઉદ્યાનમાં સોલર પાવર ટ્રીના ચાર જેટલા વૃક્ષો લગાવવામાં આવ્યા છે. જેનાથી વિજળી ઉત્પન થઈ રહી છે. આ ગાર્ડન રીનોવેશન બાદ ખુલ્લુ મુકાશે ત્યારે સોલાર પાવર ટ્રી પર્યટકો માટે આકર્ષણનું કેન્દ્ર બનશે. જો કે આ સોલાર પાવર ટ્રી લગભગ પાંચેક વર્ષ પહેલાં બનાવાયા હતાં. જે હવે ફરીથી આ ગાર્ડન સક્રિય થતાં લોકોમાં ચર્ચાનો વિષય બની છે. આ સૌર પ્રોજેકટ શહેરી વિકાસને આત્મનિર્ભર બનાવવા માટેનો એક પ્રયોગરૂપે શરુ કર્યો હતો.

(તસવીર : મનોજ ભંડારી, વાપી)

### સોના-ચાંદીના ભાવમાં સતત વધારા વચ્ચે

# વાપીમાં જૂના દાગીના આપીને નવા બનાવવાનો ટ્રેન્ડ વધ્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૩૦ :** વાપીમાં સોના અને ચાંદીના ભાવમાં સતત વધારો જોવા મળી રહ્યો છે, જેના પગલે હવે લોકો નવા દાગીના ખરીદવાને બદલે પોતાના જૂના દાગીના જ્વેલર્સને આપી તેમાંથી નવા દાગીના બનાવડાવવાનું વધુ પસંદ કરી રહ્યા છે.

સોનાના ભાવમાં સતત વધારો થતાં જૂના દાગીનાની માંગ પણ વધી છે. ગ્રાહકો જૂનું સોનું જ્વેલર્સને આપીને તેની કિંમતનું એડજસ્ટમેન્ટ કરાવી નવા દાગીના તૈયાર કરાવી રહ્યા છે. આ કારણે વાપીના મુખ્ય બજાર તેમજ આસપાસના વિસ્તારોમાં સોનું પીગાળવાનું કામ કરતા બહાર ગામના તેમજ ખાસ કરીને બંગાળી કારીગરો લોકોની પ્રવૃત્તિમાં પણ વધારો થયો હોવાનું જાણવા મળે છે.

દરમિયાન, બહારગામથી આવેલા કેટલાક લોકો દ્વારા સ્થાનિક વિસ્તારોમાં સોનું પીગાળવાની ભઠ્ઠીઓ ચલાવવામાં આવતી હોવાની ચર્ચા વચ્ચે સ્થાનિક સ્તરે આ વ્યવસાય સાથે સંકળાયેલા લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આવી ભઠ્ઠીઓ કાયદેસર મંજૂરી અને જરૂરી નિયમોનું પાલન કરીને ચલાવવામાં આવે છે કે નહીં તે અંગે પણ સવાલો ઉઠી રહ્યા છે.

સોનાના ભાવમાં વધારાની વચ્ચે જૂના દાગીના બદલાવી નવા દાગીના બનાવવાની પ્રક્રિયા વધતા વાપીના જ્વેલર્સ માર્કેટમાં પણ તેની અસર જોવા મળી રહી છે.

### દર વર્ષે વલસાડ જિલ્લામાંથી કરોડો રૂપિયાનો દારૂ પકડાય છે અને એનાથી વધુ પીવાય અને ચોરી છૂપે વેચાય ત્યારે

# સંઘ પ્રદેશ પ્રશાસનની ઈચ્છાશક્તિ વિના દ.ગુ.માં દારૂ બંધીનો અમલ અશક્ય

**વાપીના વાવડ - મુકુન્દ સોની**

દક્ષિણ ગુજરાતમાં દારૂ ઘુસાડવાનું મુખ્ય પ્રવેશદ્વાર સંઘ પ્રદેશ દમણ-દીવ અને દાદરા નગર હવેલી છે. અહીં દારૂની છૂટ હોવા સાથે દારૂ ઉત્પાદન કરતી અનેક મોટી ડિસ્ટલરીઓ આવેલી છે. ઉપરાત અન્ય પ્રાંતોમાંથી ઉત્પાદિત દારૂનો મોટો જથ્થો વેચાણ માટે આવે છે. છતાં જેટલો દારૂ સંઘ પ્રદેશમાં નથી વેચતો અને પીવાતો તેનાથી અનેક ઘણો દારૂ બંધી ધરાવતા ગુજરાતમાં અને ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં ચોરી છૂપે ઘૂસેડાય અને પીવાય પણ છે. દર વર્ષે વલસાડ જિલ્લા પોલીસ દ્વારા કરોડો રૂપિયાનો દારૂ ઝડપી પાડવામાં આવે છે. હજારો ખેપિયાઓ, બૂટલેગરો સામે કેસ દાખલ કરવામાં આવે છે, સેંકડો વાહનો જપ્ત કરવામાં આવે છે. છતાં દક્ષિણ ગુજરાતમાં દારૂની નદી બંધ થતી નથી. હાલ દમણને અડીને આવેલા વાપી, ઉદવાડા, ભીલાડ અને દાનહને અડીને આવેલી બોર્ડર ઉપર સંઘ પ્રદેશ પ્રશાસન દ્વારા કરોડોના ખર્ચે આધુનિક ચેકપોસ્ટ તૈયાર કરવામાં આવી રહી છે, જેથી પરમિટ વિનાનો દારૂનો જથ્થો ગુજરાતની હદમાં ન ઘૂસે. જોકે અગાઉ પણ ચેકપોસ્ટ હતી જ, તેમ છતાં બૂટલેગરો અને ખેપિયાઓ પાસે એટલા કિમિયા છે કે ગમે તે રીતે દારૂ ગુજરાતમાં ઘુસાડવામાં સફળ થાય છે.

છેલ્લા કેટલાય દશકથી દક્ષિણ ગુજરાતની સંસ્કૃતિ અને રહેણીકરણી સાથે સંઘ પ્રદેશના લોકો જોડાયેલા છે, એટલો જ નાતો દારૂ સાથે પણ જોડાયેલો છે.

અગાઉ ગુજરાતના ગૃહ વિભાગે નશાબંધી વિભાગ બનાવી દરેક ચેકપોસ્ટ પર માણસો ગોઠવ્યા હતા, પરંતુ સફળતા ન મળતા આખરે વિભાગ જ બંધ કરવો પડ્યો હતો. દારૂની ખેપ રોકવા ચેકપોસ્ટ વિસ્તારના પોલીસ સ્ટેશનનો સ્ટાફ રોકવો પડે છે. વલસાડ જિલ્લાના વાપી ટાઉન, પારડી, ભીલાડ, ડુંગરા સહિતના મોટાભાગના પોલીસ મથકોમાં ૯૦ ટકા કેસ પ્રોહિબિશનના હોય છે. એટલે પોલીસનો મુખ્ય પાવર દારૂના કેસોમાં જ વપરાય છે, જેને લીધે અન્ય ગુનાઓ પર પૂરતું ધ્યાન આપી શકાતું નથી. ધારોકે કોઈ પોલીસ મથકમાં ૮૦ માણસોનો સ્ટાફ છે તો તેમાંથી ૧૦ ટકાથી વધુને ચેકપોસ્ટ પર રાખવા પડે છે. બાકીનામાંથી કેટલાક દારૂ પીધેલાઓને મેડિકલ માટે, કોર્ટ કેસમાં, ક્લેરીકલ કામમાં, કસ્ટડીની દેખરેખ અને ટ્રાફિકમાં વહેંચાઈ જાય છે.

ખરેખર દક્ષિણ ગુજરાતમાં દારૂબંધી કોઈ રોકી શકે તો તે સંઘ પ્રદેશ પ્રશાસન છે કે જેની પાસે વિશાળ વહીવટી તંત્ર, પોલીસ સ્ટાફ અને એક્સાઈઝ વિભાગ છે કે જે કઈ ડિસ્ટિલરીમાંથી કેટલું ઉત્પાદન થયું, ક્યાં મોકલવાની પરમિટ છે, તેના પર બાજ નજર રાખવાની અને એક પણ બોટલ પરમિટ વિના પડોશી રાજ્યમાં ન જાય તે જોવાની જવાબદારી છે. સંઘ પ્રદેશ પ્રશાસનની ઈચ્છા શક્તિ વિના દક્ષિણ ગુજરાતમાં દારૂબંધી મુદ્દે કાગારોળ નિરર્થક છે, જે વાત રાજ્યનું ગૃહ વિભાગ પણ સારી રીતે જાણે છે.

## દારૂબંધીના અમલમાં પોલીસ કર્મીઓ, નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા છે

દારૂબંધીના અમલ માટે વલસાડ જિલ્લા પોલીસના અનેક પોલીસ કર્મીઓ, અધિકારીઓ અને નિર્દોષ લોકોએ ભૂતકાળમાં પોતાના જીવ ગુમાવ્યા છે અને સમયાંતે ગુમાવી રહ્યાં છે. બાતમીના આધારે રાત્રે કે દિવસે દારૂ ભરેલા વાહનોનો પીછો કરતી વેળા ખેપિયાઓ દ્વારા પોલીસના વાહનને ટક્કર મારી દેવાની ઘટનાઓ નવી નથી. આવા પીછામાં નિર્દોષ વાહનચાલકો કે રાહદારીઓ અડફેટે આવતા તેમના મોતના પણ અનેક બનાવો બન્યા છે.

ભૂતકાળમાં વાપી ટાઉન પીઆઈ જે.એમ. પટેલ પણ આનો ભોગ બન્યા હતા. હાઈવે ઉપર બુટલેગરે તેમની જીપને ઉડાવતા પગમાં ફ્રેક્ચર થતા તેમને કેટલાક મહિના સુધી ખાટલામાં રહેવું પડ્યું હતું.

મૂળે ગુજરાત પોલીસ દ્વારા દારૂબંધીના અમલ પાછળ જેટલો સમય અને મેનપાવર બગાડવામાં આવે છે, તેટલો સમય અન્ય ગંભીર ગુનાઓ ઉકેલવા પાછળ વપરાય તો કેસોનું ભારણ પણ ઓછું થઈ શકે તેમ છે. કારણ કે જિલ્લા દરેક પોલીસ સ્ટેશનનો સ્ટાફ ઉપરાંત લોકલ ક્રાઈમ બ્રાંચ, સ્પેશ્યલ ઓપરેશન ગૃપ સહિતના વિભાગનો પણ ખેપીયાઓ, બુટલેગરોને પકડવામાં ઘણો મોટો સમય તેમની પાછળ બગાડતા આવેલા છે.

# વાપીમાં ચોમાસું પૂર્ણ થાય તે પહેલાં જ લીંબુના ભાવમાં ઉછાળો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૩૦ :** વાપીના શાકભાજી બજારમાં સામાન્ય રીતે ઉનાળાની સિઝનમાં લીંબુના ભાવમાં વધારો જોવા મળતો હોય છે, પરંતુ આ વર્ષે ચોમાસાની સિઝન પૂર્ણ થાય તે પહેલાં જ લીંબુના ભાવમાં નોંધપાત્ર વધારો થતાં ગ્રાહકોના બજેટ પર તેની અસર જોવા મળી રહી છે.

લીંબુના ભાવ વધતા તેનો સીધો અસર લીંબુ-મરચાંના ભાવ પર પણ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને દર શનિવારે અને મંગળવારે હનુમાનજીના મંદિરે લીંબુ-મરચાં ધરાવતા શ્રદ્ધાળુઓ તેમજ દુકાનો અને વાહનો પર લીંબુ-મરચાં લગાવનારાઓ માટે પણ હવે આ સામગ્રી મોંઘી પડી રહી છે. શાકભાજી બજારમાં લીંબુની આવક અને તેની માંગના આધારે ભાવમાં વધઘટ થતી હોય છે. જોકે, આ વર્ષે ઉનાળો શરૂ થાય તે પહેલાં જ લીંબુના ભાવમાં વધારો થતાં ગ્રાહકોમાં આશ્ચર્ય જોવા મળી રહ્યું છે.

# રાતાની ખાડીમાં શ્રીજી વિસર્જન બાદ સફાઈ અભિયાન યોજાયું




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૩૦ :** વાપી ખાતે ગણપતિ બાપ્પાના વિસર્જન બાદ જાયન્ટ્સ ગ્રુપ ઓફ વાપી દ્વારા તા.૨૯/૦૯/૨૦૨૬ના રોજ રાતા ખાડી ખાતે સ્વચ્છતા અને પર્યાવરણ જાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સ્વચ્છતા અભિયાનમાં જાયન્ટ્સ ગ્રુપ ઓફ વાપીના પ્રમુખ જીટ. રિતેશ રાવલ, ડી.એ. જીટ. ખ્યાતિ રાવલ, પૂર્વ પ્રમુખ જીટ. અનિતા બેન મહેતા તેમજ ગ્રુપની ટીમના સભ્યોએ ઉત્સાહપૂર્વક જોડાઈને રાતા ખાડી વિસ્તારની સફાઈ કરી હતી. ગણપતિ વિસર્જન બાદ સ્થળ પર રહેલા કચરા તથા અન્ય સામગ્રીને દૂર કરી વિસ્તારને સ્વચ્છ બનાવવામાં આવ્યો હતો. સાથે સાથે સ્વચ્છતા જાળવવા અને પર્યાવરણનું રક્ષણ કરવા અંગે જાગૃતિનો સંદેશ આપવામાં આવ્યો હતો. જાયન્ટ્સ ગ્રુપ ઓફ વાપી દ્વારા સમાજસેવા અને પર્યાવરણ સંરક્ષણના હેતુથી આવા સેવાકીય પ્રોજેક્ટો સતત કરવામાં આવી રહ્યા છે. જાયન્ટ ગૃપ ઓફ વાપી દ્વારા રાતા ખાડીમાં વિસર્જન કરાયેલા ગણેશજીની પ્રતિમા અને ફુલહાર તેમજ કચરાની પણ સાફસફાઈ કરી પર્યાવરણ જાગૃતિ અભિયાનને આગળ વધાર્યુ હતું.




### પિતૃ પક્ષ દરમિયાન ટકાઉ સેવા પ્રોજેક્ટ 'શ્રદ્ધાથી શ્રદ્ધા સુધી' હેઠળ

# વાપી મહિલા ક્લબે વૃદ્ધાશ્રમમાં ૧૨૫ વડીલો સાથે સમય વિતાવ્યો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૩૦ :** પિતૃ પક્ષના પ્રસંગે, વાપી મહિલા ક્લબના ટકાઉ સેવા પ્રોજેક્ટ, શ્રદ્ધાથી શ્રદ્ધા સુધી હેઠળ, ક્લબના પ્રમુખ સુમનલતા અગ્રવાલે વૃદ્ધાશ્રમમાં સ્વયંસેવક બનવાનું નક્કી કર્યું. પાંત્રીસ ક્લબ સભ્યોએ વલસાડના ભાગોદ, ગુજરાતના અટાર ખાતે માનવ સેવા ટ્રસ્ટ વૃદ્ધાશ્રમની મુલાકાત લીધી, જ્યાં તેમણે આશરે ૧૨૫ વરિષ્ઠ નાગરિકો સાથે આત્મીય સમય વિતાવ્યો. આ પ્રસંગે, શ્યામ શકુંતલમ ઈવેન્ટ્સ વતી બ્લુ બર્ડ મેલોડી ટીમે મધુર જૂના ગીતો અને કરાઓકેની એક અદ્ભુત સંગીતમય સાંજ રજૂ કરી. વૃદ્ધોએ ગીતો પર ગુંજી ઉઠીને અને નૃત્ય કરીને કાર્યક્રમનો આનંદ માણ્યો. ક્લબે વૃદ્ધોને ચા, સમોસા, ખોરાક અને આઈસ્ક્રીમ સાથે જરૂરી વસ્તુઓ પૂરી પાડી.

આ કાર્યક્રમમાં ક્લબના સ્થાપક સભ્યો રાજુ બાફના, કિરણ સાંખલા, આશા અગ્રવાલ, મંજુ બેરિયા, ઉષા જલુકા, કવિતા રામુકા અને લલિતા ગર્ગ સહિત અન્ય સભ્યો હાજર રહ્યા હતા. બધાએ વૃદ્ધો સાથે સમય વિતાવ્યો અને તેમને પોતાનું અને આદરની લાગણી કરાવી. કાર્યક્રમના અંતે, મીનુ શ્રીવાસ્તવે આભાર માન્યો અને વૃદ્ધાશ્રમ મેનેજમેન્ટ, સંગીત ટીમ અને તમામ સભ્યોનો આભાર માન્યો હતો.

પ્રમુખ સુમનલતા અગ્રવાલે કહ્યું, અમે વૃદ્ધોના ચહેરા પર સ્મિત લાવવા ગયા હતા, પરંતુ તેમની ખુશી જોઈને અમને લાગ્યું કે અમને સૌથી મોટી ખુશી મળી છે. તેમની સાથે સમય વિતાવવો અને તેમને પોતાનું હોવાની ભાવના આપવી એ સાચી ભક્તિ છે.

# ચલા સ્પોર્ટસ કોમ્પલેક્ષના સ્વિમીંગ પુલમાં યુવતીનું ડુબી જતાં મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૩૦ :** વાપી, તા. ૩૦ : વાપી મહાનગરપાલિકાના ચલા ખાતે આવેલા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સના સ્વિમિંગ પૂલમાં બુધવારે સાંજે સાત કલાકે એક ૧૮ વર્ષીય યુવતી ડૂબી જતાં તેનું મોત નીપજ્યું હતું. ઘટનાને પગલે સમગ્ર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ પરિસરમાં દોડધામ મચી જવા પામી હતી. આધારભૂત સૂત્રોના જણાવ્યા મુજબ, દમણ વિસ્તારની ૧૮ વર્ષીય યુવતી એનસીસી ગ્રુપ સાથે સ્વિમિંગ શીખવા માટે વાપી મહાનગરપાલિકાના ચલાલા ખાતે આવેલા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ના સ્વિમિંગ પૂલમાં સ્વિમિંગ શીખવા માટે આવતી હતી આજે સાંજના આશરે ૭ વાગ્યાના અરસામાં યુવતી અચાનક સ્વિમિંગ પૂલના પાણીમાં ડૂબી ગઈ હતી. ઘટનાની જાણ થતાં તેની સાથે સ્વિમિંગ શીખવા આવેલી યુવતીઓ અને સાથીઓએ તાત્કાલિક તેને પાણીમાંથી બહાર કાઢી હતી અને પ્રાથમિક રીતે શરીરમાં ભરાયેલું પાણી બહાર કાઢવાના પ્રયાસો કર્યા હતા.ત્યારબાદ યુવતીને તાત્કાલિક નજીકની સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી હતી. જોકે, ફરજ પરના તબીબે તપાસ બાદ તેને મૃત જાહેર કરી હતી. ઘટનાની જાણ થતાં વાપી મહાનગરપાલિકાના એસ્ટેટ વિભાગના અધિકારીઓ પણ તાત્કાલિક સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે દોડી આવ્યા હતા. અધિકારીઓ દ્વારા સ્વિમિંગ પૂલના સીસીટીવી કેમેરાના ફૂટેજ મેળવવાની સાથે ઘટનાસમયે હાજર કોચ તેમજ અન્ય યુવતીઓની પૂછપરછ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. યુવતી કયા સંજોગોમાં સ્વિમિંગ પૂલમાં ડૂબી અને ઘટનાસમયે સ્વિમિંગ પૂલ ખાતે સુરક્ષા તથા દેખરેખની શું વ્યવસ્થા હતી તે સહિતના મુદ્દે તપાસ કરવામાં આવી રહી છે.

**દમણગંગા ટાઈમ્સ**

**દમણગંગા ટાઈમ્સનું ઈ-પેપર વાંચવા અને ડાઉનલોડ કરવા માટે વેબસાઈટની મુલાકાત લો**

**www.damangangatimes.com**

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani, Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**